# પ્રકરણ – ૪

# પ્રકરણ - ૪
# ઉત્તર ગુજરાતની લોક પરંપરાઓ

કોઈપણ સંસ્કૃતિ, રાષ્ટ્ર કે સમાજનું લોકસાહિત્ય, લોકગીત, લોકસંગીત, લોકકથા, લોકનાટક તેમજ લોક આચારનું નિર્માણ કોઈ એક વ્યક્તિ કે કોઈ જાતિના સંવેદનોમાંથી આકસ્મિક રીતે થતું નથી. પરંતુ તે પ્રજાસમસ્તની પરંપરાઓના પરિપાકરૂપે તૈયાર થઈને જનસામાન્યની જીવનશૈલીમાંથી ક્રમશઃ ઉત્ક્રાંતિ પામે છે. આ પરંપરાઓ પર સમાજના કોઈ એક વર્ગનો પ્રભાવ વિશેષ હોય તો કોઈક વર્ગનો ઓછો. આમ, ઉત્તર ગુજરાતની લોકપરંપરાઓમાં અભ્યાસ કરવો હોય તો સમાજનાં વિભિન્ન વર્ગોનો પણ અભ્યાસ કરવો જરૂરી બને છે.

### ૪.૧ લોકનાટ્ય-ભવાઈમાં સંગીતનું તત્ત્વ :

ભવાઈ ભજવાય એ શક્તિનું મથક ગણવામાં આવે છે. ત્યાં ચાચર ચોકમાં રામદેવે ના વેશમાં આવીને બોલે છે.

**''ચાચર ત્યાં જાતર ભલી, જ્યોત તણી ઝગમગ;**
**અસાઈત તેમ ઓચરે હવે રામદે રમતો કરો.**
**સકળ સભા બેઠી ભલી સૌ શક્ત-રો દાસ;**
**ભાવે ભવાઈ સાંભળે એની અંબા પૂરે આશ.''[૧]**

ભવાઈ ભજવનારનું ટોળું હોય છે. એમાં નટોની સંખ્યા એકવીસની તો ખરી જ. આમાં પાંચ 'માતા-સ્ત્રી પાત્રના ભજવનાર કાંચળિયા, પાંચ તાતા-પુરુષ પાત્રના ભજવનાર, પાંચ ગાતાં-વાદ્યવૃંદ, વાદકવર્ગ અને પાંચ 'સમાતા' નરો હોય છે. અને વધારામાં એમનો એક નેતા નાયક-એ એકવીસમો કલાકાર હોય છે.'

ભવાઈના સંગીતના વાદ્યવૃંદમાં વાદ્યો નીચે પ્રમાણે હોય છે.

**''પળવાજી ઊભો પ્રેમ-સુ, રવાજી મનમોડ;**
**તાલધર ટોળે મળ્યા ભૂંગળિયા બે જોડ.''[૨]**

---

૧. રૂબરૂ મુલાકાત : ત્રિવેદી, શ્રી નિમેશ - અમદાવાદ.

૨. રૂબરૂ મુલાકાત : ત્રિવેદી, શ્રી નિમેશ - અમદાવાદ.

પખાવજ એ તાલ આપવાનું વાદ્ય અને એનો બજવૈયો તે પખાવજી, ભવાઈમાં નર્તન, વાદન અને અભિનયને મહત્ત્વ હોય છે. એમાંનાં નર્તનનાં પગલાં પખાવજના બોલ ઉપર પડે. રવાજ એ સારંગી જેવું તંતુવાદ્ય હતું. આજે એનું સ્થાન હાર્મોનિયમે લીધું છે. તાલઘરમાં મંજીરાં (કાંસીજોડ) વગાડનારનો સમાવેશ થાય. ભૂંગળની બે જોડ હોય ; એકમાંથી માદા (ફિમેલ)નો સૂર અને બીજીમાંથી નર (મેલ) નો સૂર સાંભળવા મળે, ભૂંગળ વિના ભવાઈ ન થાય એમ કહેવાય છે.

ભવાઈમાં ગવાતાં ગીતો, ચબોલા, રેખતા વગેરેનું સંગીત કર્ણપ્રિય છે. ભવાઈમાં દેશી ઢાળોનો છૂટથી ઉપયોગ જોવા મળે છે. દેશી રાગોમાં માઢ, આશાવરી, પરજ, સોહની, પ્રભાત, બિલાવલ વગેરે આવે છે. ભવાઈના સંગીતમાં સાખી, દુહા, છંદ પણ જોવા મળે છે. ભવાઈમાં 'ગાવાણું', અને 'આવણું' મહત્ત્વના છે. દરેક પાત્ર પોતે ગાતું અને નાચતું આવે. ગાનાર 'આવણું' ગાય એમાં જે-તે પાત્રને બોલાવવામાં આવે. પગે ઘૂઘરા એ તો ભવાઈમાં ખાસ જોઈએ જ. દરેક પાત્રના પગલાં પણ જોવા જેવાં હોય છે. ભવાઈની ખાસ કલા જ આ પગલાંના ઠેકા અને નર્તનમાં સમાયેલી છે. પગલાંની ચાલ સાત જાતની જોવા મળે છે : સીધી ચાલ, દોઢની આંટીની ચાલ, છ છ છૂમની ચાલ, ગોળ ચક્કરની ચાલ, આડથી દોઢની ચાલ, ખરેરિયો અને ચોથ ચક્કરિયો ગણપતિના વેશમાં પણ આ ચાલ તો ખરી જ. ગણપતિ મૂક અભિનય દાખવે છે, પણ ત્યારે તેમના મનોભાવ પ્રગટ કરવામાં તેમનાં સીધાં પગલાંની ચાલ જોવા જેવી બની રહે છે.[૩]

ભવાઈની ભાષા, પંડિતોની દૃષ્ટિએ મારુ-ગુર્જર જેવી છે, પણ એના સંવાદો રોજબરોજની ભાષામાં તત્કાળ ઊભા કરી દેવાયા હોય છે. ઉર્દૂ, ફારસી વગેરેની અસર ગુજરાતી ભાષામાં જોવા મળે છે તે અસર ભવાઈ વેશની ભાષામાં પણ છે. ગણપતિ સાથે બ્રાહ્મણનું પાત્ર આવે. એમાં બોલવામાં થતી તોડ-મરડ જોવા મળે. તેમજ વિરુદ્ધાર્થી બોલ જોનારને હસાવે. વેશગોર એ મહત્ત્વનું પાત્ર એક અર્થમાં સૂત્રધાર પાત્ર છે.

ભવાઈ-વેશો ત્રણ પ્રકારના છે : ધાર્મિક, ઐતિહાસિક અને સામાજિક. એમાં કેટલાક રાત્રે ભજવાતા તો કેટલાક દિવસે ભજવાતા. રાત્રે ભજવાતા વેશોમાં ગણપતિ, જૂઠણ, પુરબિયો,

---

૩. ભવાઈ સંગ્રહ-કર્તા : રૂપરામ, મહીપતરામ. સંપાદક : ભોજક, દિનકર. પ્રકાશક - ગુજરાત સાહિત્ય અકાદમી, ઈ.સ. ૨૦૦૩, પા.નં. ૪૪

છેલબટાઉ, કહાન-ગોપી, પતાઈ રાવળ, લાલજી મણિયાર, ઝંડા ઝૂલણ, શિવ-પાર્વતી, વામન-મઢી, જસમા, બાવા-બાવણ, કંસારો, પઠાણ-બામણી, લાલવાદી-ફૂલવાદી, અડબંગ વગેરે મુખ્ય છે. દિવસે ભજવાતા વેશોમાં કજોડું, દેધમ પદમણી, વિકો સિસોદિયો, સરાણિયો વગેરે મુખ્ય છે. આ વેશો દ્વારા સમાજના વહેમો, દંભ, ધર્મના કર્મકાંડ, જડ રૂઢિઓ વગેરે પર પ્રહાર કરી અસાઈતે તેમના જમાનાના સમાજને સુધારણા તરફ વાળવા પ્રયત્ન કર્યા દેખાય છે.

ભવાઈ-વેશોનો લાભ લઈ આપણી રંગભૂમિએ એવી પ્રતિકૃતિઓ રચી છે. રસિકલાલ છો. પરીખનું 'મેનાગુર્જરી' અને ચંદ્રવદન ચી. મહેતાનું 'હોહોલિકા' જાણીતા છે. જયંતિ પટેલનો 'રંગલો' અને બકુલ ત્રિપાઠીનું 'લીલા' નાટ્ય લોકપ્રિય બન્યા છે. ચિનુ મોદીએ 'જસમા' આપ્યું છે તો કેતન મહેનતાએ ચલચિત્ર 'ભવની ભવાઈ'માં એનો પૂરો લાભ લીધો છે.

ડૉ. મહેશ ચંપકલાલના મતે 'ભવાઈ ભક્તિ રસ કરતાં સાંપ્રત સમસ્યાઓ સાથે સવિશેષપણે સંકળાયેલી હોઈ પ્રેક્ષકોને સમાજમાં પ્રવર્તતી વિભિન્ન સમસ્યાઓ પરત્વે સભાન કરવાનો, મૂળભૂત આશય રહેલો હોવાને લીધે એલિયેનેશનનાં તત્ત્વો સ્વાભાવિક પણે પ્રવેશેલાં જોવા મળે છે.'[૪]

'માણભટ્ટ', 'કથાભાટ', 'ભવૈયાં' એ બધા પોતપોતાનું કામ કરવામાં આજીવિકા રળતા હતા; એટલું જ નહિ, પણ જે જનસમુદાયનું એવું બંધારણ થઈ પડ્યું હતું કે એ બધા પોતાના કાળનો ઈતિહાસ સાચવી રાખતા હતા, અને દંતકથાઓ સ્થાને-સ્થાને પ્રસારતા હતા. તેઓની વર્ષના અમુક ભાગમાં જવું તેમ આવવું, તેઓના ધર્મ બજાવવાની અમુક અમુક ક્રિયાઓ અને સામગ્રી સંપ્રદાય તથા આચાર વિચારની એ વખતની એમની લોકકલ્યાણની તમન્નાની ઓળખાણ કરાવે છે. દષ્ટાંત તરીકે 'છલબટાઉ' ના વેશમાં આરંભથી જ તપાસીએ તો સ્પષ્ટ જણાઈ આવશે કે બાદશાહી અમલમાં શી રીતનો અન્યાય અને ક્રૂરતા અમલી હતાં. લોકોને ધનનું રક્ષણ તો કષ્ટપ્રાય હતું, પણ સ્ત્રીરૂપી ધનનું પણ કષ્ટ-મહાકષ્ટ વડે જ રક્ષણ કરી શકાતું. ''મેલણી'', ''લાલ સાંતેલ આવે, બાદશાહ કી ખબર લાવે'' એ પડદો પ્રથમ સ્થળમાં ઊઘડતો હોય અને

૪. રૂપરામ, મહીપતરામ. સંપાદક : ભોજક, દિનકર. ભવાઈ સંગ્રહ-કર્તા : પ્રકાશક - ગુજરાત સાહિત્ય અકાદમી, ઈ.સ. ૨૦૦૩, પા.નં. ૪૫.

નાટ્યારંભ-સમય હોય તેને મળતું લાગે છે. પાત્રો આવતાં વેંત જ સમજાઈ જાય છે કે હવે આ બે પાત્રો પોતાનું કર્તવ્ય કરી જવાના છે. અલબત્ત, ભવૈયા લોકોનો ધંધો કાંઈ પડદા-બડદા બાંધી રમત કરવાનો કે નાટક રૂપે કોઈ આખ્યાન, કથા વગેરે ભજવી બતાવવાનો નહોતો. ભવૈયા, ભાંડ, કથા-ભટ, માણભટ્ટ, પારાયણ ભટ્ટ એ બધાનો ધંધો ભટકતે-ભટકતે ખેલ ભજવવાનો અને દેશ-દેશ પર્યટન કરી બોધ સાથે આચાર તથા સંપ્રદાયનું રક્ષણ કરવાનો હતો.

માણભટ્ટ આખ્યાનનું વિષયવસ્તુ જોઈએ તો દૃષ્ટાંત આપવા યોગ્ય, નીતિના મૂર્તિમાન સ્વરૂપે ગવાતું હોય છે. જેવું કે - ઓખાહરણ, હરિશ્ચંદ્ર આખ્યાન વગેરે પારાયણમાં એવું જ હોય પણ તેમાં ધર્મનાં શિષ્ટજનમાં લખેલ તથા સંપ્રદાય સ્વીકૃત 'શાસ્ત્રીય વચનોનો ઉદ્‌ગાર' અવશ્ય જોવામાં આવે છે. ભવાઈનું વસ્તુ સામાન્ય રીતે તો માત્ર સાંસારિક ચિત્ર જ હોય છે. 'કજોડાનો વેશ' તો તરત જ એ વસ્તુ હોવું જોઈએ એવું સિદ્ધ કરે છે. વળી 'છેલબટાઉ' અને મોહના રાણીનો વેશ એમ સિદ્ધ કરે છે કે મુસલમાની રાજ્ય વખતે સિપાઈ લોકોનો ત્રાસ કેટલે દરજ્જે હતો ! 'પાંચ ચોરોનો વેશ' અમલની સાથે જે બગાડ જોડાયેલો જોવામાં આવે છે તે બગાડ પ્રકટ કરે છે. (૧) વસ્તુ, આ; (૨) ઉદ્દેશ, ઉપદેશ-ધર્મ તથા નીતિનો; (૩) પ્રદર્શનનો ઉપાય : કઢંગો હાસ્યરસ અને સાથે જોડાયેલો બિભત્સ, પડધા વગેરેને માટે એ લોકો મોટાં લૂંગડાં બાંધી દે છે કે જેની પછવાડે જે જે વેશ ભજવવો ધાર્યો હોય તે વેશને અનુકૂળ કપડાં પહેરી તેઓ બહાર આવે છે.

ભવાઈએ ભૂમિ પર થતો નાટ્ય પ્રયોગ છે - રથ્યા રંગભૂમિ છે. ભવાઈ ભૂમિ પર ભજવાય છે. એ જ ભૂમિ જેના પર પ્રેક્ષકો બેઠા છે. આમ કરીને ભવાઈ ભજવનારાઓ પ્રેક્ષકોને સન્માન આપે છે. જાણે કહેવા માગે છે કે જે કંઈ અમે ભજવીશું તે આજ ધરાતલનું છે, આ જ ધરાતલના લોકોનું છે, આ જ ધરાતલના લોકો માટે છે.

હવે આપણે ભવાઈમાં રજૂ થતા મહત્ત્વના વેશોના સંગીતની માહિતી જોઈશું. આ માહિતી માટે વિઠ્ઠલભાઈ બારોટ, સાંકરા અને નિસર્ગ ત્રિવેદી, અમદાવાદ પાસેથી રૂબરૂ મુલાકાત દરમ્યાન ભવાઈમાં રજૂ થતા મહત્ત્વના બેસો વિશે યોગ્ય માહિતી મળી.

**૪.૧.૧ ગણપતિનો વેશ :**

ભવાઈની શરૂઆતમાં ગણેત સ્તુતિનાં ગણેશિયાં અને માટુના પહોરની સાખીઓ ગવાય છે. સાખીખો ગવાયા બાદ આવણું ગવાય છે.

**'દુંદાળો દુઃખભંજણો સદાયે બાળે વેશ;**

**પરથમ પહેલો સમરીએ, ગૌરીપુત્ર ગણેશ.'[૫]**

આ રીતે ગાઈને મોં આગળ સાથિયાના ચિહ્નવાળી થાળી ગણપતિનું પાત્ર પ્રવેશે છે. ગણપતિ નાચે છે. ગણપતિ નાચી રહે કે તરત તેના બ્રાહ્મણોની મા કાલી આવે છે. શક્તિના ઉગ્રતમ સ્વરૂપ સમ કાળકા છે તેથી તે મોં ઉપર કાળું મુખપટ, કાળાં વસ્ત્રો અને હાથે-પગે કાળા મોજાં પહેરી આવી હોય છે. ભવાઈ ગામડાંમાં થતી હોઈ શક્તિ-કાલી-મહાકાલી-ભદ્રકાળી જે ગામની અધિષ્ઠાત્રી છે તેને રીઝવવા આ વેશ છે.

ગણપતિ માટે કોઈ ભાવિક ભગતને પૂજારો તેડાવાય છે. આવણું ગવાય છે.

**ચંગો મંગો ભામણિયો આવે રે મહારાજ રે**

**રંગો ચંગો ભામણિયો આવે રે મહારાજ રે.[૬]**

એક ડોસલો બ્રાહ્મણ દોડતો આવે છે. એ ભરમો છે. બ્રાહ્મણ છે. આ વેશમાં બ્રાહ્મનું નામ ભરમો આપ્યું છે. તે કદાચ બ્રાહ્મણનું અપભ્રંશ હશે કે પછી ભરમને (કે 'બ્રહ્મ' ને?) જોનાર-જાણનાર તરીકે તેને ભરમો કહેવાતો હશે. વેશમાં તેને માટે ગવાયું છે. તે જૂઓ :

**ભટમાં આવે છે, પંડિત આવે રે...**

**દુઃખિયાં જોશ જોવરાવે રે...**

**વાંઝિયાને સુત આવ્યું રે... ભરમો.**

**દુખિયાને સુખમાં ઘાલું રે... ભરમો.**

**ત્રણ કાળની વિદ્યા જાણું રે... ભરમો.**

**મારી પાસે મળે નહિ નાણું રે... ભરમો.[૭]**

---

૫. રૂબરૂ મુલાકાત - ત્રિવેદી, શ્રી નિસર્ગ.

૬. રૂબરૂ મુલાકાત - ત્રિવેદી, શ્રી નિસર્ગ.

૭. રૂબરૂ મુલાકાત - ત્રિવેદી, શ્રી નિસર્ગ.

આવા ત્રણ કાળની વિદ્યા જાણવાનો દાવો કરનાર ભરમાનો 'ભરમ' ભાંગતાંય વાટ નથી લાગતી, કારણ કે. આવીને તરત જ તે કહે છે કે 'એ ભરમા તો આવ્યા, દાયરાને મન ભાળ્યા, પણ વીસર્યા.'

નાયક : શું વીસર્યા ?

ભરમો : વીસર્યા તે પીટણાં.

ટીપણાં ને ઊલટાવીને 'પીટણાં' બોલીને બ્રાહ્મણ સાહજિક હાસ્ય ઊપજાવે છે.

નાયક જ્યારે ભરમાને પૂછે છે કે 'મારાં લગનનું શું ?'

ભરમા ગાય છે :

''ભટને કુંવારો કુંવારો કહે છે, પીતરાઈ મેણાં દે છે.
ભટને પરણ્યા વિના કેમ ચાલે, ભટના મંદિરમાં કોણ મ્હાલે,
જેવા ચઈતર-વૈશાખના તડકા, એવા કુંવારા બ્રાહ્મણના ભડકા.
ભટના સસરાનું નામ છે પંડ્યો, મને ખૂણે ઘાલીને દંડ્યો.
ભટની સાસુનું નામ છે લાલી, રૂપઈયા માગે એક પાલી.
ભટની સાખીનું નામ છે વેલી, એને નાખો કૂવામાં ઠેલી.''

અને છેલ્લે...

દેવ ડાયરો તો દયા લાવો, ભટનાં ધોતિયાં તો અપાવો.
ભટ નિરાશામાં પાછા જશે, તો તમને પાપ જ થાશે.[૮]

આ પંક્તિ દ્વારા ભરમો તે વેળાના કન્યાવિક્રયના જમાનામાં વાંઢાઓની હાલતનો ચિતાર આપીને પોતાના પર દયા લાવવા સભાને વિનંતી કરે છે.

**૪.૧.૨ જૂઠણનો વેશ :**

ભૂંગળ અને વાદ્યોની સાથે આવણું ગવાય છે :

**એઈ... સાંઈયું કા પંથ દોહલ્લા બાબા !**
**મેરે સાંઈકા પંથ દોહલ્લા બાળા !**
**અલ્લા અલ્લા વલ્લા વલ્લા !**[૯]

---

૮. રૂબરૂ મુલાકાત - ત્રિવેદી, શ્રી નિસર્ગ.

૯. રૂબરૂ મુલાકાત - બારોટ, શ્રી વિઠ્ઠલભાઈ - સાંકરા.

અને મિયાં જૂઠણ પ્રવેશે છે. મિયાં જૂઠણ પ્રવેશતાં જ પ્રેક્ષકો એને જોઈ હસવા લાગે છે. એણે માથે ઊંચી મુસલમાની ટોપી પહેરી હોય છે. ઊંધી તલવાર અણી આગળ હાથમાં અને મૂઠ પાછળ એમ ખભે મૂકી હોય છે. એક હાથે ચામડાની ઢાલ મોં આગળ ધરી હોય છે. ચહેરા પર ટીલાં-ટપકાં ને કપાળમાં ત્રિપુંડ કર્યું હોય છે.

મિયાં જૂઠણ નૃત્ય કરતાં કરતાં પ્રવેશે છે. દોઢ ચાલમાં ગોળ ગોળ ફરે છે. આંખના ઉલાળા, મોં ના ચમકારા અને જોવાની વક્રદષ્ટિ હાસ્ય પ્રેરે છે. સ્ટેજ પર ઢીંચણભેર ટટ્ટાર બેસીને બજવૈયાઓનાં વાજિંત્રો - તબલાં, કાંસાજોડ વગેરેની નકલ કરે છે. તલવારને અણીથી હોઠે દાબી ભૂંગળ વગાડવાનો અભિનય કરે છે.

ત્યારબાદ બ્રાહ્મણ અને મિયાં જૂઠણ વચ્ચે વાર્તાલાપ થાય છે.

**'બલ્ખ બુખારે કા બાદશાહ, શેખહુસેન ઉસકા નામ,**
**ઊઠ ફકીરી લે ચલી જૂઠણ ધરાયા નામ.'**

બ્રાહ્મણ અને મિયાં જૂઠણ વચ્ચે સંવાદ ચાલતો હોય ત્યાં ઘૂઘરા વાગવા લાગે છે. અને આવણું ગવાય છે.

**'ગોડી પૂછે સૂન ગોડિયા, કોન ભલેરો દેશ ?**
**સંપત હોય તો ઘર ભલો, નહિ તો ભલો પરદેશ.'**

દોહા-છંદની જેમ ગવાતી આ કડીઓને હાથમાં કાકડા સાથે ગાતી બે ચટકી આવે છે. મિયાં જૂઠણ એક તરફ બેસી જાય છે તે ચટકીઓ ઘેરવાળા ઘાઘરે ઘૂમી ગાય છે.

મિયાં જૂઠણને જોતા પ્રેમમાં પડેલી બે અથવા એક ચટકી પદ્યાત્મક સંવાદમાં ઊતરે છે. સંવાદના આ પ્રકારને 'ફનિયાં' (ચબોલા) કહે છે.

**''સાંજ પડતી દેખકે ચકવી બેઠી રોય,**
**ચલો ચકવા ઉન દેશ કો જ્યાં રેણ વિજોગ ન હોય.**
**તાક તાક થૈયા, તાક તાક થૈયા.''**[૧૦]

જૂઠણ અને ચટકી વર્તુળાકારે નાચતાં એકમેકને ફનિયા કહેતાં ફરવા લાગે છે.

---

૧૦. રૂબરૂ મુલાકાત - બારોટ, શ્રી વિઠ્ઠલભાઈ - સાંકરા.

ચટકી : ખાન ખાન ખાના, તેરે અંગ લાલ જામા,

પરદેશી લોગ રંગી, ફિરંગી લોગ ચંગી

હુઆં પાતરાભી નાચે, ફૂલન કે હાર માગે,

ફૂલન કે હાર હલકે, મિયાં આઓ મેરે મન કે.

તાક તાક તૈયા હો તાક તાક તૈયા !

જૂઠણ : અજબ ખૂબ અજબ ખૂબ

અજબ ખૂબ મિનારા

મેંને લિયા હાથ મેં ભાલા

બડે શેરોં કો મારા.

તાક થૈયા તાક થૈયા.

ચટકી : હે તરકડિયા, હે તરકડિયા

ગાંડો દિસે છેલો દિસે, વાત કરે છે કાલી.

હું મારે મારગડે જાતી, પાલવડે શીદ ઝાલી ?

તાક થૈયા થૈયા.

જૂઠણ : પાલવ ઝાલ્યો ભલો ઝાલ્યો ઝાલ્યાનો ભો ભાગ્યો.

બાળપણ ઝગડો છોડી દીધો, જોબન ઝઘડો લાગ્યો.

તાક થૈયા થૈયા.

ચટકી : કહે તો ભેજું માણેક મોતી, કહેતો ભેજું મેવા

કાચી કલિયાં સેજ બિછાવું, કરું તમારી સેવા.

તાક થૈયા થૈયા.

જૂઠણ : હિંદવાણી, તું સચ્ચા બોલી, સદા ઉડાતી હમકુ.

મુખડા તેરા લાલ બબોલા, કભી ન છોડું તુમકુ.

તાક થૈયા થૈયા.

ચટકી : ઈચ્છી છે તો વેશ્યાવાડે, ગમ પાસે શું માગે,

હું અપવાસણ બાળકુંવારી, કુળમેં ખાંપણ લાગે.

તાક થૈયા થૈયા.

જૂઠણ : સાસુ સસરા સોતે રેંગે દિયર મારે ફેરા,

ગલ્લાં તલ્લાં છોડ દિયો ઔર ચલો હમારે ડેરા.

તાક થૈયા થૈયા.

ચટકી : તેરા દેશ ફાટા તૂટા, ઉપર નાખું ટેટા,

મૈં તો તેરી મૈયા લગુ, તું હમારા બેટા.

તાક થૈયા થૈયા.

જૂઠણ : હું તો મારે હાર્યો બાવા, મારું કાંઈ ના ચાલે

હિન્દવાણી તું દીસતી રહે, હું ભેખ ધરું છું કાલે.

તાક થૈયા થૈયા.

ત્યારબાદ ચટકી ચાલી જાય છે અને બ્રાહ્મણ અને મિયાં જૂઠણનો સંવાદ આપે છે. જૂઠણ ઢાલ-તલવાર ફગાવી દે છે. ટોપી ઉતારી નાખે છે અને ટોપીને ઊંધા પ્યાલા જેવી કરી પ્રેક્ષકો આગળ ભીખ માગવા લાગે છે અને ગાય છે.

**મૈં ને લિયા ફકીરોકા ભેસ લિયા તેરે કારણે.**

**મૈં ને લિયા ફકીરો કા ભેસ પ્યારી તેરે કારણે.**

**મૈં ને લિયા ફકીરો કા ભેસ ખુદા તેરે કારણે.**

**મૈં ને લિયા ફકીરો કા ભેસ અલ્લા તેરે કારણે.**

**અલ્લા અલ્લા વલ્લા વલ્લા**

**સાંઈયુ કા પંથ દોહલ્લા.**[૧૧]

જૂઠણ વિદાય લે છે અને આ વેશ પૂરો થાય છે.

આ વેશ દર્શાવે છે કે સમાજમાં ભલે ભાતભાતના ધર્મના ભેદભાવ હોય પણ સાહેબના ઘરમાં તો એકારો જ છે. આ વેશ દ્વારા સમાજમાં હિન્દુ-મુસલમાન એના ભેદ ભૂંસવાનો ઉદ્દેશ પણ જોવા મળે છે.

---

૧૧. ભવાઈ સંગ્રહ-કર્તા : રૂપરામ, મહીપતરામ, સંપાદક : દિનકર, ભોજક, પ્રકાશક - ગુજરાત સાહિત્ય અકાદમી, ઇ.સ. ૨૦૦૩, પા.નં. ૪૮

## ૪.૨ વિચરતી જાતિઓની લોકપરંપરાઓમાં સંગીતનું તત્ત્વ :

### ૪.૨.૧ ચારણ સમાજની લોકપરંપરાઓ :



**૪.૧ ચારણ સમાજની વેશભૂષા**

કોઈપણ સંસ્કૃતિ, રાષ્ટ્ર કે સમાજનું લોકસાહિત્ય, લોકગીત, લોકસંગીત, લોકકથા, લોકનાટક તેમજ લોક આચારનું નિર્માણ કોઈ એક વ્યક્તિ કે કોઈ જાતિના સંવેદનોમાંથી આકસ્મિક રીતે થતું નથી. પરંતુ તે પ્રજાસમસ્તની પરંપરાઓના પરિપાકરૂપે તૈયાર થઈને જનસામાન્યની જીવનશૈલીમાંથી ક્રમશઃ ઉત્ક્રાંતિ પામે છે. આ પરંપરાઓ પર સમાજના કોઈ એક વર્ગનો પ્રભાવ વિશેષ હોય તો કોઈક વર્ગનો ઓછો. ઉત્તર ગુજરાતની વિચરતી જાતિઓની લોકપરંપરાઓની વાત કરીએ તો એમાં ચારણ સમાજ, ગરો સમાજ, રબારી-માલધારી-ભરવાડ સમાજ, મીર સમાજ વગેરે મુખ્ય છે. સેંકડો વર્ષોથી આ લોકપરંપરાગત ગીતો લોકકંઠ જળવાયેલા છે. આ લોકપરંપરાઓનો સાંગીતિક અને સાહિત્યિક અભ્યાસ આ મહત્ત્વના મુદ્દામાં જોઈશું. સૌપ્રથમ આપણે ચારણ સમાજની વાત કરીશું.

#### ૪.૨.૧.૧ ઈતિહાસ :-

ચારણોનું ઉદ્‌ગમ સ્થાન કૈલાસ શિખરથી છે. ચારણ એ શિવ ધણ છે. ચારણો કૈલાસ ધામમાં શિવ વાહન નંદી ચરાવતા હતા.

ભગીરથરાજા દ્વારા પૃથ્વી પર ગંગાનું અવતરણ કરવામાં આવ્યું ત્યારે ચારણોને પણ ગંગાજી જોડે પૃથ્વી પર વહેતા કરવામાં આવેલા. ત્યારે ચારણો માં પાર્વતીજીના ખોળામાં માથું રાખીને રડ્યા ''કે માં અમને તારો નેડો છે.'' અમે તારા વિના કેવી રીતે જઈએ. ત્યારે પાર્વતીજી

બોલ્યા, 'દિકરા હું મારા પતિ શિવને છોડીને તમારી સાથે આવી શકું નહીં. પણ હું તમારી સાથે ડોલે (વચને) બંધાઉ છું. જ્યાં ચારણનું શુહ ખોરડું હશે ત્યાં મારો અંશ જન્મ લેશે. આમ આવી રીતે ચારણોનું આગમન પૃથ્વી પર થવું.

**છંદ :** ''છે શક્તિ કરો સાથ, જરા પર ગંગ વહે દિન રાત
ડાક ડમરુના ડમડમાટે, શંખના નાદ કરે છે વાત,
કે શિવને જીવે દિનરાત, કે શિવનું શોભે છે કૈલાસ,
હૈયા વસે છે રૂષિરાજ, ચારણો નંદજી ચરાવે ત્યાં કરે છે
ચાર દેવની વાત, શિવને ભજે જીવ દિન-રાત.''

ચારણ એટલે ચારેય વર્ણથી પરે. પણ ચારણોએ કે આરણ આઈઓ એ ચારેય વર્ણને સમાન જ માન્યા છે.

ચાર વેદના જાણકાર હોવાથી આ જ્ઞાતિને ચારણ કહે છે.

**દુહા :** ''ચારણ ચોથો વેદ, વણપઢી વાતું કરે,
ભાખે અગમ ભેદ, જીભે વસે માં જોગણી.''

ચારણને દેહ જાતિમાં માનવામાં આવે છે. જે ચારણો શક્તિના ઉપાસક છે.

જગતની માં ભવાની તેમને ત્યાં દિકરીયું થઈને અવતરી છે.

ચારણો જન્મથી જ પક્ષપાતી છે. જેમને એક માંનું જ શરણું લીધું.

**દુહા :** 'માં કેતાં મોઢું ઉગડે બાપ કેતા થાય બંધ;
બાપ પૌર બપોરનો માં છે પૂનમનો ચાંદ.'
દેવજાતિમેં દિપતી જગદંબા ઘર જોઇ,
કહાં ગઇ કળીયુગમેં ચારણ કે દિનસોઇ - કાગબાપુ.

**છંદ :** જય જગરાયાજી મહામાયાજી સુચી કાયાજી છાયાજી
હોવે શિશુ પાજી તવ ક્ષમાજી કરતું હાજી હાહાજી
પ્રિય નીત નહી તાજી, નઈ ઈતરાજી વાહ માતાજી વાહ વાહ
રહો રાજી રાજી હમ પર માજી અજા ઉમાજી અંબાજી.
તું હાલ્યને જટ હોય ત્યાંથી કોઈ વાલું નઈ તને
વાટું નિહાળે વાવડેમાં તલખતા છોડું તને

ઉભીન રેજે એક ઘડિએ ધ્રાબડી લઈ ધોડજે

રવરાય લાજુ રાખવા અણ વખત વેલી આવજે - દાદ બાપુ.[૧૨]

ચારણી બોલી પાંચ ભાષાના મિશ્રણથી બનેલ છે. 'ગુજરાતી, મારવાડી, મરાઠી, વ્રજ, ઉર્દૂ'

ચારણોની સૌથી વધુ સંખ્યા હાલમાં પાકિસ્તાન, સિંધ, રાજસ્થાન, ગુજરાત, મધ્યપ્રદેશમાં છે. ગુજરાતમાં કચ્છ, કાઠિયાવાડ, ઉત્તર ગુજરાતમાં છે. ચારણ આજે પણ સંસ્કૃતિની મિસાલ લઈને અડિખમ ઊભો છે.



**૪.૨ ચારણ સમાજની લગ્નવિધિ**

### ૪.૨.૧.૨ પોશાક અને ઘરેણાં :-

ઉત્તર ગુજરાતના ચારણોનો પોશાક ઘાઘરો, કાપડું ને ખીલેલું સાડલું છે. ઉત્તર ગુજરાતના ચારણોમાં રાજસ્થાન અને કાઢીવાડ ચારણોની રીત અને પોશાક મળતાં આવે છે. સ્ત્રીઓના **પોશાક** અને **ઘરેણાં** નીચે મુજબ છે.

**ગળામાં** હાર, ટુંપીયો, મગમાળા, દોરો, ચોરસી, રામનવમી

**કાનમાં** પાંનડીયું, ઝુમ્મર, બુટ્ટી, ડુલ, વાળીયું, કળીયો, લવિંગીયાં, કાપ, જેલા -

**નાકમાં** નથણી, નથ, ચુની.

**માથામાં** બોર, મેમદ, રખડી, સીસફુલ, ટીકો, દમણી.

**હાથમાં** ગજરાં, કંકણ, ચુડલા, ચુડી, બંગડી, પાટલા, નોગરીયાં, આંબડીયા, બાજુબંધ, કડું, લોકીટ, વિંટી, વેઢ

**કેડમાં** કંદોરો, ઝુડો

**પગમાં** પાવડ, ઝાંઝર, ઝાંઝરી, છડાં, કાંબી, કડલાં, વિંછીંયા, વિંટુડા.

---

૧૨. રૂબરૂ મુલાકાત - ચારણ, શ્રી નિરૂબેન બી. લાખવડ.

**વસ્ત્ર :** ધવાન, નગરીયું, પછેડો, ભેળિયો, ઓઢણું, લોબડી, સાડલો, ચુંદડી, પોમરી, ઘાણડી, જીમી, ઘાઘરો, ભેટ, કાપડું, કબજો, કુરતીકાપડું

**ચારણોની શાખા :** સિંહઢાયર, રત્નુ, વાંચા (આઢા), શિલ્ગા, ખડિયા, ઝુલા, મહેડું, વિરડા, માંદા, સાંબા, સોહા, આશિયા, બારહટ, કળહટ, બાગ્વા, બાટી, ધાનડા, કેહરીયા, કુનડા, ઘાનડા, રોહગ્યિા, કાગ, દેઆ.[૧૩]

**૪.૨.૧.૩ વ્યવસાય :-**

ઈશરદાન ચારણ એ રૂબરૂ મુલાકાતમાં આ અંગે જણાવ્યું કે[૧૪]-

ચારણોનો મુખ્ય વ્યવસાય પશુપાલન છે.

''ચારણને વાલી ભગર'' (ભેંસ)

પહેલાના સમયમાં જે ચારણની પાસે વધુ માલ ઢોર હોય તે અમીર કહેવાતા. ચારણોના નેસે નેહુડે ત્રણસો ત્રણસો ભૈહું હતી. એક એક ભેંહ દહ દહ શેરની દુજાણીયું. ચારણો એ દુહા છંદમાં ભેહુંને પણ ભલી ભાતે વર્ણવી છે.

**છંદ :** ભલી ભાલડી ભગર ગુનર દાડમ રાણસી હોલર બાપલીયું,
પહોરેલ હિલોળાપ દેશ પ્રભાત વાગત વ્રજ સું વાહળિયું.
આંચાળ ફાટ અડાણ ધરાહાટ માખણ ચાંસય જો ઉકરે અડાભેડ
ચારણ જીયલ આંગણ કુંઢીયું થાટ ઝપાટ કરે.
ભેંહડિયું ને ભાળે ઈ ભાગ્ય શાળી,
હે એના વારણાં લિયે વરદાળી
ભેંહડિયું ને...
કુંઢીયું કહી એને હેતે પંપાળીએ.
હે ઈતો દહ દહ શેરની દુજાણી
ભેંહડિયું ને...[૧૫]

---

૧૩. રૂબરૂ મુલાકાત - ચારણ, શ્રી નિરૂબેન બી. લાખવડ.

૧૪. રૂબરૂ મુલાકાત - ચારણ, શ્રી ઈશરદાન. મહેસાણા.

૧૫. રૂબરૂ મુલાકાત - ચારણ, શ્રી ઈશરદાનના ઓડીયો રેકોર્ડિંગ મુજબ.

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| - | - | સા | સા | સા | રેગ | મ | ગ | મ | રે | ગ | મ | ગ | રે | સા |
| - | - | ભે | હ | ડિ | યુંને | ભા | - | બે | ઈ | - | ભા | ગ્ય | શા | ળી |
| × | | | ૦ | | | × | | | ૦ | | | × | | |
| - | મ | - | મ | મ | - | મ | મ | મ | ગ | મ | મગ | ગ | રે | સા |
| - | હે | - | એ | ના | - | વા | ર | ણાં | લી | યો | વર | દા | ળી | - |
| ૦ | | | × | | | ૦ | | | × | | | ૦ | | |
| - | - | સા | સા | સા | રેગ | મ | ગ | મ | રે | ગ | મ | ગ | રે | સા |
| - | - | ભે | હ | ડિ | યુંને | ભા | - | બે | ઈ | - | ભા | ગ્ય | શા | ળી |
| × | | | ૦ | | | × | | | ૦ | | | × | | |

ચારણો વ્યવસાય, પશુપાલન સાથે રાજદરબારમાં રાજ કવિ પણ રહી ચુકેલા છે. જેઓ રાજાને સત્ માર્ગ અને સાચી દિશાઓ બતાવતા, રાજનની ભૂલ અને શુરવીરતાને દુહા છંદમાં વર્ણવતા હતા.

**૪.૨.૧.૪ ચારણ સમાજના ગીતો, દુહાઓ, છંદ :-**

એક પ્રસંગ પ્રમાણે જૂનાગઢના રાજા રા'ગંગાજળીયાનો દિકરો રા'માંડળીક તેની રાહ ભૂલેલો ત્યારે આઈ નાગબાઈ તેને દુહામાં પોતાના સાચા માર્ગમાં વળવાની રાહ બતાવી હતી.

**દુહા :** અમે છોરૂંને તમે માવતર, વહિએ બાવન વીર,
મોભેથી નીતરેલ નીર, પાછા નો ચડે માંડળીક.
જુનાણે પાછીય જા, તુંતો છાનોયમાનો ચુપ,
હજુ ભળ્યા નથી તોડે ભૂપ, મનને ચોખા માંડળીક.[૧૬]

ચારણોમાં માતાજીયું (આઈયું) સતીઓ, વીરયોદ્ધા, સંતો, રાજકવિઓ, લડવૈયા, ભક્તો થઈ ગયા.

શ્રી નીરૂબેન ચારણના જણાવ્યા પ્રમાણે[૧૭]

આજે પણ ચારણોમાં માતાજીઓ, સંતો અને ભક્તો જન્મે છે.

ચારણોમાં જન્મેલી આઈયું દિકરીયું જે (લોકમાતા) લોકદેવીઓ આઈ ખોડિયાર, નાગબાઈ, કાગબાઈ, બુટ, બલ્લડ, બહુચર, ગેલ, હોલબાઈ, મોગલ, જીવણી, વરૂડી, આપડ, દેવલ, જેતલ,

૧૬. રૂબરૂ મુલાકાત - ચારણ, શ્રી ઈશરદાનના ઓડીયો રેકોર્ડિંગ મુજબ.
૧૭. રૂબરૂ મુલાકાત - ચારણ, શ્રી નિરૂબેન બી. લાખવડ.

કરણી, ઈન્દ્રકુંવર જેવી દેવીઓ લોકદેવીઓ પૂજાય છે.

ચારણો એ દેશ માટે ગાયું, દિકરીયું માટે કેટલાય બલીદાન આપેલા છે. જેના પાળીયા હાલ પણ પૂજાય છે.

ચારણો પર ખોટા આક્ષેપ આપવામાં આવે કે તેમની માનહાની થાય ત્યારે 'ત્રાંગુ' કરે છે. બાઈયું સતિયું થતાં.

'ત્રાંગુ' જે જગ્યા પર ચારણનું અપમાન થાય ત્યારે તેઓ કટાર નાખી કે તલવારના ઝાટકે પોતાનું માથું ઉતારી દેતા.

કેટલાક ચારણો એ યુદ્ધ પણ ખેલેલા છે અને યુદ્ધમાં મોકલતી ચારણયાણીઓ તેમને વીરરસના દોહાનું સેવન કરાવતા અને વિજય બની આવવાની કામના કરતાં.

**દુહા :** ભલ ઘોડા વલ વંકડા, હલબાંધવા હથિયાર
ઝાજી ફોજ્યું માં જીંકવા, મરવું એક જ વાર.
કંથા રણ મેં જાય કે, પિયું પીઠ જા દેજો લગાર
મારી સૈયરું મેણા બોલશે, તુતો કાયર નરરીનાર.[૧૮]

ચારણોનો ઉલ્લેખ શિવપુરાણ અને રામાયણ જેવા ગ્રંથોમાં પણ થયેલો છે. શ્રીરામે સિતાજી સાથે લગ્ન ચારણોની સાક્ષીએ કરેલા. ચારણોનું પોતાનું આગવું સંગીત અને સાહિત્ય છે. જેને ચારણી સાહિત્ય કહે છે. હાલ પણ માઉન્ટ આબુમા શિવમંદિરમાં શિવગણ દુરષાજી આઢા (ચારણની) પિતળની પ્રતિમા સ્થાપિત છે.

ચારણ ભક્ત શ્રી સાંયાજી ઝુલા એ ભીલોડા તાલુકાના લીલછા ગામે સ્વામીદાસજીના બીજા દિકરા સાંયાજીનો જન્મ વિ.સં. ૧૫૮૦ની આસપાસ હોવાનો અનુમાન છે.

ચારણ મહાત્મા સંયાજી ઝુલાએ જીવનપર્યંત પ્રભુભક્તિ કરી છે. શ્રી કૃષ્ણના લોકોક્તિઓ અને અનન્યય ભક્ત સોયાજી સાથે અનેક ચમત્કારો પણ સંકળાયેલા છે.

સાંયાજી ઝુલાએ 'નાગદમણ' અને 'રૂકમણી હરણ' નામના બે ગ્રંથો લખેલા છે.

ભાનુદાન સિંઢાપચ (ભગતભાભા) સાબરકાંઠાના ઈડર (પરગણામાં) તાલુકામાં થેરાસણા

---

૧૮. રૂબરૂ મુલાકાત - ચારણ, શ્રી નિરૂબેન બી. લાખવડ.

નામે ગામ છે. ત્યાં ભાનુદાન શંકરદાન સિંઢાપચ નામે ચારણ કવિ થઈ ગયા. તેઓ શ્રી શક્તિના પરમ ઉપાસક હતા. તેઓ રાજસ્થાનમાં આવેલા દેશણોક ગામ (દરબાર)માં બિરાજમાન શ્રી કરણી માતાજીના પરમભક્ત હતા. તેમને કુટુંબીજનોનો ત્રાસ હોવા છતાં ભક્તિ છોડી નહીં અને તેમને ગામમાં શ્રી કરણી માતાનું મંદિર બનાવવાનો વિચાર કુટુંબીજનો આગળ મૂક્યો ત્યારે સૌએ તેનો વિરોધ કર્યો. પણ ગામના અમુક વ્યક્તિઓએ સાથ સહકાર આપી મંદિર બંધાવ્યું. માતાજીની મૂર્તિ પ્રતિષ્ઠા કરી. પછી તો તેઓ સવાર-સાંજ મા ની આરાધના ચારણી લઢળમાં માની આરતી, ગીત, છંદ, ચરજ, દુહા, ભેળિયા, ભજન આદિ ગાઈ ધન્યતા અનુભવતા અને ગ્રામજનોને પણ પ્રેરણારૂપ બન્યા. આ બધું અમને વારસામાં મળે છે.

## કરણલ માતાનું ગીત

**(લોકગીતનું સ્વરાંકન - સોનાવાટકડી.... લોકગીતની જેમ)**

**રાગ : મિશ્રકાફી** **તાલ : હીંચ**

કરણલ માવડી હો ગરવી ગુજરાતમાં,
ગરવી ગુજરાતમાં મા થેરાસણા ગામમાં
પ્રેમે પધાર્યા મોરી માત ગરવી ગુજરાતમાં
ભલે પધાર્યા મોરી માત ગરવી ગુજરાતમાં
પૂનમને વાર શનિવાર સોહામણો
મોતીના વર્ષા મેઘ ગરવી ગુજરાતમાં
પ્રેમે પધાર્યા મોરી માત ગરવી ગુજરાતમાં
દેશજાણે એવા દિકરા તું દેજે
વંવારું હોય લજવાળ થેરાસણા ગામમાં
કરણલ માવડી હો ગરવી ગુજરાતમાં.[૧૯]

૧૯. રૂબરૂ મુલાકાત - ચારણ, શ્રી નિરૂબેન બી. લાખવડ.

**રાગ : મિશ્રકાફી** **તાલ : હીંચ**

| | | | |
|---|---|---|---|
| - સાસા સાસા | રે ગમ પ | પ - ધપ | રેગ મ રેગ |
| - કર ણલ | મા વ- ડી | હો - -- | ગર વી ગુજ |
| × | ૦ | × | ૦ |
| રે સાસા સા | -પ પપ પપ | પનિ ધપ પ | પગ મ પ |
| રા ત- માં | -ગ રવી ગુજ | રા- ત- માં | થેરા સ ણા |
| × | ૦ | × | ૦ |
| પ -પ પ | ગ -રે સા | | |
| ગ -મ માં | - -- - | | |
| × | ૦ | | |

**ગીત :** હા રે મારા કરણીજી માતરે, તમારે ગામ રે
દેશોણે દેશ રે હું કેમ આવું એકલો
હા રે નથી પાણી કે પ્રબરે છેટે છેટે ગામ રે
કેમ કરી આવું એકલો
હા રે ત્યાં તો રેતીના રણ રે
નથી કોઈનો સાથ રે
કેમ કરી આવું એકલો.

**દોહો :** ''હે જી ધીંગી ધજાયુ તારે દેવળે ને મને ધારણ દેજો ધજાળીયું
પણ મારી લાજુ મરણ લગદો હે તમે રાખજો લોબાડિયાળિયું.''

**છંદ :** હે જી ભાગ્ય ભાણોલ ગામનું મા
આઈ લઘાઘર અવતરી
માત ચંપાકુખ ઉજવળ આઈ અંબા અવતર
ધન ધન્ય કંકુ આઈ કેશર શક્તિ રૂપે ચારણી. જી એ.

**છંદ :** કાન કુંડળ હાથ કંકણ પાય ઝબુકે ઝાંઝરી
શણગાર ચારણ કુળનો સિંહ ચાલે સંચરી
કનિયાણી કરનલ માત કંકુ જોગમાયા જોડલી
હાથે ઓપે આરતીને લાલ માની લોબડી

ધનધન્ય કંકુ આઈ કેશર શક્તિરૂપે ચારણી... જી એ....

**છંદ :** આવ્યો હળાહળ કાળ કળજગ

તોય અંબા અવતરી

ચારણ તારણ માત મારી

ખરી મા તુ ખોડલી

ધનધન્ય કંકુ આઈ કેશર શક્તિરૂપે ચારણી... જી એ....[૨૦]

**ચરજભાવ તાલ : વિલં.હીંચ**

**ગીત :** અરજી મારી એટલી રે તુ ઉરમાં ધરજે મા

મને ચરણે તારે રાખજે રે દેશાંણાવાળી મા

આધાર તારો આશરો રે અમને રે મોટો મા

તારી ભક્તિમાં ભેળવજે રે દેશાણાં વાળી મા

સગા સંબંધી સ્વાર્થી રે મતલબના ઈતો મા

તારા ખોળલીએ ખોલાવ જે રે દેશાણાં વાળી મા

| | | | |
|---|---|---|---|
| સાસા સાસા પ | પપ નિધ પ | પગ ગમ પપ | પગ મ- સાસા |
| અર જીમા રી | એટ લીરે તુ | ઉર માંધ રજે | મા- -- મને |
| × | ○ | × | ○ |
| ગગ ગમ પપ | મધ પગ રેરે | ગરે મગ સાસા | સા -- -- |
| ચર ણેતા રે- | રા- ખજે માંડી | દેશાં ણાંવા વી- | મા -- -- |
| × | ○ | × | ○ |

લક્ષ્મીબા ગઢવીના જણાવ્યા પ્રમાણે[૨૧] -

આઠમ, અગિયારસ, પૂનમ, બીજ જેવા વાર તહેવારમાં રાત્રીના વખતે નેસળા (નેહળા)ની બધી બાયું કામકાજમાંથી પરવારીને ભેળા મળીને તળાવની પાળની પાસે જાંબુડાનું, આંબા જેવા વૃક્ષની હેઠે બેસીને આઈ (માતાજી)ને યાદ કરી તેમના દુઃખ, હરખ, ભીડ, માગણીની માતાજીની ચરજ ગાઈને પોતાની આશા પૂરી કરે છે.

૨૦. રૂબરૂ મુલાકાત - શ્રી ભાનુદાન કવિ, જી. સિંહાઢાયસ

૨૧. રૂબરૂ મુલાકાત - ગઢવી, શ્રી લક્ષ્મીબા.

## માતાજીની ચરજ

આંગણ તલાવડીને એની પાળે રે જાંબુડો જો.

ઈરે હે જાંબડુ બાયુ મારો જીવડો અરવાણો જો

ચોટીલા જાઉં તો આઈ મા ચામુંડાને રીજાઉ જો.

ચામુંડા મા આવે તો બાપુ મારા અટક્યા ઉકેલે જો.

આંગણ તલાવડીને પાળે રે...

રાજપરા જાઉં તો આઈ મારી ખોડલ ને તેડાવુજો.

ખોડલ મા આવે તો બાપુ મારા અટક્યા ઉકેલેજો.

ઝગડાની જીલણ બાઈ મારી વારે વેલાં આવજો

ભમરીયા ભાલે રે આઈ મારી વારે વેલા આવજે.[૨૨]

**રાગ : ખમાજ** **તાલ : ચાચર**

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ગ | ગ | રે | રે | ગ | મ | પ | પ | પ | મ | પ | પ | પ | મ |
| આં | - | - | ગ | ણ | - | ત | લા | - | વ | ડી | ને | એ | ની |
| × | | | ૨ | | | | ૦ | | | ૩ | | | |
| પ | ધ | મ | પ | ધ | નિ | ધ | પ | મ | રે | ગ | મ | પ | - |
| પા | ળે | - | રે | - | - | જાં | બુ | ડો | - | જો | - | - | - |
| × | | | ૨ | | | | ૦ | | | ૩ | | | |
| ગ | ગ | રે | ગ | મ | પ | પ | ધ | પ | મ | મ | મ | પ | પ |
| ઈ | - | - | રે | - | હે | જાં | બું | ડે | - | બા | યુ | મા | રો |
| × | | | ૨ | | | | ૦ | | | ૩ | | | |
| ગ | ગ | પ | મ | મ | ગ | સા | સા | રે | સા | - | - | સા | - |
| જી | વ | - | ડો | - | - | અ | ટ | વા | ણો | - | - | જો | - |
| × | | | ૨ | | | | ૦ | | | ૩ | | | |

૨૨. રૂબરૂ મુલાકાત - ગઢવી, શ્રી લક્ષ્મીબા.

## ચરજ - તાલ : દીપચંદી

## (સ્વર રચના : 'આંગણ તલાવડી'ની જેમ....)

સાયર જળ ભરીયા એના ઊંડા છે તળિયા....
ઓખાને આંગણીયે અવતરીયા રે હો
મોગલ આઈ આઈ છે બળિયા
ઊંડે સાયરે માના ફળિયા રે હો મોગલ આઈ છે બળિયા
કાળિલાપનું આઈ ને કાપડુ ઓપે
જહાઆપનું બાઈને ઓઢણું દિપે
તાત દેવહુરની વાહરે ચડિયારે હો
મોગલ આઈ છે બળિયા ઊંડે સાપરે માના ફળિયારે હો
મારા માવડી છે બળિયા મોગલ આઈ છે બળિયા.[૨૩]

જ્યારે કોઈ ખુશીનું ટાણું હોય, આનંદ મંગળ વરતાયા હોય ત્યારે પુરુષો ભેગા મળી રાહડાની રમઝટ બોલાવીને પોતે જ ગાઈને ઢોલના ઢબકારે પગ વડે ઠેકા લઈને રમે છે.

## મણિયારો

ઉંચેરે ડુંગરિયે આયુના ઓરડા રે...
નેજાળી નીચે છે નદીયુ રે કેરા નીર
ખમકારી રે હો માતુ દયાળી હો
ખોડલમા વેલેરી કરજો રે અમારી વાર
નવઘણ દળ લઈને હાલીયો રે
માડી એને આડો છે દરિયો અપરંપાર
મોજા ઉછળે રે હો મારગનાં મળે રે હો
માડી જોને સંકટ રે હે વેળા એ કરજો સહાય.[૨૪]

---

૨૩. રૂબરૂ મુલાકાત - ગઢવી, શ્રી લક્ષ્મીબા.

૨૪. રૂબરૂ મુલાકાત - ચારણ, નિરૂબેન બી. - લાખવડ.

**રાગ : મિશ્ર બિલાવલ　　　　તાલ : દિપચંદી**

| | | | |
|---|---|---|---|
| સા સા - | સા - પ પ | પ પ - | પ - ધ મ |
| ઉં ચે - | રે - ડું ગ | રી યે - | આ - યુ ના |
| × | ૨ | ૦ | ૩ |
| પ - - | - - - - | ધ પ - | ગ રે સા - |
| ઓ - - | - - - - | - ર - | ડા રે - - |
| × | ૨ | ૦ | ૩ |
| રે ગ મમ | ધ પ - ધમ | મ પ ગરે | મ ગ સા નિસા |
| ને જા ળી- | ની ચે - છે- | ન દી યુંરે | કે રા નિ ર- |
| × | ૨ | ૦ | ૩ |
| સા સા - | ગ - - મ | ગ પ - | ધ મ મ - |
| ખ મ - | કા - - રી | - રે - | હો - - - |
| × | ૨ | ૦ | ૩ |
| - સા સા | સા ગ મ પ | પ ગ મ | - - - - |
| - મા તુ | દ યા - ળી | હો - - | - - - - |
| × | ૨ | ૦ | ૩ |
| રે ગગ મપ | ધ પ - ધમ | મ પ ગરે | રે મગ સાનિ સાસા |
| ખો ડલ માં- | વે લે - રી- | ક ર જો- | રે અમા રી- વાર |
| × | ૨ | ૦ | ૩ |

## ચરજ - તાલ : દિપચંદી

માટલિયા હે ધુનાની માડી તુ ગળધરા વાળી જો....

એવી તાતણીયે હેબીરાજે ત્રિશુળ વાળી રે ખમારી ખોડલ

વેલી કરજો વારુ જો...

એવો આભે ઉગતો રે આપલ સુરજને તે થંભાવ્યો જો

એવા હાડકીયા હે સમદરના સોશ્યા વારી રે

અવતારી આવડ

વેલી કરજો વારુ જો.

**ચરજ - તાલ : દિપચંદી**

અનુ આવડ મૈયા, રખૈયો ઢોલ વાગે
ને ધ્રુસકે આઇ
રમજમ ભેળાને તું રમાડ રે આવડ મૈયા
અને આવડ મૈયા સવાપોર સુરજને
તે રોકીયો આઇ
તે માટે સાચ પુરાવીયા રે આવડ મૈયા
રમજમ ભેળાને તું રમાડ રે આવડ મૈયા
હે વેણાદેવી તારો છે વિશવાસ આવડ મૈયા.[૨૫]

ચારણોના જેમ ચરજ, છંદ, દુહા જેમ ઉમદા છે તેમ ચારણોની રૂઢિ, પરંપરા, લગ્નગીત પણ તેટલા જ ઉમદા અને પારંપરિક છે.



**૪.૩ ચારણ સમાજની લગ્નવિધિ**

**લગ્નગીત : તાલ - દીપચંદી**

મારા વીર ને કુળદેવીનો માથે હાથ
મોગલની ખમાયું માણારાજ
મારા વીરને પોપટ સરખી બોલી
પંખી પ્યારા લાગે માણા રાજ.

**લગ્નગીત : તાલ - દીપચંદી**

આવો આવો મોગલ હે મા....
એવા આવોને અમારે રૂડે નહળે

---

૨૫. રૂબરૂ મુલાકાત - ચારણ, નિરૂબેન બી. - લાખવડ.

હે માતાજી

અવસર આવ્યો આંગણીએ રે મા

હે વધાવજો રે વધાવજો વાલા વીરને

હે માતાજી.

**લગ્નગીત : તાલ - દીપચંદી**

લીલુડા તે નાળિયેળ આવ્યા રાજ

તલવાર્યુ ને તીરે નાળિયેળ જીલજો માણા રાજ

દિપક દાન હોંશીલા રાજ

દાદાજી મને લાડકડી પરણાવો માણા રાજ.

**લગ્નગીત : તાલ - દીપચંદી**

બાગું મેં રાયણુ ના ઝાડ

હે રાયણુ ના ઝાડ જો

રાયણુ પાકીને જાબુંડા લળીલળી જાય

નાની વઉ પાણી ભરવા જાય

પાછળ રે પાછળ રે વરરાજા

વીરલો ઘોડા પાવા જાય.[૨૬]



**૪.૪ ચારણ સમાજની લગ્નવિધિ**

### ૪.૨.૧.૫ ચારણ સમાજના શક્તિપૂજાના ગીતો :-

ચારણો શક્તિને સેવે છે માટે તેઓ શક્તિ (માતાજીના) હવન, મેડા, તરવેડા,

૨૬. રૂબરૂ મુલાકાત - ચારણ, નિરૂબેન બી. - લાખવડ.

માંડવા (માંડવો રવેચી માનો અને રાંદલ માનો હોય છે) આ સર્વ પ્રસંગોમાં આયુના ગીતો, ચરજો, ભેળિયા ગાવામાં આવે છે.

**મેડો :-** જ્યાં માતાજીના પાટોત્સવમાં સંતો, માતાજીઓને તેડાવવામાં આવે છે અને માનવ મેરામણ ઉમટ્યો હોય, હવન થતા હોય, ડાયરા, ભોજન પ્રસાદ થતો હોય તેને 'મેડો' કહેવામાં આવે છે.[૨૭]

**મેડા - તરવેડા**

મેડલે રમવા આવો માતાજી

મેડલ રમવા આવો

મારી નવલાખુનો મેડો

માડી મેડલે રમવા આવો

હે જોશીડાને તેડાવો માડી જોશીડાને તેડાવો

મારી નવલાખુને મેડે, મારી નવલાખુને મેડે.[૨૮]

**તાલ : કેરવા (ચલતી)**

| | | | |
|---|---|---|---|
| સા સા સા સા | સા સા ગ મ | મ - મ - | મ મ પ - |
| મે ડ લે - | ર મ વા - | આ - વો - | મા તા જી - |
| × | ૦ | × | ૦ |
| ગ - રે મ | ગ રે સા નિ઼ | રે - રે - | રે - રે રે |
| મે - ડ લે | ર મ વા - | આ - વો - | - - મા રી |
| × | ૦ | × | ૦ |
| ગ રે મ ગ | રે સા નિ઼ સા | સા રે - - | - - રે રે |
| ન વ લા ખું | નો - - - | મે ડો - - | - - મા રી |
| × | ૦ | × | ૨ |
| - ગ રે મ | ગ રે સા નિ઼ | સા - સા - | - - - - |
| - મે ડ લે | ર મ વા - | આ - વો - | - - - - |
| × | ૦ | × | ૨ |

૨૭. રૂબરૂ મુલાકાત - ચારણ, શ્રી જીજીબાઈ - દેવરાયણ.

૨૮. રૂબરૂ મુલાકાત - ચારણ, શ્રી જીજીબાઈ - દેવરાયણ.

**ચરજ - તાલ : દીપચંદી**

માનીરે વહતી રે નેજાળી ને નેજે જઇને નમીયો
હોનલ માને નેજે લઈને નમીયો રે
મેડાવ ઢોલ માનો વાગે.
આયું મેડલે રમવા આવો.[૨૯]

✦ **ભેળિયો :-**

કાળા રંગના ઉનથી ગુંથેલ અને નવલી ભાતુથી ગુંથેલ જેમાં સપ્તઋષિ, નવગ્રહ, તારા, ચંદ્ર, સૂર્ય, ચાર વેદ, વિજળીની વેલ, આભેળિયાની કોરે ફરતી લેસ અને આને ધવરે ધાગે ખીલેલ હોય છે.

જે સતવ્રતથી ધારણ કરે છે. જે ચારણ આઈયુંના શિરે કે ખભે હોય છે.

**લગ્નગીત**

ભલે રે ઓઢ્યો રે માડી તમે ભેળિયો
મા તુ તારો ભેળિયો ભાળું ને ભવદુઃખ ભાંગે રે
આદ્યશક્તિ આવડ ભલે રે ઓઢ્યો રે તમે ભેળિયો,
માંડી એને મહેશે વણ્યો રે ઉમાજી એ કાંતીયો
માંડી એને રામ ને સીતાએ ગોઢવ્યા તાર રે
આદ્યશક્તિ આવડ ભલે રે ઓ ઓઢ્યો રે આઈ તમે ભેળિયો
માંડી એને ધવરે ધાગેરે જોને ખિલીયો
માંડી એને કોર છે વિજળીયુંની વેલયું રે.
આદ્યશક્તિ આપડ ભલે રે ઓઢ્યો રે તમે ભેળિયો.
માંડી એને ધોવાને કાજે રે સમંદર બોળિયો
આઈ એને સાતરે સાયરો ના જળ સોશ્યારે
આદ્યશક્તિ આપડ ભલે રે ઓઢ્યો રે તમે ભેળિયો.[૩૦]

---

૨૯. રૂબરૂ મુલાકાત - ચારણ, શ્રી જીજીબાઈ - દેવરાયણ.
૩૦. રૂબરૂ મુલાકાત - ગઢવી, શ્રી જયરાજ - જોટાણા.

**રાગ : બિલાવલ** **તાલ : દિપચંદી**

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સા | સા | રે | ગ | - | મ | પ | મ | મ | - | ગ | રે | ગ | મ |
| ભ | લે | - | રે | - | ઓ | - | ઢચો | રે | - | મા | ડી | ત | મે |
| × | | | ૨ | | | | ૦ | | | ૩ | | | |
| ગ | - | સા | રે | - | સા | - | - | - | પ | પ | પ | ધ | પ |
| ભે | - | ળિ | યો | - | રે | - | - | - | મા | ડી | તા | રો | - |
| × | | | ૨ | | | | ૦ | | | ૩ | | | |
| ગ | ગ | મ | પ | - | પ | - | ધ | ધ | - | પ | ગ | પ | પ |
| ભે | ળિ | - | યે | - | ભા | - | ળું | ને | - | ભ | વ | દુઃ | ખ |
| × | | | ૨ | | | | ૦ | | | ૩ | | | |
| સા | સા | રે | ગ | - | મ | પ | મ | મ | - | મ | - | પ | મ |
| ભાં | ગે | - | રે | - | આ | ધ | શ | ક્તિ | - | આ | - | વ | ડ |
| × | | | ૨ | | | | ૦ | | | ૩ | | | |
| સા | સા | રે | ગ | - | મ | - | પ | મ | - | મ | ગ | ગ | મ |
| ભ | લે | - | રે | - | ઓ | - | ઢચો | રે | - | આ | ઈ | ત | મે |
| × | | | ૨ | | | | ૦ | | | ૩ | | | |
| ગ | સા | સા | સા | - | - | - | - | - | - | - | - | - | - |
| ભે | ળિ | - | યો | - | - | - | - | - | - | - | - | - | - |
| × | | | ૨ | | | | ૦ | | | ૩ | | | |

✦ **તરવેડો :-**

આખા જગતમાં તરવાડો આઈ મોગલમાં ને જ અપાય છે. આઈ મોગલ એ મહાભારતકાળના સમયમાં થઈ ગયા. આઈ મોગલમાં નું પિયર ઓખા નજીક ભીમરાણા ગામે આયા દેવસુરજી ગાંગણીયાનાં આંગણે થયો હતો. આઈ ઓછું બોલતા માટે તેમનું નામ મુંગી આઈ હતું.

કચ્છ, સૌરાષ્ટ્રમાં કાયડા રિવાજ ચાલે છે. જેથી આઈ મોગલના લગ્ન તેમના ફૂઈના દિકરા જોડે ગોરવીયાળી (ગીર)માં નેચડા શાખામાં કરવામાં આવ્યા.

આઈ ની હથેવાડી થઈ. આઈ ને કરિયાવર આપવામાં આવ્યા, જાન ગોરવીયાળી પહોંચવા થઈ ને એમના ઘરવાળા (પતિ) ચારણથી કાંઈક ભૂલને કારણે તે ધરતીમાં લગ્નના પોષાક સાથે જ સમાઈ ગયા.

માટે આ તરવેડાના પ્રસંગમાં આઈના લગનની બધી જ ચીજ વસ્તુ અપાય છે અને તે દિવસથી તરવેડાનો પ્રસંગ (તહેવાર) ઉજવાય છે. આ દિવસે આઈને પાંચ નૈવેદ્ય દેવાય છે.[31]

**ગીત : તરવેડો**

મોગલનો તરવાડો બાયું. (૨)
ડાકલીયા બોલાવો બાયું એના પાવડિયા તેડાવો જો
વેણના વધાવે પેર્યો મારી મોગલે તરવાડો.

સિંદુર રે છાપાના મોગલ માતા ત્રિશુળ દોરાવો જો
શ્રીફળ રે જમણીના આઈમાંના થાપન કરાવો જો.
દિવાની દિવેટે પેર્યો મારી મોગલે તરવાડો.

નગરીયા હાડલે લેશમુકી ભેળિયો અપાવો જો
લાલ રે જીમીને અતલસનું કાપડું કોરાવો જો
આંખે હોય રું આંજીને પેર્યો મારી મોગલે તરવાડો.

**તાલ : દીપચંદી**

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| રે | ગ | - | રે | સા | મ | રે | નિ | નિ | - | સા સા | ગ | ગ |
| મો | ગ | - | લ | નો | ત | ર | વા | ડો | - | બા યું | મા | રી |
| × | | | ૨ | | | | ૦ | | | ૩ | | |
| રે | મ | - | મ | - | મ | ગ | ગ | રે | - | સા સા | - | - |
| મો | ગ | - | લ | - | નો | - | ત | ર | - | વા ડો | - | - |
| × | | | ૨ | | | | ૦ | | | ૩ | | |
| સા | સા | - | રે | ગ | મ | મ | મ | મ | - | મ મ | મ | મ |
| ડા | ક | - | લી | યા | - | બો | લા | વો | - | બા યં | એ | ના |
| × | | | ૨ | | | | ૦ | | | ૩ | | |

૩૧. રૂબરૂ મુલાકાત - ગઢવી, શ્રી જયરાજ - જોટાણા.

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ગ | ગ | - | મપ | મ | ગ | રે | ગ | રે | - | સા | સા | ગ | ગ |
| પા | વ | - | ડિયા | - | તે | - | ડા | વો | - | જો | - | - | - |
| × | | | ૨ | | | | ० | | | ૩ | | | |
| રે | ગ | - | રે | સા | મ | રે | નિ | નિ | સા | સા | સા | ગ | ગ |
| વે | ણ | - | ના | - | વ | - | ધા | વે | - | પે | ર્યો | મા | રી |
| × | | | ૨ | | | | ० | | | ૩ | | | |
| રે | મ | - | મ | - | મ | મ | ગ | રે | - | સા | સા | - | - |
| મો | ગ | - | લે | - | - | - | ત | ર | - | વા | ડો | - | - |
| × | | | ૨ | | | | ० | | | ૩ | | | |

**૪.૨.૧.૬ ચારણ સમાજના લગ્નગીતો :-**

લગ્નમાં સૌપ્રથમ કંકોતરી લખવામાં આવે છે. પહેલાના જમાનામાં ચોખાને કંકુવાળા કરીને ગામના કોઈ વહવાયાના દિકરા અથવા દિકરીને આ ચોખા આપી કુળદેવીના મંદિરે કે ભગવાનના મંદિરે ઉંબરોઠ ઉપર કંકુવાળા ચોખાની નાની નાની પાંચ ઢગલીઓ કરાવવાનું કામ સોંપાય છે. પછી ગામના કુટુંબીજનો અને સગા સંબંધીઓને આ ચોખા મોકલી દેવાતા. તેથી સર્વ તેને કંકોતરી સમાન ગણી સહર્ષ સ્વીકારતા અને લગ્નમાં સૌ પ્રેમથી આવતા. ઘરની બહેનો, દિકરીઓ અને ફૂઈઓને રૂબરૂ તેડવા જવાનો રિવાજ હાલ પણ છે.

✦ **કંકોતરી :-**

સોના ખડિયો મંગાવો રૂપા લેખણું ઘડાવો
માંડવડા હેઠળ ઢાળી લખજો કંકોતરી
વીરના મામા ને લખજો ને
મામીને લખજો.
લોબંતા ભુઆ બા ને ઘણું ઘણું લખજો.

વીરના કાકા રે આવ્યા ને કાકી રે આવ્યા,
લોબંત બેની બાતો હજુએ ન આવ્યા.
સોના ખડિયો મંગાવો રૂપા લેખણ ઘડાવો.
માંડવડા હેઠળ ઢાળો રે બાજોઠીયોને જમણી મેલો રે કંકાવટી

તેડાવો રે મારે જોશીડાનો બેટો કે આજ મારે લખવી રે કંકોતરી.

બંધાવો રે મારા અશોકભાઈના છેડે કે જાય મારા મીનાબાના સાસરે

બેની રે તમે સુતા છો જાગો આપણ મૈયર રાય જગ માંડીયો

વિરારે તમે ક્યા દેશથી આયા કે ક્યા ગામના ચોરે વસીયા

બેનીરે અમે સિરોહી દેશથી આયા ને પેશુઆ ગામના ચોરે વસીયા.[૩૨]

✦ **લગ્નગીત :-**

**તાલ : દીપચંદી**

રે મારા ગણેશ દુંદાળા

ગણેશ દુંદાળા ને મોટી ફાંદવાળા

ગણેશની કોટે ઘુઘર માળા રે મારા ગણેશ દુંદાળા

ગણેશજી કેછે હતો એકલો નાબેહુ

બેહુ મારી રિદ્ધિ સિદ્ધ સાથે રે મારા ગણેશ દુંદાળા

ગણેશ દુંદાળા ને મોટી ફાંદાળા

ગણેશજી કેછે હું તો લુખોના બેહુ

બેહુ ગોંળો કેરી ખોળિયે રે મારા ગણેશ દુંદાળા

ગણેશ દુંદાળા ને મોટી ફાંદવાળા.[૩૩]

✦ **પીઠી :-**

શ્રી નીરૂબેને ચારણના જણાવ્યા પ્રમાણે વર-કન્યા માટે, ગાંધીના ત્યાંથી પીઠી મંગાવવામાં આવે છે. હળદર વગેરે પાંચ વસ્તુના મિશ્રણથી તૈયાર કરવામાં આવે છે તેને પીઠી કહે છે. ઘરે લાવ્યા પછી આ પીઠીને સુગંધિત તેલમાં ભેળવી જેના લગ્ન હોય તેના આખા શરીરે ઘસીને ચોળવામાં આવે છે. આથી તેના શરીરમાંથી સુગંધ આવે છે અને ચામડી લીસી સુંવાળી અને ગોરી બને છે.[૩૪]

---

૩૨. રૂબરૂ મુલાકાત - ચારણ, શ્રી નિરૂબેન બી. - લાખવડ.

૩૩. રૂબરૂ મુલાકાત - ચારણ, શ્રી નિરૂબેન બી. - લાખવડ.

૩૪. રૂબરૂ મુલાકાત - ચારણ, શ્રી નિરૂબેન બી. - લાખવડ.

✦ **ગણેશ સ્થાપના :-**

તેમના જણાવ્યા પ્રમાણે ગણેશ સ્થાપનાના દિવસે ઘરની (ઉગમણી) પૂર્વ દિશાની ભીંત ઉપર ગણપતિ ચિતરવામાં આવે છે. (મૂહુર્ત) પ્રમાણે પછી તેમની આગળ કંકુથી લાલ કરેલા ચોખાની કંકોતરી અથવા છપાયેલી કંકોતરી મૂકીને તેમનું આહવાન કરવામાં આવે છે. આ દિવસે કુટુંબીજનોને બોલાવી ગોળ વેચવામાં આવે છે. ઘરના ખૂણામાં ખાંડણીયામાં સાંબેલાથી પાંચ સૌભાગ્ય સ્ત્રીઓ ચોખા નાખીને ખાંડે છે. તેને (માટલી ચોખા)ને ગાંણ કહે છે. શાસ્ત્ર પ્રમાણે ગણપતિજી વિધ્નહર્તા હોવાથી ગણેશ સ્થાપના કરવામાં આવે છે. (વહુઓ (સ્ત્રીઓ) છૂટા કપડા અથવા રાજસ્થાની પોષાક પહેરે છે. લાંબી લાજ કાઢે છે અને સાસુ, મોટા નણંદ, જેઠાણી, કાકીજી, દાદાજી વગેરેના પગ દબાવીને તમામ વડીલ સ્ત્રીઓના આશીર્વાદ લે છે. ટાઢું પેટ, અમર ચૂડો, અખંડ એવા દુધાળાને પુત્રાળા જેના લગ્ન હોય તેને ગણેશજી આગળ બાજોઠ ઉપર બેસાડી છે અને તેની માતા, કાકી, ભાભી, બહેન, ભુઆ વગેરે ભેગા મળી તેના મોઢે, હાથે, પગે, બરડા ઉપર પીઠી ઘસે છે અને ગીત ગાય છે.

હે સાંમલી ભિતેં માંડ્યા સે ગણેશ કે
બારહત માંડી મુરતી
હે મુરતી સરખી હિંગળાજ ભઈની નગર કે
અવસર ઘેલી મુરતી
અવસર તારે માલવો.
હે પીયુજી એમના સુતા છો કે જાગો....

✦ **પીઠીનું ગીત :-**

મારી હળદીનો રંગ શું રંગ કે હળદી મુલવો
વીરના દાદોશા સતર સુજાણ કે હળદી મુલવો.
વીરના દાદીશા સતર સુજાણ કે હળદી કેટવે
મારી હળદીનો રંગ શું રંગ કે હળદી મુલવો

વીરના બાપુજી સતર સુજાણ કે હળદી મુલવે

વીરના માતાજી સતર સુજાણ કે હળદી કેટવે.

મારી હળદીનો રંગ શુ રંગ કે હળદી મુલવો.[૩૫]

✦ ઉકરડી :-

શ્રી નીરૂબેન ચારણના જણાવ્યા મુજબ એવી માન્યતા છે કે બ્રહ્માજીના દિકરી ઉકરડામાં સમાઈ ગયા હોવાથી તેમને પણ આ શુભ પ્રસંગે નોતરવામાં આવે છે. રીતરિવાજ પ્રમાણે જેના લગ્ન હોય તેને ગણેશજીને પગે નમાડી, હાથમાં શ્રીફળ આપી ઘરેથી ઉકેડી તરફ લઈ જવામાં આવે છે ત્યારે રસ્તામાં બાપુ-બહેનો ગાણા (ગીત) ગાતા-ગાતા તેની પાછળ પાછળ જાય છે અને ત્યાં ગોર મહારાજ કાંશથી (ખાડો ખોદવાનું લોખંડનું હથિયાર) ઉકરડીમાં ખાડો ખોદી, એની અંદર ઘરેથી લાવેલો ઘઉંના લોટનો કુલેરનો લાડવો મૂકે છે અને બીજો લાડવો કુલળી ઉપર કોડીયું મુકી તેના પર મુકે છે ત્યાં ઘીનો દીવો કરે છે અને પછી કુટુંબની એક ભાભી ઉકરડીમાં ઢોલના ઢબકારે નાચે છે અને લાડવો લઈને ભાગે છે, પરણનાર તેની ઉપર પાણી ઢોળી હાટકો મારે છે.

આ વિધિ સમયે ગવાતા ગીત

ઉકરડીમાં નાર નાચે ભમરડી રે.

કીયા ભાઈની નાર નાચે ભમરડી રે,

દિપક ભાઈની નાર નાચે ભમરડી રે

નેચી છે પણ ભલી નાચી ભમરડી રે.

કીયા ભાઈની નાર નાચે ભમરડી રે

અશોક ભાઈની નાર નાચે ભમરડી રે

જુઠી છે પણ ભલી નાચી ભમરડી રે.

ગોર કરો રે ઉતાવળ, ગોર લટપટીયા

ગોર ને ગોળી જેવુ પેટ, ગોર લટપટિયા

ગોર ને ડુંગળીયાના ડોળા, ગોર લટપટિયા

---

૩૫. રૂબરૂ મુલાકાત - ચારણ, શ્રી નિરૂબેન બી. - લાખવડ.

ગોર ને નળિયા જેવું નાક, ગોર લટપટિયા

ગોર ને સુપડા જેવા કાન, ગોર લટપટિયા.[૩૬]

✦ **ગોરમટી :-**

ગોર મહારાજ બધી બાયું બેનુ સાથે ગામથી બાર માટી ખોદીને લેવા જાય છે. અને શ્લોક બોલતા કાંશ ને નાડાછડી બાંધી કંકુનો ચાંદલો કરી જમીનમાં ઘા કરે છે. પાંચ સૌભાગ્યવતી સ્ત્રીઓ તેને છાંટા નાખે છે અને કાંશને બહાર કાઢી તેના વડે માટી ખોદીને પીત્તળના પરામાં ભરે છે અને આ માટી ઘરે લાવીને ગોર મહારાજ તેનો લગ્ન માટે જે (ઓટલી) અગ્નિનો કુંડ બનાવે છે તેને ગોરમટી કહે છે.

**ગીત**

થોડી થોડી ગોરમટી તમે લેજો રે

ગોરા ગોરા ભાભી શાગોરમટી લેજો રે

વીર ને માટે કાકીસા ગોરમટી લેજો રે

થોડી થોડી ગોરમટી તમે લેજો રે

ભાભીસાને દેરજી કેટલા વાલા રે

જાણે મારા હારલા માંયલો હીરો રે

થોડી થોડી ગોરમટી તમે લેજો રે.

**ગોર મહારાજની મશ્કરી.**

કંકુ સરીખી ગારેવું મંગાવો, સિંદુર પાડો ઓકડી રે,

દાદા એમના ભાવેશભઈને વારો ઓકળી મારી ખુંદશે રે,

ખુંદે તો ખુંખવા દેજો દિકરો મારો લાડકો રે,

ભાવેશ ભઈ નો દાદાજીને વિનવેને દાદા મારા કરો ઉતાવળ લગન

આયા ઢુકડારે ઘેલા દિકરા ઘેલુના બોલા લગ્નને પરણાશું રે.

ગોર આયા કંકુના પગલે ગોર કુંવારા

---

૩૬. રૂબરૂ મુલાકાત - ચારણ, શ્રી નિરૂબેન બી. - લાખવડ.

ગોર કે હું ઈન્દુ ને પરણું ગોર કુંવારા રે
ગોર આયા કંકુના પગલે ગોર કુંવારા રે
ગોર કે હું નીલમ ને પરણું ગોર કુંવારા રે.[૩૭]

## દિકરીનો માંડવો

શ્રી નીરૂબેન ચારણના કહેવા મુજબ, સંદેહરાના જાડની ચાર થાંભલીઓ લીલાવાસનું ઘાસ ડાળા સાથે ગામના વહવાયાઓને (છાકરડા કોમના દિકરાઓને) લેવા મોકલવામાં આવે છે. તેને દિકરીની માતા તથા કુટુંબની ચાર વહુઓ તેનાથી માંડવાને વધાવે છે. માંડવો લાવનારને વધાવે છે. તેને ગોળ ખવડાવે છે. તેમને પૈસા અથવા કપડાં આપી રાજી કરે છે. આ માંડવો ચાર ખાડા ખોદી ને તેમાં એક એક થાંભલી નાખી અને ઉપવાસના પાંદળાવાળા ડાળા નાખીને તૈયાર કરવામાં આવે છે અને આ માંડવા નીચે સામસામા બાજોઠ ઢાળી અગ્નિદેવ અને બ્રહ્મદેવ (બ્રાહ્મણ)ની સાક્ષીમાં લગ્ન થાય છે.[૩૮]

### લગ્નગીત

હું તો થાળ ભરું રે શગ મોતીડે
હું તો માંડવ વધાવા જાઉં કે મારે સોના સરીખો સૂરજ ઉગીયો
હું તો વહુ રે સંતુ વઉ તમને વિનવું
તમારે દેરાણી લેજો સાથ મારે સોના સરીખો સૂરજ ઉગીયો
હું તો વહુ રે ઉષા વહુ તમને વિનાવું
તમારે સાહેલીયો લેજો સાથ મારે સોના સરીખો સૂરજ ઉગીયો
હું તો ભઈ રે દિલીપભાઈ તમને વિનવું
તમારા ભાઈ બંધ લેજો સાથ, મારે સોના સરીખો સુરજ ઉગીયો.[૩૯]

---

૩૭. રૂબરૂ મુલાકાત - ગઢવી, શ્રી જયરાજ - જોટાણા.
૩૮. રૂબરૂ મુલાકાત - ચારણ, શ્રી નિરૂબેન - લાખવડ.
૩૯. રૂબરૂ મુલાકાત - ચારણ, શ્રી નિરૂબેન - લાખવડ.

## ફૂલેકું

શ્રી નીરૂબેનના જણાવ્યા પ્રમાણે દરેક ગામમાં ફુલેકાના અલગ-અલગ રીવાજ છે. દિકરાનું ફુલેકુ અને દિકરીને પહલી ભરાવવાનો રિવાજ છે. અત્યારે પણ અમુક ગામમાં જુદા જુદા છે. અમુક ગામમાં દિકરી દિકરો બન્ને ઘોડે ચડે છે. કુળદેવીના મંદિરે જઈ વરઘોડો કાઢે છે તો અમુક ગામમાં વરઘોડો કાઢે છે. તો અમુક ગામમાં ફક્ત દિકરા જ આ રીત પ્રમાણે દિકરીને રાત્રે તૈયાર કરી વસ્ત્રો-આભુષણો પહેરાવી હાથમાં શ્રીફળ આપી ગણેશજીને પગે લગાડી ગામમાં કુળદેવી તથા અન્ય માતાજીના મંદિરે (જે ચારણો એ સ્થાપેલા હોય તે) વરઘોડો કાઢીને લઈ જવામાં આવે છે અને ત્યાં માતાજીની કંકુ-ચોખાથી દિકરી વધાવે છે અને માતાજીને પગે લાગે છે. આને પહલી ભરાવી એમ કહે છે. ફુલેકુમાં દિકરાને ઘોડે ચડાવી આખા ગામમાં વરઘોડો કાઢવામાં આવે છે. વાજા વાગે છે. સગાસ્નેહી ગામના કુટુંબીઓ વરઘોડામાં સામેલ થાય છે. પાછળ બાપુ, બેનુ, દિકરીય ફુલેકામાં ગાણા (ગીત) ગાય છે. આ દિવસે જમણવાર પણ હોય છે.

**રાગ : મિશ્રકાફી　　　　તાલ : દીપચંદી**

મારા વીરને કુળદેવીનો માથે હાથ
મોગલની ખમ્માયું માણા રાજ
મારા વીરને પોપટ સરખી બોલી
પંખી પ્યારા લાગે માણા રાજ.... મારા વીરને....
મારા વીરને કુટુંબીયું છે જાજા
જવડી જાનુ જોડો માણા રાજ, મારા વીરને....

**રાગ : મિશ્રકાફી　　　　તાલ : દીપચંદી**

અથમણ ઉડે રે ગુલાલ, કસ્તુરી ઉડે રે સારા શેરમાં
જોશીડાના બેટા તુજને વિનવું, લગનાં લઈ વેલો આય
ગઢ રે ઈડરીયો, રાયવર પ્રણશી
ગઢ રે ઈડરીયો જાતિલો પ્રણશી, અથમણ...
સોનીડાના બેટા તુજને વીનવું પડલાં લઈ વેલો આય
ગઢ રે ઈડરીયો રાયવર પ્રણશી, અથમણ...

પટવીળાના બેટા તુજને વીનવું, અંતરાં લઈ વેલો આય

ગઢ રે ઈડરીયો શોખીલો પ્રણશી.

અથમણ...[૪૦]

## મામેરાનો રીવાજ

દિકરીના લગ્નમાં મામા, મામી, નાના, નાની, તેમના કુટુંબીજનો સાથે દિકરીના ઘરે આવે છે અને ભાણી માટે મામેરામાં દાગીના, કપડાં, વાસણ, પૈસા અને કપડાં આપે છે. બહેન પોતાના પિયર પક્ષના સગાઓને વધાવે છે અને મામેરાને પણ વધાવે છે ત્યારે ભાઈ બહેનને હેતથી ચુંદડી ઓઢાળે છે, જેને વીરાચુંદડી કહે છે.

## મામેરાનું ગીત

મોટાંનાં મામેરાં આયાં, ચાલો જોવા જઈએ રે

મામેરામાં આહામાહા, ચાલો જોવા જઈએ રે,

મામેરામાં કુણકુણ નાચ્યા, ચાલો જોવા જઈએ રે

મામેરામાં હિતુજી નાચ્યા, ચાલો જોવા જઈએ રે

ઉંચા છે પણ ભલે નાચ્યા, ચાલો જોવા જઈએ રે

મામેરામાં કુણકુણ નાચ્યા, ચાલો જોવા જઈએ રે

મામેરામાં સુખદેવજી નાચ્યા, ચાલો જોવા જઈએ રે

જાડા છે પણ ભલે નાચ્યા, ચાલો જોવા જઈએ રે.

**રાગ : જયજયવંતી          તાલ : કેરવા**

| | | | |
|---|---|---|---|
| સા સા સા રે | નિ સા ધ઼ નિ઼ | ગ રે ગમ મ | રે રે સા સા |
| મો ટા નાં મા | મે રા આ યાં | ચા લો જો- વા | જ ઈ એ રે |
| × | ૦ | × | ૦ |
| સા સાનિ઼ સા રે | નિ઼ સા ધ઼ નિ઼ | ગ રે ગમ મ | રે રે સા સા |
| મા મે- રા માં | આ હા મા હા | ચા લો જો- વા | જ ઈ એ રે |
| × | ૦ | × | ૦ |

---

૪૦. રૂબરૂ મુલાકાત - ચારણ, શ્રી નિરૂબેન - લાખવડ.

પેલા નારાણદાન તે થર થર ધ્રુજેસે

મારી સેને રેશે લાજ રે લાલ લીલુડી

મારા સુમેર ભાઈ ઓળા ખોળા પાથર

મારી રૂડી રાખી લાજ રે લાલ લીલુડી

પેલા મુકેશદાન તે થરથર ધ્રુજેસે

મારા આલાપદાન ને ઓળાખોળા પાથરે

મારી ભલી રાખી લાજ રે લાલ લીલુડી.[૪૧]

**ગોત્રીજો**



**૪.૫ ચારણ સમાજની ગોત્રિજો વિધિ**

ગોત્રીજા માટે કુટુંબમાંથી નવા પરણેલા વરવધુને તૈયાર કરવામાં આવે છે. વરને માથે ફેંટો, મોંળ, (મોંળિયો) ખભા ઉપર બાંધી વહુને લાજ કઢાવી તેની ઉપર મોળ બાંધી ઉપરણીના છેડાની અને ઓઢણાના છેડાની છેડા-છેડી બાંધી-બધા કુટુંબની બાયુ અને દિકરીયું ગામમાં ગીત ગાતા ગાતા કુંભારને ત્યાં લઈ જવામાં આવે છે. ત્યાં કુંભારનો ચાકડો પાંચ સ્ત્રીઓ વધાવે છે અને કુંભાર માટીનું બેડુ આપે છે તેને વહુ માથા પર મુકીને (નક્કી કરેલા) બીજાના ઘરે જાય છે. ત્યાં બેડામાં પાણી ભરવામાં આવે છે. આ ભરેલું બેડુ પાળુ માથા પર મૂકી પાછા ઘરે આવે છે. તેને ધીરેથી ઉતારી ગણેશ આગળ માટીનું ખાયણુ કરી તેના પર મૂકી દેવામાં આવે છે. પછી વરવહુની છેડાછેડી છૂટે છે (કુંભારને ઘી, ઘઉં અને ગોળ આપવામાં આવે છે. તેની સ્ત્રીને સાડી આપવામાં આવે છે.)

---

૪૧. રૂબરૂ મુલાકાત - ચારણ, શ્રી નિરૂબેન - લાખવડ.

## ગોત્રીજાનું ગીત

**તાલ : કેરવા**

હું તો ભઈ રે ગજુ ભઈ તમને વિનવું
પેલા કુંભારીની શેરી મત જાજો રે
સોહળ નાખું ચાકળે
પેલી કુંભારીની બેટી રંગે હોયામણી
મારા જાતીલાને રોક્યો હાટાં માંયરે
સોહળ નાખું ચાકળે
હુંતો ભઈ રે ભાવુભા તમને વિનવું
પેલા સોનીડાની હેલી મત જાજો રે
સોહળ નાખું ચાકળે
પેલા સોનીડાની બેટી અંગે પાતળી
મારા શોખીલાને રોક્યો મેલાં માંયરે
સોહળ નાખું ચાકળે.[૪૨]

✦ **ગ્રહશાંતિ :-**

શ્રી નીરૂબેનના જણાવ્યા પ્રમાણે ગ્રહશાંતિ માટે જેના લગ્ન હોય તેના માતાપિતાને તૈયાર કરવામાં આવે છે. તેઓ સુંદર વસ્ત્રો-ઘરેણાં પહેરીને આંગણામાં ગોર મહારાજ પાસે બેસીને ગ્રહશાંતિની વિધિ કરે છે. બ્રાહ્મણ દેવતા શ્લોકો દ્વારા ગ્રહશાંતિની વિધિ તથા માણેક સ્થંભ રોપે છે.

**રાગ : ભીમપલાપી** **તાલ : કેરવા**

### ગીત

આ વરકન્યાનું સુંદીર જોડુ હે પ્રભુજી અમર રહો
જ્યારે સીતાજીએ તપ કરીયા ત્યારે અયોધ્યા
સરખુ સાસરું મળ્યું.

---

૪૨. રૂબરૂ મુલાકાત - ગઢવી, શ્રી લક્ષ્મીબા.

જ્યારે કંચન વહુ એ તપ કરીયા ત્યારે

પેશુઆ સરખુ સાસરુ મળ્યું,

આ વરકન્યાનું...

જ્યારે સીતાજીએ તપ કરીયા ત્યારે

કૌશલ્યા સરીખા સાસુ મળ્યા,

આ વરકન્યાનું...

જ્યારે કંચન વહુ એ તપ કરીયા

ત્યારે લક્ષ્મીબા સરખા સાસુ મળ્યા,

આ વરકન્યાનું...

જ્યારે સીતાજીએ તપ કરીયા ત્યારે

રામચંદ્ર સરિખા સ્વામી મળ્યા

જેવું ચાંદા સુરજનું તેજ તપે એવું વરકન્યાનું હેત વધે.[૪૩]

સા રે **રાગ : ભીમપલાસી** **તાલ : કેરવા**

આ -

| | | | |
|---|---|---|---|
| નિ નિ સા સા | ગ - મ પ | મ - પ પ | પ - પ - |
| વ ર ક - | ન્યા - નું - | સું - દી ર | જો - ડું - |
| × | ૦ | × | ૦ |
| ગ - - મ | પ પ મ મ | ગ ગ રે રે | સા સા સા રે |
| હે - - પ્ર | ભુ - જી - | અ મ ર ર | હો - જયા રે |
| × | ૦ | × | ૦ |
| નિ નિ સા સા | ગ ગ મ મ | પ પ પ પ | પ - નિ પ |
| સી - તા - | જી - એ - | ત પ ક રી | યા - ત્યા રે |
| × | ૦ | × | ૦ |
| ગ ગ ગ મ | પ પ મ મ | ગ ગ રે રે | સા સા સા રે |
| અ યો ધ્યા - | સ ર ખું - | સા સ રું મ | ળ્યું - આ - |
| × | ૦ | × | ૦ |

૪૩. રૂબરૂ મુલાકાત - ગઢવી, શ્રી નિરૂબેન - લાખવડ.

✦ **પાટેથી ઉઠાડવા :-**

શ્રી નીરૂબેનના જણાવ્યા પ્રમાણે ગણેશજી આગળ બાજોઠ પર બેસેલા વરરાજાને ઉઠાડી વરરાજાને જાન જોડવા માટે મામા આવીને હાથમાં શ્રીફળ, પૈસા આપે છે અને બાવહું ઝાલીને હેતેથી ઉઠાડે છે, જેને પાટેથી ઉઠાડવાની વિધિ કહે છે.

અને વરરાજાને સુગંધી તેલ ચડાવવામાં આવે છે. વાટકીમાં તેલ કાઢી સાંય અને જવારના ડોકા વડે પાંચ સ્ત્રીઓ પગના અંગુઠાથી લઈને માથે ફેંટા સુધી આ બંને વસ્તુ તેલમાં ડુબોડીને અડાડે છે, જેને તેલ ચડાવવાની વિધિ કહે છે.

**ગીત**

માંમોસાને ઓરેરા તેડાવો, ભાણુભાને પાટેથી ઉઠાડો,
માંમે આલ્યા માંમેરા ના દાન
કે તોય મારા ભાણુભાના મન થોડા
હિતુમામાને ઓરેરા તેડાવો
માંમે આલ્યાં સોના કેરા દાન
કે તોય મારા ભાવેશ ભઈના મન થોડાં.[૪૪]

**જાન પ્રસ્થાન** (જાનમાં એકલા પુરુષો જાય છે.)

શ્રી નીરૂબેન ચારણના જણાવ્યા પ્રમાણે વરરાજાને વસ્ત્રો અલંકારો પહેરાવી માથે સાફો બાંધી (માંળીયે) ગોળ બાંધી, ખભા ઉપર ઉપરણી બાંધી, હાથમાં કટાર અને શ્રીફળ આપી વરરાજાની બંને બાજુ બે જુવાનીયાઓ ઉપરણી (કાપડનો રંગીન ટુકડો) પકડીને ઘરેથી ચાલે છે. પાછળ ઘરના તમામ સભ્યો જાય છે. (ઘરનું એક સભ્ય ઘરે રહે છે કારણ કે ઘરને આ સમયે તાળું (સાચવણીયું) મારવામાં આવતું નથી.) રીવાજ પ્રમાણે ઘરના તમામ સભ્યો જાનૈયા તથા સગાંવહાલાં, કુટુંબીજનો, દિકરીઓ તથા આમંત્રિત સર્વે વરરાજાને ગામના ગોંદરે જાન વળાવવા જાય છે.

૪૪. રૂબરૂ મુલાકાત - ગઢવી, શ્રી નિરૂબેન - લાખવડ.

## ગીત

(૧) લંવીગોનો લેરી મારો વીર, સોપારીનો શોખીન મારો વીર,

કુળદેવી પરતાપે પરણવા હાલ્યો મારો વીર, લંવીગોનો...

નવલા વેવાઈ સુતા છો કે જાગો (૨)

કોડીલે વરરાજે સીમાડા લોપીયા હો રાજ, લવીંગોનો...

આવી આવી જાડેરી જાન, આવી આવી જાતિલાની જાન

વેવાઈજીને ડેલીએ તોરણ નાંદીયાં હો રાજ

લંવીગોના લેરી મારો વીર....

(૨) કોઈએ મારો માડી જાયો વીર દીઠો રે

હોવે રેબની જોશીડાંની હાડ્યુંમાં દિઠોરે

લાલ લાકડીએ રે કસુંબલ પાઘડી એરે, મુખથી શામળીયો રે

અંગે પાતળિયો રે

હીવેરે બેન લગનાં લખાવતાં દીઠો રે.

(૩) લાડળી તે લખી કાગળ મોકલે રે, રાયવર પૈણવા પધારો રે

જાડેજા હીરનારે, હું કેમ ગોરી એકલો રે... ઘરે મારા

ભેરુબંધ દુભાંય રે જાડેજા હીરના રે

ભેરુડાંને સાથે સુંઢાળશાં રે, રૂડી રીતે પૈણવા

પધારો રે જાડેજા હીરના રે, લાડળી તે...[૪૫]

✦ **સામૈયું :-**

દરેક ગામમાં એક ચોરો હોય છે ત્યાં જાનને ઉતારો આપવામાં આવે છે. ગામની વચ્ચે ચોકમાં જાજમ પાથરી દિકરીવાળા વરરાજાને બાજોઠ ઉપર બેસાડી અને જાનૈયાઓ જાજમ ઉપર બેસાડી જય માતાજી કરે છે. બંને પોતાના હાથ એકબીજાના હાથમાં મુકીને સામૈયું કરવામાં આવે છે. એક તાંબાના ઘડામાં (ગુણીયામાં) ગોળનું પાણી અને બીજા ઘડામાં અમલનું પાણી હોય છે.

---

૪૫. રૂબરૂ મુલાકાત - ગઢવી, શ્રી નિરૂબેન - લાખવડ.

જાનૈયા તથા વરરાજાને હથેળીમાં પહેલા અમલનું અડધી ચમચી જેટલું પાણી આપીને પીવડાવવામાં આવે છે અને પછી ગોળનું પાણી પીવડાવવામાં આવે છે. તેનો મતલબ એ છે કે આજથી આપણે સગાં થયાં, સબંધી થયાં, અમારી ભૂલો-કડવા નીચે અને મીઠા ઉપર કરીને ચાલજો. વરરાજા તોરણે આવે છે, ત્યાં સાસુ દહીં, કંકુ અને ચોખાનો ચાંલ્લો કરે છે. રાખનાં મુઠીયા અને લોટના મુઠિયા જમાઈ પરથી ગોળ ગોળ ફેરવી ચારે દિશામાં નાખે છે. શ્રી નીરૂબેન ચારણ દ્વારા સામૈયા, વેવાયોની મશ્કરીનાં ગીત, કંસારના ગીત, ફટાણાનાં ગીતો, કન્યાવિદાયના ગીતો જણાવ્યા છે, તે મુજબ

### ગીત

જમાઈજી બીડલાં લેશુ રે
અમારે સવામણની રીત અઢિમણ લેશું રે
બીડાં બીડાંની રીત, બીડાં લેશું રે... જમાઈજી...
તમારી બેની અડાણે મેલા બીડાં લેશું રે
લાજ જુલાઓની જાય, એમાં અમારું શું જાય, બીડાં....
જમાઈજી બીડલાં લેશુ રે અમારે સવામણની...

***

સાંમલા દરિયામાં એક સાંઢલળી જેકારો માણારાજ
મારું દલ રોજે હો રાજ
ઈ રે સાંઢલડીમાં સોના મંગાવો માણારાજ, મારું દલ...
ઈ રે સોનાના બાપજીને ટુંપીયા ઘડાવો માણારાજ, મારું દલ....[૪૬]

### વેવાયોની મશ્કરીનું ગીત

ક્યાં રે વેવાયો તમે કઈ વાટે આયા
સુખદેવજીનું બૈરુ વેચી ખારેક લેતા આયા,
ક્યાં રે વેવાયો તમે...

૪૬. રૂબરૂ મુલાકાત - ગઢવી, શ્રી નિરૂબેન - લાખવડ.

કઈ વાટે આયા મુકેશજીનું બૈરું વેચી, ગોળ ખાતા આયા,
ક્યાં રે વેવાયો તમે ઉભી વાટે આયા

***

પેલા નારાણદાન તે થર થર ધ્રુજસે,
મારી શેને રસે લાજરે
લાલ લીબુંડી.[૪૭]

## કંસારનું ગીત

બાપજી લાડો જમેરે કંસાર કંસાર કેવો ગળ્યો રે
ઉપર ઘી કેરી ધાર કંસાર કેવો ગળ્યો રે
ઉપર અણવર ટળાંવળાં રે કંસાર કેવો ગળ્યો રે
ભ્ઈબંધ થોડો તો ચખાડ કંસાર કેવો ગળ્યો રે, બાપજી...[૪૮]

## ફટાણાનો ગીતો

આયા અડદાંનાં ગાડાં મોતીસર વનલા રે.
આવા કાળા જનમ્યા મોતીસર વનલા રે.
કાળાં મા અને બાપ મોતીસર વનલા રે.
આવાં ગોરાં ચ્યાં જનમ્યાં, મોતીસર વનલી રે
ગોરાં ભાઈ ભોજાઈ મોતીસર બાપજી રે
આટલા ઘેલા જનમ્યા મોતીસર વનલા રે.
ઘેલાં બુન બેહનોઈ મોતીસર વનલા રે.
આટલાં ડાયાં શું જનમ્યાં મોતીસર બાપજી રે
ડાયું કાકા કુટુંબ મોતીસર બાપજી રે

***

૪૭. રૂબરૂ મુલાકાત - ગઢવી, શ્રી નિરૂબેન - લાખવડ.
૪૮. રૂબરૂ મુલાકાત - ગઢવી, શ્રી નિરૂબેન - લાખવડ.

વરને ખાખરીએ ખોયુ બાંધો રે વરતો ઉંગસ

એની માતા હાલોળા ગાશે રે વરતો ઉંગસ

એ તો ગુમરી નાળેને નાચ નાચે રે વરતો ઉંઘસ, વરને...

વરની બેન હાલોળાં ગાશે રે વરતો ઉંગસ

એતો ગુમરી નાખે ને ડિસ્કો કરે રે વરતો ઉંગસ.[૪૯]

**કન્યા વિદાય**

આવી રૂડી આંબલીયાની ડાળી,

હીંચકો તે બાંધ્યા હિરનો રે માણા રાજ,

દાદા મારા દેવું હોય ઈ દેજો (૨)

છેટાની વાટે મારે હાલવું રે માણા રાજ

દાદાએ દીધા ગાયુનાં દાનરે (૨)

દિકરીને આણે મોકલ્યા રે માણા રાજ, આવી રૂડી

બાપુ મારા દેવુ હોય ઈ દેજો રે (૨)

અમારે જાઉ સાસરે રે માણા રાજ

બાપુ એ દીધા સોનાના દાન રે (૨)

દિકરીને આણે મેકલ્યા રે માણા રાજ

***

મારા અશોકભાઈને ઓળાખોળા પાથરે

મારી આજે રાખો લાજ રે લાલ લીલુડી

પેલા રમેશદાન તે થરથર ધ્રુજસ

મારા કરણીદાન રે ને ઓળાખોળા પાથરે

મારી રૂડી રાખી લાજ રે લાલ લીલુડી.[૫૦]

---

૪૯. રૂબરૂ મુલાકાત - ગઢવી, શ્રી નિરૂબેન - લાખવડ.

૫૦. રૂબરૂ મુલાકાત - ગઢવી, શ્રી નિરૂબેન - લાખવડ.

## હસ્ત મેળાપ

શ્રી નીરૂબેન ચારણના જણાવ્યા મુજબ દિકરાને માથું ધોફા પાડી ખુલ્લા વાળ રાખી મામાના ઘરનો લાલ રંગનો જે વેશ (કપડા) પેરાવી, વેવાઈના ઘરના ચૂંડા, લગન ચૂડી, ચંપલ, પડલા માતાપિતાના અને મામાના ઘરના દાગીના પહેરાવી લાંબી લાજ કઢાવી તૈયાર કરેલી દિકરીને મામા વાંસના પાંદડાનો માંડવો રોપ્યો હોય છે ત્યાં વરરાજા સમક્ષ ગોરમહારાજના કેહવાથી બોજોઠ ઉપર બેસાડે છે. ગોર છેડાછેડી બાંધે છે. અગ્નિદેવ અને ગોર મહારાજની સાક્ષીએ શ્લોક ધારામંત્ર વચ્ચે હસ્તમેળાપ તથા મંગળ ફેરા કરાવે છે. દિકરીના માતાપિતા જમાઈના પગનો જમણો અંગુઠો ધોઈને દિકરીનું કન્યાદાન કરે છે. ફેરાફરતી વખતે દિકરીનો ભાઈ એટલે સાળો વાંસના સુપડામાં જવ-તલ લઈ માંડવામાં આવે છે અને બેન તથા જીજાજીના હાથમાં જવ-તલ આપીને હોમાવે છે. (તેને સાળસુપડુ કહે છે.) ત્રણ ફેરાએ વર આગળ અને કન્યા તેની પાછળ હોય છે. ચોથે ફેરે કન્યા આગળ અને વરરાજા પાછળ હોય છે આનો અર્થ એ છે કે પતિની કોઈપણ મુશ્કેલીમાં પત્ની ઢાલ બનીને આગળ રહેવાનું વચન આપે છે.

### ગીત

એક ભરરે જોબનીયામાં બેઠા બેનીબા દાદાએ હસીને બોલાવીયા,
કેમ રે દિકરી તમારા દલડાં દુભાણા
કેમ રે આખ્યુમાં આંસુ આવીયા
નથી રે દાદા મારા હલડાં દુભાણા
નથી રે આખ્યુંમાં આંસુ આવીયા
એક કાળો તે વર તમે જો જો હો દાદા,
કાળો તે કૃષ્ણ જેવો લાગશે,
એક ભરરે જોબનીયામાં...
એક ગોરો તે વર તમે જોજો હો દાદા
ગોરો તે રામ જેવો લાગશે,
એક ભરરે જોબનીયામાં.[૫૧]

---

૫૧. રૂબરૂ મુલાકાત - ગઢવી, શ્રી લક્ષ્મીબા.

## વાણેલાંના ગીત

દિકરી પરણીને બે ત્રણ દિવસે ઘરે આવે ત્યાં સુધીની સવાર અને રાત્રે કુટુંબની સ્ત્રીઓ ગીતો ગાય છે જેને વાણેલાં કહે છે.

### ગીત

માળીડો પુછે માલણ જા રે,
આણેલા ભલે પાયાં
કીયો ભઇ રાજવી રે આંણેલાં ભલે વાયાં
કિરણભઈ રાજવી રે આંણેલાં ભલે વાયાં
ફૂલ લ્યાં ફૂલ લ્યાં રે શાંતિદાન રાજવી
શું કરું શું કરું રે માળણ તારાં ફૂલન
માળીડો પુછે માલણને રે.

### ગીત

સુડીલો પુછે કોયલ ક્યાં ગ્યાતા રે
આવી રૂડી આબંલીયાની ડાળ
સરોવરની પાળ મેલીને કોયલ ક્યાં ગ્યાતા રે
દિકરો પરણે રે દાદો શા કેરા રે
જાનૈયાંની ઉડે જાકમ જોડ
હરખીને જોવા ત્યાં ગ્યાતા રે,
સુડીલો પૂછે રે....
સાળોજી પરણે રે જીજાજી કેરા રે
દારુડાંની ઉડે જાકમ જોડ હરખીને જોવા ત્યાં ગ્યાતા રે
સુડીલો પૂછે રે.[૫૨]

---

૫૨. રૂબરૂ મુલાકાત - ગઢવી, શ્રી લક્ષ્મીબા.



૪.૬ ચારણ સમાજની લગ્નફેરા વિધિ

### ✦ દિકરો પરણીને ઘરે આવે ત્યારે....

શ્રી નીરૂબેન જણાવે છે કે દિકરો પરણીને ઘરે આવે તે પહેલા ગામમાં (કળબી) પટેલ અથવા કુંભારના ઘરે ઉતારો નક્કી કરવામાં આવે છે. ત્યાં દિકરા અને વહુને સીધા લઈ જવાય છે. જેના ઘરે ઉતારો હોય છે તે ઘરના તમામ સભ્યો તે વહુને દિકરી માને છે, વર કન્યાને જમાડે છે અને પછી આ વરવધુને કંકુ-ચોખાથી વધાવે છે અને પાણીનો લોટો વહુ અને દિકરા ઉપરથી ઓળઘોળ કરીને પાણી તે બન્નેના પગ નીચે ઢોળી દે છે. (પાણીના લોટા વડે નજર ઉતારે છે) પછી વહુ તરત જ સાસુના સાડલાનો છેડો ઝાલી લે છે ત્યારે સાસુ તેને છેડલો મુકવા બાબત સોનાનું કે ચાંદીનું ઘરેણું આપે છે, પછી છાશ વલોવવાની ગોળી મુકી અંદર દહીં અને પાણી રેડી, રવાયો મુકી વરવહુને છાશ વલોવવાનું કહેવામાં આવે છે. વલોવ્યા પછી બંને દહીમાં હાથ નાખી માખણ જોવાની વિધિ પૂરી કરે છે. ગણપતિ આગળ આસન પાથરી બંનેને બેસાડવામાં આવે છે ત્યાં પિત્તળની પરાતમાં કંકુવાળુ પાણી કરી, તેમાં પાંચ પૈસા, દસ પૈસા, વીસ પૈસા, પચ્ચીસ પૈસા અને એક રૂપિયાના સિક્કા ગોર મહારાજ નાખે છે (હાલમાં આ ચલણ ના હોવાથી એક રૂપિયાના ખાસ સિક્કા અને સોનાની વિંટી નાખે છે) અને વરવધૂને રમાડે છે. બંને આ પાણીમાં હાથ નાંખી એક રૂપિયો શોધવા કહે છે તે પ્રમાણે જેના હાથમાં રૂપિયો આવે તેની જીત થાય છે. આમ પાંચવાર રમાડે છે એવું માનવું છે કે જેના હાથમાં વધારે વાર રૂપિયાનો સિક્કો આવે તેનું ઘરની અંદર વધારે ચલણ રહે છે. ઘઉં અને પતાસાના ખોબા ભરી વર અને વધુ ઘરમાં પાંચ વાર ઉછાળે

છે, ત્યાર પછી કુળદેવીના મંદિરે જઇને સુખડી અને શ્રીફળનો પ્રસાદ માતાજીને ધરાવીને વરકન્યાને પ્રસાદ આપીને માતાજી આગળ જ છેડાછોડી છોડે છે. ઘરે આવ્યા બાદ બહેન ઘરનું બારણુ રોકે છે અને ભાઇ તેને પૈસા અથવા તો કોઇ ઘરેણું આપી બેનને ખુશ કરે છે. આ બધી વિધિ પત્યા પછી કુટુંબની બાઇઓ ઠઠ્ઠા મશ્કરીના ગીતો ગાઇ ગોળ અને પતાસા લઇ ઘરે જાય છે.

આની શેરડીએ વાજાં વગડાવો રે
જાતીલો ઘેરે આવેસે
ઈમના માતાજીને હરખ ન માય રે
કોડીલો ઘેરે આવેસે
આની શેરડીએ ફૂલડા વેરાયા રે
મોજીલો ઘેર આવેસે
ઈમના બાપુજી ને હરખ ન માય રે
શોખીલો ઘેર આવેસે

**ગીત**

કોરા કોરા કંકણને વચ્ચે ચૂડી રે
લાડા પાણે લાડલી દિસે છે રુડી રે
ક્યારે લાડી કીયાં કીયાં તપ કીધાં રે
દ્વારકામાં રણછોડરાય પૂજવા ગ્યાતાં રે
ઈરે તપે પેશુઆ ગામ સાસરું પામ્યા રે,
કોરા કોરા....
ક્યારે લાડી કીયાં કીયાં તપ કીધા રે
ચૈતર મઈને ઓખા અલૂણાં વ્રત કીધાં રે
ઈરે તપે ભાવેશભાઇ સ્વામી પામ્યા રે,
કોરા કોરા....

## ગીત

લાડી હળવ હળવ હેંડ લાડી કાંકરી ન કુચ

તારો વીરો ઘોડો થાશે લાડી કાંકરી ન કુચ

ઈતો અધમણ મેંઠુ ખાશે લાડી કાંકરી ન કૂચ, લાડી...

તારો કાકો ઘોડો થાશે લાડી કાંકરી ન કુચ.

એતો ભલે બચાશે થાશે લાડી કાંકરી ન કુચ

ઉપર ભાવેશભઈ અસવાર લાડી કાંકરી ન કુચ

ઈતો મુંબઈ સુધી જાશે લાડી કાંકરી ન કુચ

## કુળદેવીના મંદિરમાં ગવાતું ગીત

માતા કુળદેવીને દરબાર કે ચંપો માંળિયો હે મા

માતા કુયા ભઈ માંળે ડાળ ક્યાં વઉ છાબ ભરે હે મા

માતા રોહિત ભઈ માંળે ડાળ મંજુ વઉ છાબ ભરે હે મા

એમના ઘડીએ ઘડુલે પુત્ર આપલ તારી સેવા કરું હે મા

માતા ચાળારાય ને દરબાર કે ચંપો માંળિયો હે મા

એક નેનુ શુ લેંબુ રે નિનમ એવાં વઉં ર ઈન્દુ વવરે નિનમ

એમના ખોળે ઝાલરીયો કુંવર રે વધાવો પેલા નંદને

વઉજી કુંવર પોઢાળો સામા પારણે, અમર રેજો એમના સ્વામીજીનું

રાજ કે વધાવો પેલા નંદને, એક નેનું...

એવા વઉ રે આનંદ વઉ રે નિનમ

એમના સાસુજીને લળી લાગે પાથરે વધાવો બીજા નંદને

વઉજી પાયે નમીને શું શું માગીયું

માગ્યું અખંડ હેવાતણ અમર ચુડલો

ચીમર રેજો એમના સ્વામીજીનું રાજ રે

વધાવો બીજા નંદને.

## મશ્કરીનાં ગીતો

ખાખરીયા પાનામાં ઢંગ નથી એવો ઢંગ નથી એવો ઢાળો નથી

રમા વહુના બોલ્યામાં ઢંગ નથી, ખાખરીયા પાનામાં...

શોભા વહુના હેડ્યામાં ઢંગ નથી એવો ઢંગ નથી એવો ઢાળો નથી,

ખાખરીયા પાનામાં...

લક્ષ્મી બાના હસ્યામાં ઢંગ નથી, એવો ઢંગ નથી એવા ઢાળો નથી.

લાંબી કડછીનો ટૂંકો ડાંડો

તેનું ધન શે વર રે

અજીતભઈ હાંઢને જયાં વઉં બાંડ

તેનુ ધન શે વર રે

પાડોશીઓને પાટવે મારે, કુટુંબીએ ગળદે મારે

અશોક ભઈ હાંઢને સેતુ વઉં બાંડ

તેનું ધન શે વર રે

દિકરીઓને ડોળા કાઢે, ભાંણેજીયાંને ભુખ્યાં કાઢે

તેનું ધન શે વર રે

કુંવાશીઓને કાપડુ નાલે તેનું ધન શે વર રે.

આંણ પડ્યું રે પાતાળ આંણ ડોલસ

મારે કિયાં ભઈની નાર આંણ ડોલસ

મારે શંભુભઈની નાર આંણ ડોલસ

કર્યો કર્યો સોનિડા સાથ આંણ ડોલસ

લાઈ કડલાંની જોડ આંણ ડોલસ

મારી અલારણ વઉં મારી, ડલારણ વઉં

આવો સદાય કરજે સાથ આંણ ડોલસ

આંણ પડ્યું રે પાતાળ....

ચાલો ચાલો ગાનારીઓ ઘેર જઈએ
અમર નિતા વઉ આલો તો ખુશખુશ થઈએ, ચાલો ચાલો....
એવી જાડીને અમે શું કરીએ
અમને રંજન વઉં આલો તો ખુશ ખુશ થઈએ, ચાલો....
એવી કાળી ને અમે શું કરીએ
અમર રતન વહું આલો તો ખુશ ખુશ થઈએ, ચાલો....[૫૩]

✦ **મરસીયાં :-**

કહેવાય છે કે જ્યારે ચારણની બાઈ કોઈ દુઃખદ ઘટનામાં તેના સ્નેહીને યાદ કરીને ગળામાંથી ગુંથાયેલા ગળગળા હાદે મરસીયાં ગાય ત્યારે પથ્થર પણ પીગળી જાય છે. મરસીયાંના શબ્દોમાં એટલી કરુણા અને દુઃખ હોય છે.

## દુહાઓ

અરે રે કટકી ભાંગું ચુડિયું હુંતો રોઉં જાંપા બાર
પણ મરજો નઈ કોઈ જ્યાં ઘરમાં હોય નાની નાર.
અરે રે સાગરથી મુકી જોને દોટ, હિમાલય હલબલીયા
સગળા મારા સુખય આજ સરગે સિધાવીયા
પણ દિકરા મારે ઉગીયો, ઉગીને આથમીયો
મારે ભવ ભવના છેટા પડ્યા, હવે વહમા દિને રાત
તારે જાતા મૂળ તૂટીયા, વંશની વેલીના
આજ દુઃખના ડુંગર ડોલીયાં, મારી વાલ્યુનાં વિહામા.

## ઘરમાં બેસીને મરસીયા દ્વારા થતો વિલાપ

અગ્નિ સંસ્કાર કરવા લઈ જાય ત્યારે તમામ સ્ત્રીઓ નાવા ઉતરે છે. નાવા જતી વખતનો વિલાપ. આ વિલાપમાં છાતી અને સાથળ ને હાથ વડે એક સરખા કુટે છે.

ઓય વાંણીડો આયો ડેલી બાર

---

૫૩. રૂબરૂ મુલાકાત - ચારણ, શ્રી નિરૂબેન બી. - લાખવડ.

હાયે રે રાજવણ હાયે હાયે
વલંગીયુ લાયો ભારે મુલની રે
હાયે રે રાજવણ હાયે હાયે
ઓય રે મારા બાપુજીને કાજ રે
હાયે રે રાજવણ હાયે હાયે
ઓય રે હોદાગર આયો ડેલી બાર
હાયરે રાજવણ હાયે હાયે
ઓય ઘોડી લાયો ભારે મુલની રે
ઓય રે મારા ભરતદાનને કાજ
હાયરે રાજવણ હાયે હાયે
ઓય ઢળિજ્યાં મા જમરાત
હાયરે રાજવણ હાયે હાયે.[૫૪]

આ બધી સ્ત્રીઓએ લાંબા છાતી સમા ઘુંઘટ તાણ્યા હોય છે. જેના પતિનો સ્વર્ગવાસ થયો છે તે સ્ત્રીને પણ સ્ત્રીઓ સાથે લઇ જાય છે નાવા માટે અને બધી સ્ત્રીઓ તળાવમાં ઉતરે છે. બે-ત્રણ વિધવા સ્ત્રીઓ પેલી બાઇના હાથની ચુડીઓ પથ્થર વડે ભાંગી નાખે છે અને તેને પણ નવડાવીને ઘરે લાવે છે. પેલી વિધવા બાઇ વચમાં અને આગળ પાછળ બધી સ્ત્રીઓ આકરંદ કરતી કરતી, ગામના ગોદરે વિસામો કરી, ચોકમાં આવીને પાછા છાતી કુટે છે. ઘરના આંગણામાં બધી સ્ત્રીઓ મોઢું ઢાંકે છે. વિધવા સ્ત્રીને ઘરમાં લઇ જઇને એક ખૂણામાં બેસાડવામાં આવે છે અને તેને ખુણામાં પોણા બે મહિના કે પછી પોણા ચાર મહિના કે પોણા છ મહિના રાખવામાં આવે છે. પહેલાના જમાનામાં બાર બાર મહિના સુધી ખૂણો ભોગવતા. તેને કાંઇ પણ કારણ સંજોગ ઘરની બહાર કે આંગણા સુધી નીકળવું હોય તો વહેલી સવારે અંધારે અંધારે અથવા મોડી રાતે લઇ જવામાં આવે છે. બાર દિવસ સુધી સવાર-સાંજ રોજ મોવાળવામાં આવે છે. ઘરની તમામ સ્ત્રીઓ તથા પરણેલી દિકરીઓ સાડલાનો છેડો કમરમાંથી કાઢી સવા હાથનો ઘુંઘટ વાળીને

૫૪. રૂબરૂ મુલાકાત - ગઢવી, શ્રી લક્ષ્મીબા.

આકરંદ અને કરુણામય વિલાપ કરે છે, તેને મોઢું ઢાંક્યું કહે છે. વિધવા સ્ત્રીઓ લાજ તાણીને છૂટા હાથે રડે છે. ત્રણ દિવસ ટાઢી માટીનો કોરા ઘડાને પાણી ભરીને સ્મશાને મૂકવામાં આવે છે. આ ત્રણ દિવસ ઘરમાં ચુલો સળગતો નથી. કાકા કુટુંબમાંથી બે ટંક જમવાનું આવે છે. કઢી, ખિચડી અને રોટલી આ ત્રણ દિવસ પછી ઘરમાં રંધાય છે. ત્યારે આખા કાકા કુટુંબના સભ્યો ત્યાં સવાર-સાંજે બાર દિવસ સુધી જમે છે, તેને કરબો કહે છે. એક ટંકમાં ૫૦ થી વધુ માણસો હોય છે.

**૪.૨.૧.૭ સુવાળુ (સુતક) :-**

ઘરનો તમામ પુરુષ વર્ગ તથા કુટુંબી ભાઈઓ માથેથી વાળ અને દાઢી ઉતરાવે છે અને આ દિવસે પણ બધાને જમાડવામાં આવે છે. બારમા ના દિવસે વિધવા દિકરીના પિયરીયા તેના સાસરે ગામના સગાવાલાનો સંગાથ (હાથ) લઈને કાણે (લોકાચાર) જાય છે. આ દિવસે ગામે ગામ રહેતા સગા વાલા તમામ આવે છે. આ બધાને અશુભ પ્રસંગની જાણ કરવા માટે (કાળોત્રી) એટલે કે કાગળનો એક ખૂણો તોડીને એક ભાગ કોરો રાખીને આ અશુભ સમાચાર લખી મોકલવામાં આવે. ત્યારે આવી રીતે જાણ થતાં ખૂબ વિલાપ, રૂદન અને આક્રંદ કરે છે. ત્યાં પણ જાણ થતા મોં વાળે છે અને બહારગામના સગા-વ્હાલા તથા પિયરીયા તે મૃતના નામનું ન્હાય છે. મૃતકના ઘરે બાર દિવસ સુધી મોં વાળવાની પ્રક્રિયાને સંપાળો અથવા હંપાળો કહે છે.

જેનું મૃત્યુ થયું હોય તેના ઘરના નેવામાં દાતણ-પાણીનો કળશિયો (લોટો) ચા, દૂધ, જમવાનું વગેરે મુકવામાં આવે છે. બાર દિવસ સુધી સ્ત્રી રંગીન કપડા પહેરે છે. બારમા દિવસે પિયરીયા શોકનો સાડલો લઈને આવે છે. તે દિવસથી તે સ્ત્રી રંગીન કપડાં છોડી એક જ રંગના કાળા, રાતા અથવા વાદળી કે ઘાટા જાંબલી રંગના કપડાં પહેરે છે.

સાસરીયા અને સગાવાલા તથા પિયરીયા ભેગા મળીને ઊંચા હાથે છાતી કૂટી કૂટીને વિલાપ કરતાં ફૂટી ફૂટીને રોવે છે. બારમાના દિવસે બ્રાહ્મણ દ્વારા આંગણામાં સજ્જા ભરવામાં આવે છે. સજ્જા ન ભરાય ત્યાં સુધી ઘરના કે પિયરીયા જમતા નથી.

સજ્જામાં લવાતી સામગ્રી ખાટલો, ગાદલું, રજાઈ, છત્રી, ચંપલ, કપડાં, ચાંદીની ગાય વગેરે બ્રાહ્મણને આપવામાં આવે છે. બ્રાહ્મણ જીવંત ગાયના પૂંછડા ઉપર પાણી અંજળી અપાવે છે અને મનોમન તમારે મૃતક પાછળ જે કાંઈ પુણ્ય દાન કરવું હોય તેનો સંકલ્પ અપાવે છે. તેને દેશી ભાષામાં પૂંછપાણી કહે છે. (તળપદી ભાષામાં પૂંસપાણી કહે છે.)

સાસરીયા અને પિયરીયાની સ્ત્રીઓ આંગણામાં ઉભા ઉભા ઊંચા હાથે છાતી પર એક સરખે કૂટે છે અને વિલાપ કરે છે.

હાય હાય
હાય તમાંન હાય હોરઠિયા હાય હાય
હાય વર તારી, હાય હાંશીલા, હાયરે શેરીઓ
હાય હાય
હાય મોભિડા હાય હાય
હાય ભેરુડા હાય હાય
હાય ભાણુભા હાય હાય
હાય કોડીલા હાય હાય
હાય શોખીલા હાય હાય
હાય દાદાભા હાય હાય
હાય બાપુજી હાય હાય
હાય ખંતીલા હાય હાય
મરગો બોલ્યો માજમરાત
હાય શેરીઓ હાય હાય
રથડો ચાલ્યો માજર મરાત
હાય રાજળી હાય હાય
ઈતો હાલ્યા સરગની માંય
હાય વાસ્તો હાય હાય
હવે રથડો નઈ વળે રે
હાય માનીતા હાય હાય
તમારી વાટ્યું જોવે બેનીબા
હાય બંધવા હાય હાય.[૫૫]

૫૫. રૂબરૂ મુલાકાત - ગઢવી, શ્રી લક્ષ્મીબા.

બારમાના દિવસે વરસી વાળે છે. માટીના કોરા ઘડામાં સ્મશાનમાં નાના નાના હાડકાં લઈને મૂકે છે અને આ ઘડો ઘેર લઈને આવે છે તેના પર કપડું બાંધીને મૂકી દેવામાં આવે છે. શોક (હોગ) ન મૂકાય ત્યાં સુધી માતા, કાકી, ભાભી, પરણીત બેન, ભાણી, ભત્રીજી વગેરે શોકના સાડલા ઓઢે છે અને કપાળ ઢંકાય ત્યાં સુધી લાંબુ ઓઢે છે.

શોક મૂકવાનો સમય નક્કી કરેલા મહિને મુકાય છે. આ દિવસે બધા ભેગા મળી પોત પોતાના પિયરેથી આવેલો નવો સાડલો પહેરે છે અને મોઢામાં ગોળની કાંકરી મુકી શોક દૂર કરે છે. પણ જનારનું દુઃખ તો સૌના મનમાં ભારોભાર હોય છે. શોક દૂર કર્યા પછી પણ બાર મહિનામાં જેટલા તહેવાર આવતા હોય તેટલા તહેવારે સ્વજનો ભેગા મળીને પુણ્યદાન કરીને એકબીજાના સુખદુઃખની વાતો કરીને મનને હળવું કરે છે.

### ૪.૨.૨ સાબરકાંઠાના ગરોની લોક પરંપરા :-

સાબરકાંઠાના દરેક જિલ્લાના દરેક તાલુકાઓમાં વસવાટ કરતી મુખ્યત્વે ભિક્ષાવૃત્તિ પર નિર્ભર, અર્ધ ભટકતી જાતિઓમાં ગણાતી, અત્યંત ચતુર અને સોહામણી, 'ગરો' જાતિની પણ ઉજ્જવળ લોકપરંપરા છે. તેમના ઉદ્ભવ અંગે વૈજ્ઞાનિક પાયા પર કોઈ સર્વગ્રાહી ચોક્કસ વિધાન કરવું મુશ્કેલ છે. પરંતુ જ્ઞાતિના ઉદ્ભવ અંગે મહદઅંશે દંતકથાઓ પર આધાર રાખવો પડે છે. મારા ક્ષેત્રનિરીક્ષણ કામ દરમ્યાન ગરો સમાજના વૃદ્ધો પાસેથી વિપુલ પ્રમાણમાં મળેલી દંતકથાઓ, આ સમાજના પ્રચલિત રીતરિવાજો, તેમનો વ્યવસાય, અસ્પૃશ્ય સમાજમાં બ્રાહ્મણ તરીકેનું કાર્ય, પેઢી દર પેઢીથી ઉતરી આવેલું જ્યોતિષ અંગેનું જ્ઞાન, તેમનો આહાર, પોશાક તેમના નામો, અટકો, ગોત્ર વ્યવસ્થા, તેમની છુપી બોલી (પારસી) સંસ્કૃત અંગેનું જ્ઞાન, તેમનો ધર્મ, ધર્મ પ્રચારનું કાર્ય, અસ્પૃશ્ય સમાજમાં તેમની વિશિષ્ટ જીવનપ્રણાલી લોક પરંપરા અંગેનું જ્ઞાન વહીવંચાઓ પાસેથી મળતી માહિતીને આધારે સમજી શકાય છે. આ જ્ઞાતિનો તલસ્પર્શી અભ્યાસ ડૉ. મહેશચંદ્ર પંડ્યાએ તેમના પુસ્તક 'લોકસાહિત્યના પરિપ્રેક્ષ્યમાં સાબરકાંઠાના ગરો'માં કરેલો છે. આ અધ્યયનમાં વિવિધ તબક્કે માહિતી પૂરી પાડનાર જ્ઞાતિના આગેવાનો અને વડીલો જેવા કે શ્રી રૂપાભાઈ પંડ્યા, નથ્થભાઈ પંડ્યા, સ્વ. દામોદર પંડ્યા વગેરેનો ખૂબ ખૂબ આભાર પ્રગટ કરતા ખુશીની લાગણી અનુભવું છું.

### ૪.૨.૨.૧ દંતકથાઓ :

ક્ષેત્ર નિરીક્ષણ દરમિયાન વૃદ્ધો પાસેથી સાંભળવા મળી, તે દંતકથા અનુસાર આ સમાજના મુળ પુરુષે ગુરુકન્યા સાથે અથવા ગુરુભગિની સાથે લગ્ન કર્યું. તેથી ગુરુએ અને સમાજે તેનો બહિષ્કાર કર્યો. પરિણામે તે મૂળ પુરુષે હલકી વર્ણમાં જઈ ગુરુકાર્ય શરુ કર્યું તેથી તેઓ ગુરુ કહેવાયા. પણ અસ્પૃશ્યેતર વર્ણો તેમને તિરસ્કારથી જોવા લાગી અને તિરસ્કાર દર્શાવવા માટે વપરાતાં 'ડા' પ્રત્યયનો ઉપયોગ થયો. જેમ ભીલનું 'ભીલોડા' કે મનુનું 'મનુડા' તેમ ગુરુનું 'ગરુડા' વપરાયું હશે અને 'ગરુડા'માંથી 'ગરોડા' થયું. ગુજરાતમાં ગરો સમાજની વ્યક્તિ પ્રત્યે તિરસ્કાર દર્શાવવા 'ગરોડા' શબ્દ વપરાતો હતો.

ગુરૂકન્યા કે ગુરુભગિની સાથે આ સમાજના મૂળપુરુષે લગ્ન કર્યું હશે એવો મત 'બોમ્બે મેગોરિયર' વોલ્યુમઃ૯, ભાગ-૧ માં તથા 'ભારતીય સંસ્કૃતિ કોષ' પૃષ્ટ નં.૭૪૪ માં પણ નોંધાયો છે.

તેઓ દવે, જોષી, શ્રીમાળી, શુકલ વગેરે બ્રાહ્મણો જેવી જ અટકો રાખે છે. બ્રાહ્મણો જેવી જ ગુજરાતી બોલી બોલે છે, બ્રાહ્મણોની જેમ જ જમતાં પહેલા સ્નાન કરે છે. વણકર, ચમાર, સેનમા, તુરી અને ભંગીના બ્રાહ્મણ તરીકે તેઓ કામ કરે છે. બ્રાહ્મણોના ઉપવાસો અને રજાઓ પણ પાળે છે. બ્રાહ્મણોની જેમ જ ૫ થી ૯ વર્ષ સુધીમાં બાળકોને ઉપનયન સંસ્કાર પણ આપે છે.[૫૬]

### ૪.૨.૨.૨ ગરો સમાજના સામાજિક રીતરિવાજો અને પરંપરાઓ :

હિંદુ સમાજ સંસ્કાર અને પરંપરાઓને હિંદુધર્મના અગત્ત્યના લક્ષણ તરીકે ઓળખાવે છે. હિંદુ ધર્મમાં ચાલીસ સંસ્કારો મહત્ત્વના ગણાય છે.

પ્રથમવાર ગર્ભધારણ કરનાર સ્ત્રી તેના પતિ તથા બંને પક્ષના સગા સંબંધીઓ માટે ખોળાભરણું અત્યંત આનંદનો અવસર ગણાય છે. છ માસનો ગર્ભ થાય ત્યારે વડીલો ખોળાભરણાની (સીમંત) ની ઉજવણી કરે છે અને ગીતો ગાય છે. આ પ્રસંગે કન્યાપક્ષના સગા કન્યાને કિંમતી કપડા અને સ્થિતિ પ્રમાણે ઘરેણાં આપે છે. ગરો સમાજમાં લગ્ન પ્રસંગે મામેરું વધાવતી વખતે પણ નારીવૃંદ દ્વારા સુંદર ગીતો ગાવામાં આવે છે.

''હું તો જોવું મારા ચઢુંને ચંપે ઉતરું,

---

૫૬. ભારતીય સંસ્કૃતિ કોષ, ખંડ-૨, પા.નં. ૭૪૪

હું તો જોવું મારા માડીજાયા વાટ,

મામેરાં મોંઘા મૂલનાં,

વહુની સાસુ તે મચરક બોલીયાં,

વહુના આયો તારેલો વીરો,

મામેરાં મોંઘા મૂલનાં''

આ ઉપરાંત બીજા ઘણા બધા ગીતો જેવા કે...

''વીરોજી આવ્યા ને વાડીએ ઉતરીયા,

કહોને બેની તમારી નગરીની રીતો

એરે રીતે અમે ચાલીએ

મારા સસરાને પાઘડી લઈ ચાલો

મારાં સાસુજીને સાડલો રે.''

ચુંદડીનું વર્ણન કરતું ગીત

''ચૂંદડી નવારે નગરથી ચુંદડી વાપરી,

ચૂંદડી આવી ઊતરી ગાબડ ગામ રે,

માડીને જાયે મૂલવી,

ચૂંદડી ઉકેલું તો ધરતી ઢંકાય રે,

માડીને જાયે મૂલવી...

આ ઉપરાંત,

મામેરામાં શું શું આવ્યું,

ચાલો જોવા જઈએ રે.

મામેરામાં હીરકીર આવ્યાં,

ચાલો જોવા જઈએ રે.

મામેરામાં વેવાઈ આવ્યા,

ચાલો જોવા જઈએ રે.

આવા ગીતો ગાઈને મામેરું વધાવવામાં આવે છે.[૫૭]

આ સમાજમાં સ્ત્રી પુરુષોને કુદરતે મધુર ગળાની ભેટ આપી છે. તેમના વ્યવસાય સાથે ગાવાનો સંબંધ હોવાથી તેઓ ઘૂંટેલા ગળે સુંદર રીતે ગાઈ શકે છે. હાલરડાં ગાવાનો શોખ આ સમાજમાં ખાસ જોવા મળે છે.

''હાલરડું ઘણું વહાલુ હો ભાઈને,
હાલરડું ઘણું વહાલું,
ચકમક ચકલી સોનેથી મઢાવું,
પારણીને પોપટ પધરાવું, હો ભાઈને...
''હાલા ગજો રે ગોરી ભાઈના-
હાલા... હા... લા...
હાલ વ્હાલનું હાલરૂંને, વાવ્યા મગચણા ને ઝાલરું,
ઝાલર ખાશે બોકડાને ભાઈ રમે સોનાના દોકડા,
રે ગોરી લઈ વ્હાલા...''
ભાઈ તો મારો ડાહ્યો ને,
પાટલે બેસી નાહ્યો,
પાટલો ગયો ખસીને,
ભાઈ તો પડ્યો હસીને, રે ગોરી લઈ....''[૫૮]

આ સમાજની પ્રત્યેક સામાજીક વિધિમાં 'ધામોટ' નું સ્થાન હોય છે. ગામનો કે કુટુંબનો કુંવાસો ધામોટું કરે છે. ધામોટ બંને પક્ષની સંમતિ લઈને બોલ બોલે છે.

'અદારથ પદારથ એણી પેરે ઓચર્યો
વેદને વ્યાસ કહે સાચું
છઠ્ઠીની રીતે જે લેખ લખિયા

---

૫૭. રૂબરૂ મુલાકાત : પંડ્યા, શ્રી ચરખીબેન - ગાબર

૫૮. રૂબરૂ મુલાકાત : ફરેડી, શ્રી ગંગાબેન - ગાબર

તે બ્રહ્મા, વિષ્ણુ કે મહેશથી ન પડે પાછું,

એ... મહારાજ, આ વિધાતાના લખિયા લેખ રે...

આ ઉપરાંત લગ્નની તિથિ નક્કી કરવાની હોય ત્યારે કન્યાની સહેલીઓ દીકરીના બાપાને સારો ઘાટીલો, સોપારી જેવો વર શોધવા વિનંતી કરતી હોય તેવાં ગીતો ગાય છે. લગ્નવિધિના તમામ ગીતો અને માહિતી વાલીબેન પંડ્યા દ્વારા આપવામાં આવી છે.[૫૯]

''બેની ગોખલે બેસીને પાન રે ચાવ,

સુણો રે બાપાજી મારી વિનંતી,

બાપા કાળો તે વર ના જોશો રે બાપા,

કાળો તે કુળ લજાવશે,

બાપા ધોળો તે વર ના જોશો રે બાપા,

ધોળા તે નિતની નજરો લાગશે.''

લગનિયાં લેતા સમયે એટલે કે મુહૂર્ત જોવડાવી વરપક્ષને લગન આપવા જાય ત્યારે તેમની વિદાય સમયે લગનિયાઓને તથા આવનાર બનડાજીને શીખ આપતાં ગીતો ગવાય છે.

''લગનાં જોઈએ તે જોષીડો સાથે લેજો રાજ,

લગનાં વરસાવી વહેલા આવો રે વહેવારી વીરા,

તેલ ચઢયાને કીજો ઘોડીલા ધીમા હાંકે રાજ.

ગણેશ બેસાડવાની વિધિમાં..

'પાછલી ભીંતે લખીયા ગણેશ,

સુધ બુધ લખજો પૂતળાં.. એમ ગાય છે.

ગણેશ પૂજન વખતે આવા ગીતો સંભળાય છે કે :

'પહેલા ગણેશને બીજા પરમેશ્વર,

ચાલો ગણેશ આપણ જોષી ઘેર જઈએ,

જોષી ઘેર જઈએ રૂડાં લગનીયાં વરસાવીએ,

---

૫૯. રૂબરૂ મુલાકાત : પંડ્યા, શ્રી વાલીબેન - માલપુર

મારા કુમુદભાઈનાં લગન નિરધારો રે.

મારા ગણેશ દૂંદાળા,

ડૂંડે દુંદાળાને સૂંઢે સૂંઢાયા.''

પીઠી ચોળવાની વિધિ વખતે પણ મધુર ગીતો ગવાય છે.

''તાપેણ તાવેલ ધીયાં, વાટકડે ખડખડયા રે,

પ્રવીણ વીરો બેઠા છે પાટ, બોલાવો એમની ભાભીને

ભાભીને મોટેરાં માન, આવોને પીઠી ઓળવા રે,

''પાવો ભલો પાટણ ભલું રે,

નગર ભલું નડિયાદ

આવોને પીઠી ઓળવા રે.''

ગણેશ બેઠા પછી વરકન્યાને પીઠી ચોળાય છે અને વસ્તીમાં ફૂલેકાં લેવાય છે. સુંદર સાડીના ચાર છેડાને પહોળા કરી બે જુવાનો ઊંચે હાથે પકડે છે. તે સાડીની નીચે પીઠીભર્યા વરરાજા તથા લોટામાં લૂણ (મીઠું) થોડા પૈસા નાખી લોટાના મુખને હાથ રુમાલથી ઢાંકી દઈને લૂણ ખખડાવતી લૂણારી હોય છે. લૂણારી વરની બહેન કે ભાણી બને છે. તેમની પાછળ સ્ત્રીઓ બાળકો ગીતો ગાતાં ગાતાં શેરીએ શેરીએ ઘૂમે છે.

''બનડાજી તો પાન આવ ન રસ ઢોળે રે

રાજા સાહેલીનો બનડો

બનડાજી તો પાઘા બાંધેને પ્યારા લાગે રે,

રાજા સાહેલીનો બનડો.''

ફુલેકાંમાં ફરતા ફરતા મંદિર આગળ આવે ત્યારે ઘામોટ અથવા જેને આવડે તે અશ્લોકો બોલે છે. અશ્લોકોમાં જુદા-જુદા દેવોને વરકન્યાના રક્ષણ માટે આહવાન અપાય છે. આ સમાજમાં બબરુવાહનો અશ્લોકો, વરરાજાનો અશ્લોકો, રાવણનો અશ્લોકો, રૂક્ષ્મણિનો અશ્લોકો, શામળાજીનો અશ્લોકો અને પ્રાણનાથનો અશ્લોકો વગેરે બોલાય છે.

''સરસ્વતી માતા તુજને પાયે લાગુ,

વેદ વધા (વિદ્યા) ઘણેરી માંગુ,

એક મનથી રે સાંભળજો લોકો

વરરાજાનો કહું છું અશ્લોકો-

વર ઘોડે ચઢીને ચૌરામાં ચાલ્યા,

તે તો મહાજનના લોકે વખાણ્યા,

વરના જાનૈયા..... રૂ......ડો....

વરના જાનૈયા રૂડા જે દિશે,

ચાવે લવીંગ ફોફળ પાન,

પછી સાબોજી..... રૂ.... ડો....

લીલુડા વાંસની ચૉરી ચીતરાવો

વાગવરણા રે ચોક પુરાવો

પહેલા મંગળ ફરતાં ને ફરતાં

બીજા મંગળ ચૉરીમાં વત્યો,

ત્રીજા મંગળ આથ ઘરણાં થાય,

ચોથા મંગળ પરણી જો ઉઠ........ રૂ......ડો.........

વર ઘર નજીક આવે ત્યારે બહેનો વીરાને પુછે છે કે 'ફુલેકામાંથી શું લઈ આવ્યા?

ફૂલેકડાને જયાતા વીરા શું લાવ્યા રે

લાવ્યા લાવ્યા ગરથ-ભંડાર,

કે લાવ્યા તેજી ઘોડીલો રે.

ઘરમાં પ્રવેશતાં પહેલાં વરની માતા વરને પૂંખે છે ઓવારણાં લે છે, તે વખતે,

છેલ છબીલા ઊભા છે મોટા ડોળાવળી પૂંખે છે,

અલ્લાડી રે અલ્લાડી,વીરો પૂંખે તે બલ્લાડી,

ઊતરી રે ઊતરી વીરો પૂંખે તે કૂતરી,

આ ઉપરાંત,

માતા જશોદા પૂંખે રે વીરો શાને પૂંખાયા,
આડા ધરિયા છ પામરિયાના છાંય રે,
એણે પામરિએ વીરો પૂંખાયા,
પેલી છોરી પૂછ રે છોરો શાને પૂંખાયો,
આડા ધરીઆં છ ખાખરીઆનાં પાન રે,
એરે પાને છોરો પૂંખાયો.

ત્યારબાદ ગૃહશાંતિ ગોતીડોની વિધિ કરવામાં આવે છે અને ત્યારબાદ કન્યા વિદાય જાન વળાવવાના ગીતો ગાવામાં આવે છે.

વરની જાનો હાલીરે, વરની ફોજો હાલી રે,
વરનાં માતાજી ચાલવા ન દે,
મેલો મેલો માતાજી મારો સામરથી છેડલો
મારે જાવું રે લાડકડીના દેશરે, બાલુડા વરને ધાનના ભાવ,
વરને ધાનના ભાવી, વરને નિંદરા ના આવ,

આ ઉપરાંત માતૃહૃદયની ઝાંખી કરાવતું ગીત પણ ગવાય છે.

વાટ વચ્ચે વાવલડી ગોડાવો મારી સૈયરો,
પાણી પીશે બાળાવટની જાન રે,
લપેરો, ઝપેટો નણદલ લ્હેરિયું મારુજી.
વાટ વચ્ચે કંદોઈ બેસાડો મારી સૈયરો,
ભોજન કરશે બાલાવટની જાનરે,
લપેટો, ઝપેટો નણદ લ્હેરિયું મારુજી.''

છેવટે જાન વળાવીને પાછા વળ્યા પછી ઝાંપામાં પેસતાં પેસતાં ગાય છે.

''વીરા તમને વળાવીને પાછા આવીયો,
અમે ઊભેલાં ઝાંપલીયા હેઠ,

ઝાંપલીઓ વરસ્યો મીણે મોતીડે.''

વેવાઈ-વેવણના ફટાણોની પણ રમઝટ બોલાવતી હોય છે.

''વેવાઈ આવ્યા રે અમારા દેશ, ગાગર ઘુંમ
એમને આલો રે ખોખલી જાર, ગાગર ઘુંમ
એ તો વાટે જતાં વેરી બેઠો, ગાગર ઘુંમ
એ તો સુપડુ લઈને સોવા બેઠો, ગાગર ઘુંમ.''

આ ઉપરાંત,

''મારો રાતી દાંડીનો ચાબખો
વેવાઈ કરને સલામ, વેવાઈ કરને સલામ,
નહિ તો ફેરવીવાળુ છાબકો
ભાઈસાબ, કરું સલામ, બાપજી, કરું સલામ,
ના ફેરવી વારશો છાબકો.''

વરને તૈયાર કર્યા બાદ વરની સાસુ ગાનારીઓ સાથે વરને વધાવવા માટે જાય છે અને ત્યારે આ ગીતો ગવાય છે.

''આંણી ધૂંસર પૂંસ-પનોતરી
વરકન્યા હજારામણ રહેજો રે.

(અહીં ધૂંસર એટલે બળદની ધૂંસરીનો ઉલ્લેખ છે)

આણી મૂસળ પૂંસ પાનોતરી,
મૂસળ સરડાઈ ખેંડાય રે,
વરકન્યા હજારામણ રહેજો રે.''

ત્યારબાદ કન્યાને વિદાય વખતે આવા ગીતો ગાવામાં આવે છે. પુત્રી માતા-પિતાને સાસરે ન વળાવવા કાલાવેલા કરે છે.

''નો તી જોઈ ઘેલી ગુજરાત
નો તો જોયો માલવો મારા રાજ,

આવ્યા આવ્યા રાયના રાજપૂત,

બેનીનાં આણે આવીઆ મારા રાજ,''

માતા-પિતા વ્યથિત હૃદયે પુત્રીને સમજાવતા ગીત ગાય છે.

''બેની સાસરિયામાં જઈને કહેજો જુહાર રે,

મોટાંના હો તો માની લીજો,

બેની સસરાજીને બાપા કહી બોલાવજો,

મોટાનાં હો તો માન લીજો,

બેની સાસુજીને માતા કહી બોલાવજો,

મોટાનાં હો તો માન લીજો.''

આ ઉપરાંત, સાસરિયાની વિડંબણા વ્યક્ત કરતા ગીતો પણ ગવાય છે.

''બેન તમારી સાસુડીને રામ રામ કહેજો રે

રામ રામ ન મલે તો ઉના ડામ દેજો રે,''

વરને કન્યા બરાબર સાચવવા શિખામણ આપે છે.

''સાંભળ રે નીચાંના છોરા શિખામણ દઉં છું,

વાસીદાના ટોપલા તારી બેનને સોંપજે

પાણીનાં પાણિયારાં તારી ભાભીને સોંપજે

દોહયાની વટલોયો ને સંધ્યાની રસોઈઓ

મારા મંગુબેનને સોંપજો.''

ત્યારબાદ 'દોયરા છોડવા'ની વિધિ કરવામાં આવે છે તે સમયે આવા ગીતો ગાવામાં આવે છે.

''લાડી તારો દોરડો ના છૂટ

લાડી તારે દોરડે દસ ગાંઠ,

લાડી તારો દોરડો ન છૂટ

લાડી તારા બાપાને બોલાવ

લાડી તારો દોરડો ના છૂટ.''

અને છેલ્લે વીરો વહુને લઈને આવી જાય ત્યારે તેની ખુશીમાં આ ગીત ગાવામાં આવે છે.

''અમે વીરો પરણાવી ઘેર આવ્યાં રે, હાં હાં નંદભલા
અમે લાખાંની લાડી લાવ્યાં રે, હાં હાં નંદભલા
અમે ઈડરીયો ગઢ જીત્યાં રે, હાં હાં નંદભલા.''

### ૪.૨.૨.૩ પુનર્લગ્ન :

ગરો સમાજના લગ્નગીતોમાં 'બાળોવર', 'બાલુડોવર' કે 'પારણીયે પોઢેલો વર' વગેરે શબ્દો વણાયેલા છે. બાળલગ્ન અને બાળમરણનું પ્રમાણ નોંધપાત્ર હોવાથી સમાજમાં વિધવાઓ અને વિધુરો પેદા થતાં તેમના પુર્નલગ્ન 'નાતરું' કે 'સાજના' તરીકે ઓળખાય છે.

શ્રી ચરખીબેન પંડ્યાના જણાવ્યા પ્રમાણે, પુનઃ પરણાવતા નીચેના ગીતો પણ ગાવાની પરંપરા આ સમાજમાં જોવા મળે છે.

''ટાઢી ટાઢી સમંદરની લહેર,
હેરડીએ નવલાં મોતી નીપજે.
મોતી લાગ્યાં સોમાભાઈને હાથ,
ઘેર આવીને ઝઘડો રોપીયો.
બાપા મોરા મુજને પરણાવ,
પરણવા સરખા બાપા લાડ ઘણા.''

પુર્નલગ્નની વિધિમાં શરૂઆતમાં હાંસડી પહેરવાની વિધિ થાય છે જેમાં આવા ગીતો ગાવામાં આવે છે.

''કાળી રે કોયલ તેનો સાદ સોહામણો
આવોને કોયલ આપણા દેશમાં
ગામ ના જાણું ને નામ ના જાણું
કેમ કરી આવું રે આપણા દેશમાં?
ગામ ગોવિંદપુર ને નામ નટવરલાલ
તે જાણીને આવો રે આપણા દેશમાં.''

પુર્નલગ્નની વિધિમાં પણ વિદાય આપતાં ગીતો ગવાય છે.

''પોપટડું ગયું રે પરદેશ

પાંજરડું ઘેર રહ્યું રે,

લીલીબેન ગયા છે સાસરે

વીરો એમના ઘેર રહ્યા રે.''[૬૦]

### ૪.૨.૨.૪ મરસિયાં

શ્રી વાલીબેન પંડ્યાના જણાવ્યા પ્રમાણે આ સમાજમાં બાળકના મૃત્યુ પછી તેના જુદા-જુદા અંગોને યાદ કરી તેને અન્ય પ્રતિકો સાથે સરખાવી કલ્પાંત કરવામાં આવે છે.

શું વખાણુ ધાવણા, હાયે ઉછળતા ધાવણા!

આંખ વળાણું ધાવણા, જાણે ભમ્મર કેરી પાંખ

હાયે ઉછળતા ધાવણા !

નાક વખાણું ધાવણા, જાણે દીવા કેરી રાગ

હાયે ઉછળતા ધાવણા!

૧૦ થી ૧૨ વર્ષનું બાળક મૃત્યુ પામે ત્યારે...

હાયે હાય રે નિશાળીઓ ગયો રે વદેશ (પરદેશ)

હાયે હાય રે એ તો લાડકણીને દેશ

હાયે હાય રે એની માતા જુવે છે વાટડી

હાયે હાય રે એના પિતા જુએ છે વાટડી

યુવક-યુવતીના મૃત્યુ સમયે ગવાતી વેલો :

હાયે હાય રે ચાંદલીયો ઉગ્યો ને હરાણ્યો આથમી

હાયે હાય રે મોડના બાંધ્યા તમ ક્યાં ગયા?

હાયે હાય રે જોષીડો આવ્યો તો ઘરને બારણે

હાયે હાય રે લગનાં લાખેલા પાછાં લઈ ગયો!

બેન, બંધવ અને માતાપિતાની વેદના વ્યક્ત કરતાં રાજિયા પણ ગવાય છે.

---

૬૦. રૂબરૂ મુલાકાત : પંડ્યા, શ્રી ચરખીબેન - ગાબર

''પાધર ખેતર ખેડિયા ઓ કેસરિયા,
વાળ્યું છે સોન-મજીઠ અને જવાનીયા,
રંગો લાડલાનાં મોરિયાં ઓ કેસરિયા,
રંગો લાડણ વહુનો ચુડલો ઓ કેસરિયા.''

પરણેલો જુવાનિયો મૃત્યુ પામે ત્યારે નીચે પ્રમાણે વેલ ગવાય છે

(ઓતરા-અભિમન્યુની વેલ)

''આયો આયો અષાઢો મેઘ રે
વીજળી કરે છે ઝીણા ઝાટકા
ઊંચી મેડી રે આસમાન રે
ત્યાં રે સૂતી રે ઓતરા એકલી
પાછલા પરોઢિયાની રાત રે
સપનું લાગ્યું રે પહેલા પોરનું
માડી મુજને સાસરિયે વળાવ રે
કસર ન હોય મારા કંથને...
..... ભાઈ મણિયારા હાટ ઉઘાડ રે
ચૂડીયો કાઢ કે મોંઘા મૂલની
ચૂડીયો કાઢી મોંઘા મૂલની
ભાંગેલી ચૂડી બાઈના કરમની
ઓતરા બેનને સાસરિયે વળાવ રે
રઈકો ને બેની બે ચાલિયાં.''

વિધવા બનેલી સ્ત્રી પતિપત્નિના મીઠાં સંબંધો યાદ કરી રુદન કરે છે.

''આ તો શ્રાવણ માસ આયો રે હાય હાય
એમના પરણ્યાને તેડાવો રે હાય હાય
પરણ્યો માથા કેરાં મોરિલાં હાય હાય

પરણ્યો મારો માછીડો હાય હાય.''

વૃદ્ધોના મૃત્યુ સમયે પ્રમાણમાં શોક ઓછો હોય છે, જે તે વખતે ગવાતા મરસિયામાં વ્યક્ત થાય છે

''ઘૈડાં માની પાલખી ફૂલે ભરી રે હાય હાય
પાલખી દીકરો એમના સંઈ રહ્યા રે હાય હાય
મૂકો મૂકો દીકરા મારી પાલખી રે હાય હાય
તેડાં આવ્યાં શ્રી રાજનાં રે હાય હાય''

મૃત્યુ સમયે આ સમાજની નારીઓ અનહદ વ્યથા અનુભવે છે, મરસિયાંઓને નારી હ્દયની તે વ્યથાના ગીતો દ્વારા વાચા આપ્યા વગર રહેતા નથી.

'સખી પહેલો વધામો મારે આવીઓ
તે તો મોકલ્યો રે નવતનપુરી મોજાટ,
સખી એ રે વધાવો નિજ ધામનો.''[૬૧]

(આ સમાજમાં યોજાતા ધાર્મિક ઉત્સવોમાં 'પારાયણ' 'સાથી તેડવા', 'થાળ' 'ઓચ્છવ' અને તારતમ યજ્ઞ મહત્વનાં ગણાય છે.)

આ ઉપરાંત અન્ય સમાજમાં ઊજવાતા તહેવારો વસંત પંચમી, જન્માષ્ટમી, અષાઢી બીજ વગેરે આ સમાજમાં પણ ઉજવવામાં આવે છે.

**૪.૨.૨.૫ સાહિત્ય :**

શ્રી રતિલાલ પંડ્યા જણાવે છે કે, આ સમાજના મુખ્ય વ્યવસાય તરીકે યજમાનવૃત્તિ હોવાથી યજમાનવૃત્તિ દરમિયાન ઉપયોગી થાય તેવા અનેક ધાવ, ચોપાઈઓ, દોહરા, સવાખરા, રમૂજી વાર્તાઓ, ઉખાણાં વિપુલ પ્રમાણમાં જોવા મળે છે. કથાવાર્તાનો વ્યવસાય તેની સાથે જ વણાયેલો હોવાથી આ સમાજને કુદરતી રીતે જ સુંદર ગળું અને ગાવા-બજાવવાની કળા મળેલી છે. જ્યારે વણકર-ચમારનું પંચ બેઠું હોય ત્યારે ઘામેટું કરતી વખતે ધાવ અને સવાખરા દુહા-ચોપાઈઓ કહે છે.

---

૬૧. રૂબરૂ મુલાકાત : પંડ્યા, શ્રી વાલીબેન - માલપુર

કોઈક યજમાને પોતાની દીકરીને મામેરામાં સારી પહેરામણી આપી હોય તો ગરો ઘામોટ સભા વચ્ચે તેની પ્રશંસા કરતા ઘાવ બોલે છે.

''કાયરથી ખડગ ન ઉપડ,
રાં' કે ન દેવાય દાન,
ગરઘવે ભાટ ન ઉપડ,
હાથી કેરો પલાણ.''

પહેરામણી કરનાર અથવા ગંગાપૂજન કે ખર્ચાળ જ્ઞાતિવરા કરનારને શૂરાતન ચઢાવે તેવા ઘાબ બોલે છે.

''દાતાર હોય તેને હળ વાઘ,
હોમ ને પડે ફાળ,
ઢાલ તો ધક્કા ઝીલ,
ઢાંકણીના કોણ હવાલ.''

કેટલીકવાર વ્યવહારિક સૂચનો કરતા પણ દુહા ગવાય છે.

''તાણીન બાંધીએ ન પાઘડી,
ઘસીન લઈએ ન નખ,
કસીન જોડો ન પહેરીએ,
એ ગણે વાતોનું દુઃખ.''

સમાજના સારા-નરસા પ્રસંગોની પ્રશંસા અને નિંદા કરતા કવિ ગંગના પણ કેટલાક ઘાબ ગવાય છે.

''એક વાવ્યો લસણનો છોડ,
વાડ ચંદનની કીધી,
ક્યારો કીધો કપૂર,
મહીં ખાતર કસ્તુરી દીધી,
સોના ઘડુલો હાથ,
મહીં ગંગાજળ નાખ્યું સહી,
કવિ ગંગ કહે,

સુણ શહેનશાહ અકબર,

સો વર્ષ જોયું તો પણ,

વાસ એની એ જ રહી.''[૬૨]

આ સમાજ પાસે વિપુલ પ્રમાણમાં સાહિત્ય પડ્યું છે. પેઢી દરપેઢી તે ઉતરતું આવે છે. તેનો લિખિત સંગ્રહ વ્યવસ્થિત રીતે થયો નથી લેખકો, કવિઓ અને સંશોધન કરનારાઓને ઠીક ઠીક પ્રમાણમાં સામગ્રી પૂરી પાડવાની ક્ષમતા આ સમાજ પાસે છે.

**૪.૨.૩ રબારી-ભરવાડ-માલધારી (ગોપાલક) સમાજની લોકપરંપરાઓ :**



**૪.૭ રબારી સમાજની વેશભૂષા**

રબારી, ભરવાડ, માલધારી સમાજની સંસ્કૃતિ વિશ્વની પૌરાણીક સંસ્કૃતિઓમાંની એક ગણાય છે. આ વિરાટ વસુંધરામાં વિહોતર (રબારી, ભરવાડ) એકંદરે માયાળુ તથા સહનશીલ છે. વિશ્વભરમાં અજોડ ગણાતું નેહડાનું વાતાવરણ, લીપ્યાંગુપ્યાં ખોરડાંની ખાનદાનીની વાતો લોકમુખે અવશ્ય સાંભળવા મળે છે. અન્ય કામોની જેમ ગોપાલકોની ઉત્પત્તિ નંદીથી થઈ તેવી કથા રામાયણના બાલકાંડમાં જોવા મળે છે અને તેમની હાજરીથી ગોપાલકોના પ્રદેશને 'ગુર્જર ભૂમંડળ' નામ અપાયું હતું. રબારીઓના રસાળ અને ભરવાડોના રોમાંચ ઈતિહાસના પૌરાણિક સંસ્કૃતિના સાક્ષી છે. અહીં મહાવીર ભગવાન સાથે વાત કરતા ભરવાડો છે અને શ્રીરામ અને કૃષ્ણને સંબોધતા રબારીઓ પણ છે.[૬૩] ભોળી, માનવતાવાદી, આતિથ્યપ્રેમી અને સાદગીના ગુણોથી

---

૬૨. રૂબરૂ મુલાકાત : પંડ્યા, શ્રી રતિલાલ - માલપુર

૬૩. માલધારી, મનુ. રાયકા રામાયણ (માલધારી મુવમેન્ટ-૩) પાર્થિક પ્રકાશન, ઊંઝા

છલકાતી આ પ્રજા છે. માલધારીઓ જેવા મળતાવડા, હસમુખા અને નેકદિલ અન્ય જ્ઞાતિઓમાં નથી.

એમના ભાતીગળ પહેરવેશમાં સાદગી અને ભવ્યતાનો અનોખો મેળ જોવા મળે છે. આજે પણ બધી જ સ્ત્રીઓ મોટેભાગે ભાતીગળ વસ્ત્રો જ પહેરે છે. આ વસ્ત્રોએ વર્ષો સુધી જે તે પંથકની ઓળખ આજેય જાળવી રાખી છે. અહીંની પરંપરા પ્રમાણે ભરતકામ તેની આગવી ઓળખ બની છે. માલધારી સ્ત્રીઓનું જાણીતું અને માનીતું ભરતકામ અને ભાતીગળ પહેરવેશનું વૈવિધ્ય ખૂબ વિશાળ છે. કોઈપણ જાતના યંત્રની મદદ વિના અહીંની સ્ત્રીઓ જાતજાતની અને ભાતભાતની ભાતીગળ ડિઝાઈનો ભરત ભરીને તૈયાર કરે છે. વીંછીયાવેંત, આંબાડાળ, છડીકોર, બદામડી ભાત, બે દાણિયા, ત્રણ દાણિયા, સાથિયોકોર, હાથીકોર, નગરીકોર વગેરે જેવી અનેક ડિઝાઈનો ભરત ભરીને તૈયાર કરે છે.



**૪.૮ રબારી સમાજનું ભરતકામ**

રબારી સમાજના સફેદ પોશાકની સાથે સાથે માથે 'પાઘડી' 'ફાળીયું' તેમની સંસ્કૃતિની ઓળખ છે. પાટણવાડા પરગણાની વીસ હાથ લાંબી શીતળની પ્રતિક સમી સફેદ પાઘડી અને અંગ પટ ભરાવદાર 'આંગડી' (કેડિયું) તેમની આગવી ઓળખ છે.



**૪.૯ રબારી સમાજ : પુરુષ વેશભૂષા**

'વગડે કંકટને પણ શંકર સમાજનારા રબારીઓનું મુખ્ય લક્ષણ ધાર્મિકતાનું છે કરોડો દેવી-

દેવતાઓ તેમના આરાધ્ય હોય છે. અહીં કાનુડો, રમેલ, પલ્લી, પુંજ જેવા ઉત્સવો સારી રીતે ઉજવાય છે.

### ૪.૨.૩.૧ કાનુડો :

કૃષ્ણનો રબારી સમાજ ઉપર મોટો પ્રભાવ છે. ઉત્સવઘેલુડાં માલધારી મનેખ... અને આખો નેહડો 'કાનુડો' ની રાત્રે ધમધમે. નેહડાઓમાં એ દિવસે કાનુડાની જોરદાર ધૂમ હોય છે જેમાં પ્રથમ આણું વાળવા આવેલી જોબનવેલી યુવતીથી માંડીને છેક ઠરીકામ થયેલી વહુવારુઓ પણ 'કાનુડો' રમતા કુંડાળે આવે.

કાનુડામાં નીચે પ્રમાણેના ગીતો ગાવામાં આવે.

તેમ દ્વારકે શીદ જાત છો, રઢિયાળા રે,
તમે લાવો દ્વારકાની છાપ, મોરલીવાળા રે...
કાનુડો જલમનો જૂઠો... કુવેલડી રીસાણી
પરભુજી વનમાં ચારે ગાયો... કે વગાડે ઝેણી વાંસળી રે લોલ...
રાધા ગોરી લૈ ચાલ્યા છે ભાત... કે ઘીની વાડી વીસરી રે લોલ...
પરાણે છે પાતળિયા કાન.. આજ મારે પરણે સીતા ને રામ
કાનુડો ઊભો મન હરવા.. નૈ જઉં રે જમુના જળ ભરવા...
આઠ કૂવા નવ પાવઠાં... કાન રમે સોના જેડી રે...
કાન હજુરની મોરલી રે.. ગોવાળી લાલ રયાં વાજી.. વાજી વાજી
મંદરિયાં માંય... ઝળરી હું જાજી

### ૪.૨.૩.૨ રમેલ :



**૪.૧૦ રબારી સમાજ : રમેલ**

રમેલ એ રબારી સમાજનો લોકપ્રિય ઉત્સવ છે. એમાં 'રમેલો' ની સુંદર પરંપરા છે. ચૈત્ર મહિનામાં બધી રાત્રીઓ દરમ્યાન નેહડાઓને સજીધજીને 'રમેલ'નો ઉત્સવ ઉજવાય છે. રમેલના આગલા દિવસે નેહડામાં રેતી પથરાઈ જાય છે. અથવા માતાનો મઢ હોય ત્યાં રેતીના ગાડાં ઠલવાય છે અને જમીન પર જાજમ પથરાય, ચલમ ચાકરીની સાથે નેહડો આખો હેલે ચઢે. શ્રદ્ધાની વૃધ્ધિ કરતા આ ઉત્સવ 'રમેલ' ના ડાયરામાં અહીં પાટે મુકેલ ઘઉંના દાણા ઉપાડી વેણ કે વધાવો લેવાય છે અહીં વેણ એટલે બેકી અને વધાવો એટલે એકી. એકી-બેકીના દાણા દર વખતે સરખા આવે તો માતાજીની મંજૂરી એટલે કે 'દોઢ' આવ્યો મનાય છે. માલધારીઓની મીઠા ગળાની સરજૂઓ, રેગડીઓ... હોંકારા.. પડકારાઓની વચ્ચે એ ભાઈઓ ! હાંભળો...! એમ ધુણતા ધુણતા ભુવાજી હાક મારે...! વાગતા ડાકલા બંધ થાય...! ભુવાજી બોલે 'હું સિકોતર છું' ખમ્મા માડીને, ઘડીભર શાંતિ થઈ જાય અને પછી ફરીથી ડાકલા વાગે ને ધુણવાનું ચાલે ને આવી રીતે આખી રાત પસાર થાય.

ભગવાન શિવ અને આ સમાજ સાથે જોડાયેલું ડાક (ડેકલું) દેશનું અતિ પ્રાચીન લોકવાદ્ય છે. ડેકલું મોટેભાગે બકરાની હોજરીમાંથી બને છે. એના બંને પડ સામસામે સુતરની દોરીથી બાંધેલા હોય છે. વચ્ચે જાડી દોરી બધી દોરીઓ પરથી પસાર કરી બાંધવામાં આવે છે. વગાડનાર તેનો ગાળીયો હાથમાં પકડી વગાડતી વખતે દોરીને મુઠ્ઠી પર અધ્ધર પકડી રાખી એવી રીતે દબાવે છે તેથી બન્ને પડની બધી દોરીઓ તંગ-ઢીલી થાય અને તેનાથી તેમાં અલગ અલગ સૂર સાંભળવા મળે છે.

ડાકની દાંડી અને કાંસીના રણકાર સાથે પાવળીઓ પણ વચ્ચે ભુવાજી ભાવાવેશમાં આવી ઝીલણીયાં કંઈક આ રીતે ગાય છે.

અરે સોટીલાની સામુંડા રે... સુંવાળ સોકની બેચરા રે
સોટીલે જઈને તમે સાવંડ કે વાણાં તમે...
અરે તું તો પંસાળમાં પૂજાતી રે...
જોગણ જાગે હે વીહ ભજાળી મા...
તું છે જોરાળી જો...
પછી કહે...

''બોલ મારી માડી! તું નઈ બોલે તો કૃષ્ણ બોલશે? તને માણહની બીકનાં હોય માડી...' સાથે સાથે ભુવાજીને ધુણાવવા 'ઢુહલા ઢોલ' વાગે છે જો કે ડેકલામાં શબ્દો પ્રાસ વગર અને તાલમાં ગવાતા નથી.

### ૪.૨.૩.૩ રેંડી :



**૪.૧૧ રબારી સમાજ : રેંડી**

'રેંડી' માલધારીઓની મૌલિક કલ્પનાશક્તિથી રચાઇ હોય છે. પ્રકૃતિ અને પરમાત્માની અનુભુતિને અહેસાસ રેંડી કરતી વખતે થતો હોય છે. માલધારી (રબારી) ભણ્યા ગણ્યા ન હોવા છતાં અધ્યાત્મના અનુભવની વાણી વેધક્તા સાથે 'રેંડી' ઓની રચનામાંથી પ્રગટે છે. હ્યદયમાંથી નીકળેલા ભાવોને લયના પારણે આ ગોપાલકો 'રેંડી' માં ગુંજતા મૂકે છે. રેંડીઓ લલકારતા માલધારીઓને સાંભળવા એ એક લ્હાવો છે. એમાં લય અને ભાવનો મસ્તીભર્યા કેફ હોય છે. નજાક્તભર્યું માધુર્ય હોય છે. રેંડીમાં આવતો સાહિત્ય સ્પર્શ, શબ્દોની રમત, પ્રાસની ઝમકદંમક અહીં અત્યંત લોકપ્રિય છે.

### ૪.૨.૩.૪ 'પૂંજ' મહોત્સવ :-

'પૂંજ' એટલે પ્રકાશ. સોરઠીયા રબારી સમાજનો આ અદભૂત મહોત્સવ છે. અહીંના ભુવા આતાશ્રીઓ રસથી આ મહોત્સવને યાદગાર પ્રસંગ બનાવી દે છે. પૂંજ મહોત્સવ દરમ્યાન સ્વયંભુ મેળાનું આયોજન થઇ જાય છે. 'પૂંજ મહોત્સવમાં માલધારીઓએ પહેરેલા પહેરણાં કેડીયાં પર કંકુના થાબા દેવાનો અહીં કલ્યાણકારી રિવાજ (પરંપરા) છે.

### ૪.૨.૩.૫ રબારી સમાજના લોકગીતો :-

રબારી, ભરવાડ સમાજના સુરમ્ય કલ્પના જેવાં લોકગીતોના ભાવનાભર્યા વૈભવમાં વિહરવું અને આનંદ માણવો એ જીવતરની ધન્ય પળે છે.

વેંત વેંત જેવડી વરખડી,
ઈનાં ઢાલ ઢાલ જેવડાં પાંદ
મારા રાજ એરે હરિયાળીના ગુણ કે'જો,
કાચાં કમળ નીપજે, પાકાંનાં મૂલ થાય..
મારા રાજ... એરે હરિયાળીના ગુણ કે'જો
એરે હરિયાળી જાણે રાણાને રાજતી
ન'કે કહેવાશો ધોધારનું ઢોર
જવાબ : ચાકડો.
(ધોઘાટ - ઉત્તર ગુજરાતનું એક પરગણું)

વેંત જેટલો ઊંચો હોય અને ઢાલ જેવડો પહોળો હોય છે. કાચા માટીનાં વાસણો માટે કાચાં-કમળ શબ્દ વાપર્યો છે. નીભાડામાં પાકાં થાય ત્યારે તેની કિંમત અંકાય છે.

''એક ભેંસ વિયાણી,
પાડરું પેટમાં.
ઈનાં કંચોળે વેચાય મહી,
મારા રાજ એરે હરિયાળીના ગુણ કે'જો
અરે હરિયાળી જાણે રાણાને રાજવી
ન'કે કહેવાશો ધોંઘાટનું ઢોર.''
જવાબ : કરી

ઉપર જણાવ્યા પ્રમાણે સમસ્યાયુક્ત સાહિત્ય જે લોકગીતોમાં પ્રયોજાયું છે તેની હરોળમાં ઊભું રહે તેવું આ પણ એક લોકગીત છે.

''ધાં ધાં નગારાં ચડીયાં ગાયડમલ,

ઊડણ ઘોડો હંસનો મારા રાજ,

અરે ઘોડે ચડજો ઠાકરીયા,

ચડજો ઠાકરીયા...

કીડી તે દાંતતો લાવજો ચૂડો, મહારાજ

અવળાં ગોરાંદે, અવળું ના બોલો,

અવળું બોલે દલડાં નૈ રીઝે...

મારા રાજ...''[૬૪]

આ લોકગીતોમાં સાર્વજનિકતાનો ગુણ રહેલો છે. આ સમગ્ર લોકજીવનના તળપદા સંસ્કારોનું પ્રેરકબળ જ કામ કરે છે.

''ચડીયો ચડીયો રે કાળી કાંઠીનો,

આજનો ચડઉ મેવલા કયાં વરસ્યો ?

પહેલો વરસે મારા દાદાને દશ,

પછી વચ્ચે સમદર સાસરે...

ઘેર આવજો માડીના જાયા વીર;

તમારા સાથીડે હળ જોતર્યા;

હું રયમ રે આવું એકલો...

આડી નદીઓ તે ભરપૂર.''

અષાઢી મેહની ગડેડારી બોલાતી હોય અને મોરલા 'કેંહુક... કેંહુક...' કરીને મનોવેદનાને વિરહાન્વિત કરતા હોય, તે વર્ણવતું આ લોકગીત હતું.

બીજું એક ખૂબ સુપ્રસિદ્ધ લોકગીત જે આ સમાજ દ્વારા આપવામાં આવ્યું છે.

''લીલી લેંબડી રે

શીતળ વરણી છાંય,

ત્યાં હરિ બેસતા રે

---

૬૪. લેખન - માલધારી, કાનજી. પાટણવાડા અને રબારી સમાજના લોકગીતો, પા.નં. ૧૫

કરતા બાળપણની વાત,

જોષડા જોવરાવતાં રે

હરિ એ ઝાલ્યો મારો હાથ

ઘોડો આજ મારો છેડલો રે,

નથી મારે સૈંયરાંનો સાથ,

સૈયર શું એ કરે રે,

મારો એળે ગયો અવતાર

લીલી લેંબડી રે,

શીતળ વરણી છાંય.''

માનવવૃત્તિઓને અનુરૂપ સહજ સ્ફૂર્તિઓને પરંપરાગત રીતે આ લોકગીતો નિભાવતા આવ્યા છે. આ સમાજનું બીજું એક સુપ્રસિદ્ધ લોકગીત -

''તમે એકવાર મારવાડ જાજો રે,

હો મારવાડા !

તમે મારવાડની મેંદી લાલજો રે

હો મારવાડા !

તમે લાઈ માનીતિને આલજો રે

હો મારવાડા !

અળખાંમણી આંસુડા લૂંછશે રે

હો મારવાડા !

તમે ઓલ્યું લાવજો,

તમે પોલ્યું લાવજો,

સાત સોપારી, પાનનાં બીડાં

રાઈનો દાણો, એલચી દાણો....

એલણ ને વેલણ લાવજો રે,

હો મારવાડા !

### ૪.૨.૩.૬ રબારી સમાજના 'હડીલા' અને 'સાખીઓ'

'હડીલા' અને 'સાખીઓ' બંધારણ પ્રમાણે નહીં પણ દુહાથી ચારેક માત્રા વધારે હોય છે અને લાઘવતા તેનો ગુણ હોય છે. સાખી બે પંક્તિની હોય છે. એક પંક્તિનાં બબ્બે ચરણ પડે છે. સાખીઓનો કોઈ રચયિતા હોતો નથી. પરંપરાગત કંઠોપકંઠ સાખીઓ ચાલી આવે છે.

''લખમણ બડો કલશણો,
નાં સાયું એકે કામ;
ના માર્યો વાડીનો મ્રઘલો
કે નાં રાખી સીતા નાર.''

''ભેંમેર વડ ધધૂણીયો''
વડનાં કાઢ્યાં રે મૂળ,
કોઈનાં ભાજ્યાં હાડ-પાંસળાં...
કોઈને આવે રે શૂળ.''

''ભેંમે કબીરો ભજીયો,
અરજણે વાળી રે ગાય,
ઈ વાડાનો વાછડો...
આજ વાળ્યો રે કેમ જાય ?''

''કુરેજા બોલ્યો કૂકડા,
માળાસુંદ બોલ્યો મોર,
બાવો જેડાગર જીવતા
અડીયા નાં આવે ચોર.''[૬૫]

### ૪.૨.૩.૭ ''હુડા'' ગીત :-

સાબરકાંઠામાં વેળુ અને ભોજા ગોવાળનાં ''હુડા'' ગવાય છે. આ દુહા જેવું નાનું

૬૫. લેખન - માલધારી, કાનજી. પાટણવાડા અને રબારી સમાજના લોકગીતો, પા.નં. ૫૧

એક કાવ્ય સ્વરૂપ છે તે પણ કંઠોપકંઠ સચવાતું આવેલું એક ચોટદાર લાંઘળ સ્વરૂપ છે. વિશેષ કરીને મેઘરજ તાલુકો અને તેની આજુબાજુના પ્રદેશમાં આ પ્રચલિત છે. વિશેષ 'ઝાયણી' ના દિવસે તે ગવાય છે. અહીં કાંકરેજ, દિયોદર, પાટણ વગેરે તાલુકામાં પહેલા આ હડીલા ગવાતા હતા. જે આપણે આગળ જોયું. સાંબરકાંઠામાં ગુજરાતના ઈશાનીયા પ્રદેશમાં 'હુડા' આ પ્રકારના છે.

''પૈણે પૈણે રે વનની વગડો,
વેળુને ભોજો ગોવાળ,
રાણાની વાગી રે છત્રીસ શરણાઈઓ,
ઓલ્યા ગુજરાના ઢમક્યા ઢોલ.''[૬૬]

ભાષાની લાક્ષણિતા જે તે પ્રદેની વિશેષતા છે અને પ્રાદેશિક ભાષાને મીઠપ જ અનેરી હોય છે.

''પ્રથમ સપરાઈ પારસ પીપરો,
માથે મલારે મોર,
આંગણ પરગટ પારસ પેંપળો,
મોભારે ટૌકે ઝીણા મોર.''[૬૭]

આમ, આ સમાજના લોકગીતો અન્ય પ્રદેશ, પરંપરાઓ કરતા કંઈક નિરાળાં છે.

**૪.૨.૪ મીર સંપ્રદાયની લોક પરંપરાઓ :-**



**૪.૧૨ મીર સમાજ : લગ્નવિધિ માટે જતી સ્ત્રીઓ**

૬૬. લેખન - માલધારી, કાનજી. પાટણવાડા અને રબારી સમાજના લોકગીતો, પા.નં. ૮૮
૬૭. માલધારી, કાનજી. વહેતી ગંગા વિહોતર, પા.નં. ૩૭

મીર સંપ્રદાયના ઈતિહાસ વિશે શ્રી હાજીભાઈ મીર સાથેની રૂબરૂ મુલાકાતમાંથી જાણ્યા પ્રમાણે મીર જાતિના લોકો રાજસ્થાનના માલોર શહેરથી આવીને ગુજરાતમાં વસ્યા હતા તેવું માનવામાં આવે છે. મીર જાતિના ધર્મગુરૂ જે પહેલા ઝાલોરમાં રહેતા તે પણ સ્થળાંતર કરી ઉત્તર ગુજરાતના પાલનપુર શહેરના નવાબ સાહેબના શાસનમાં રહેવા આવ્યાં અને તેમની પાછળ મીરની પ્રજાતિઓ તેમની સેવા માટે સ્થળાંતર કરીને પાલનપુર આવ્યાં અને ધર્મગુરૂના મુરીદ (શિષ્યા) થયા અને તેઓ મહેદવી મીર તરીકે ઓળખાયા.

મીર જાતિના લોકોમાં સંગીત અને નાટકની કુદરતી બક્ષિસ મળેલી છે. ઈતિહાસના પ્રકરણોમાંથી પોતે જ વેશભૂષા કરીને સંવાદો સાથે ગીતો ગાઈને ગામેગામ ફરીને આજીવિકા મેળવી પોતાનાં જીવનનું ગુજરાન કરે છે. જોકે આ સંપ્રદાયમાં શિક્ષણનું પ્રમાણ વધવાથી અને સરકારી અને અર્ધસરકારી નોકરીઓમાં જોડાવાથી અત્યારે આ પ્રથા લુપ્ત થવાના આરે છે. હજી ગામડામાં કોઈ કોઈ જગ્યાએ આ વારસો સચવાયેલો જોવા મળે છે.

મીર જાતિમાં તેમની આગવી શૈલીમાં ગરબી લગ્ન-તહેવારના ગીતો અને મરણ પ્રસંગે લોકગીતો ગાવામાં આવે છે.

**ગરબી**

હે દીસે દાજીબાવા દીલે

લાલ સવાયા આલમ સાબના રે લોલ,

હે સુબા મુરીદોના શિરતાજ

લાલ સવાયા આલમ સાબ ના રે લોલ

અતી અલબેલા હે દીન કા દૂલા



**૪.૧૩ મીર સમાજની ગરબી રમતી સ્ત્રીઓ**

સતધારી ને સધીર

મેંહદી કી પઘડી સિર પર સોહે

અલ્લાહ કરે બોલબાલા.

લાલ સવાયા આલમ સાબ ના રે લોલ.[૬૮]

**સ્વર રચના**

**રાગ : મિશ્રકાફી** **તાલ : વિલંબીત હિંચ**

| | | | |
|---|---|---|---|
| - સાં સાંસાં | ધ સાં સાંરેં | નિ ધપ ધપ | પ ગ - |
| - હે દીસે | દા સ જી- | બા વા- -- | દી લે - |
| ૦ | × | ૦ | × |
| સા ગગ મપ | પ પનિ પ | મ નિપ ગ | ગ સા રે |
| - લા- લ- | સ વા- યા | આ લ- મ | સા બ ના |
| ૦ | × | ૦ | × |
| નિ સા સા | - - - | | |
| રે લો લ | - - - | | |
| ૦ | × | | |

**૪.૨.૪.૧ મીર સમાજની સંસ્કૃતિ અને રિવાજો :-**

**(i) બાળકના જન્મ વખતના રિવાજ :**

જ્યારે બાળકનો જન્મ થાય છે ત્યારે તેના છઠ્ઠા દિવસે બાળકની ફોઈ તેનું નામકરણ કરે છે. ત્યારબાદ કુટુંબમાં સુખડી અને બાફેલા ઘઉં (ઘુઘરી) ની વહેંચણી કરવામાં આવે છે. વખતે હાલરડાં ગવાય છે. ત્યારબાદ તે બાળક સાડા ચાર વર્ષનો થાય ત્યારે (ચાર વર્ષ, ચાર માસ, ચાર દિવસ, ચાર કલાક) ધર્મગુરુના હસ્તે તેને કુરાન-શરીફની આયતો પઢાવીને તેને ધાર્મિક નામકરણ કરી તેને પોતાના ધર્મ અભ્યાસ માટે પ્રેરણા આપીને તાલીમની શરૂઆત થાય છે. ત્યારબાદ તેને મદરાસામાં મોકલવામાં આવે છે અને ત્યાં તે ધર્મનો અભ્યાસ કરે છે. કુરાન શરીફ મૌલવી સાહેબ પાસેથી પઢે છે.

**(ii) નિકાહના રિવાજ ગીતો :**

તે બાળક ધીમે ધીમે મોટું થાય અને નિકાહની ઉંમર થાય ત્યારે લગ્નવિધિના

૬૮. રૂબરૂ મુલાકાત : (ગાયન) મીર, શ્રી સાબીરભાઈ - માલણ

રિવાજો કરવામાં આવે છે. જ્યારે છોકરા-છોકરીના લગ્ન થાય છે ત્યારે સૌ પ્રથમ છોકરીને પાટે બેસવાની વિધિ કરવામાં આવે છે. તેને પીળા કે કેસરી રંગનો કોરો ડ્રેસ પહેરવામાં આવે છે અને માથે લાલ કે લીલી રંગની ઓઢણી ઓઢાડવામાં આવે છે. જ્યાં સુધી તેના નિકાહ ન થાય ત્યાં સુધી તે દાગીના કે સજીધજીને તૈયાર થઈ શકતી નથી. તે સંપૂર્ણ રીતે સાદગીથી તૈયાર થાય છે. ત્યારબાદ ફક્ત એના ગળામાં ફૂલોનો હાર પહેરાવવામાં આવે છે. આ વિધિ જેના નિકાહ છે તે છોકરા પર પણ લાગુ પડે છે. તેને તેના મામા દ્વારા તેડીને બહાર પાટ પર બેસાડવામાં આવે છે અને તેના હાથમાં પીઠી અને મહેંદી તેમજ ચોખા અને ગોળથી તેને પગની પાનીથી લઈને માથા સુધી તેને પીઠી અને મહેંદી લગાડવામાં આવે છે અને ગોળ ખવડાવીને ચોખા વેરીને તેના વારણા લેવામાં આવે છે અને તેની મામી, કાકી, ફોઈ બધી સ્ત્રીઓ પાટે બેસી ગીતો ગાય છે.

(૧) ઓઢણા રે તેરા ફૂલો સે ભરીયો
બેની કુ પાટે થી ઉઠાઈજો સુહાગણ જાગો રે
હવાબાઈ રે ભરે નીંદ મે સોહે,
બેટી કુ પાટે સી ઉઠાઈજો સુહાગણ જાગો રે

**તાલ : દીપચંદી**

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સા | સા | – | રે | ગ | મ | – | મ | – | – | મ | – | મ | – |
| ઓ | ઢ | – | ણા | – | – | – | રે | – | – | તે | – | રા | – |
| × | | | ૨ | | | | ૦ | | | ૩ | | | |
| પ | પ | મ | મ | ગ | – | – | રે | રે | – | ગ | – | રે | સા |
| ફૂ | – | – | લો | સે | – | – | ભ | રી | – | યા | – | – | – |
| × | | | ૨ | | | | ૦ | | | ૩ | | | |
| રે | – | રે | મ | મ | ગ | – | મ | ગ | – | રે | રે | રે | – |
| બે | – | ની | કો | – | – | – | પા | – | – | ટે | થી | ઉ | – |
| × | | | ૨ | | | | ૦ | | | ૩ | | | |
| સા | રે | સા | નિ઼ | – | નિ઼ | નિ઼ | નિ઼ | રે | – | ગ | – | મ | મ |
| ઠા | ઈ | જો | – | – | – | – | સુ | હા | – | ગ | – | ણ | – |
| × | | | ૨ | | | | ૦ | | | ૩ | | | |
| ગ | – | – | રે | – | – | – | સા | – | – | – | – | – | – |
| જા | – | – | જો | – | – | – | રે | – | – | – | – | – | – |
| × | | | ૨ | | | | ૦ | | | ૩ | | | |

ત્યારબાદ સાંજે સંગીતમાં મીર સમાજની ગરબી તેમજ લોકગીત ગરબા ગાઈને નાચે છે. જેમાં ઢોલ અને શરણાઈ હોય છે.



**૪.૧૪ મીર સમાજની લગ્નવિધિ**

**લોકગીત : ગરબી**

(૨) એવું સરોવર દીઠું, હે સખીરી મેં તો એવું હે સરોવર દીઠું
સખીરી મે તો એવુ સરોવર દીઠું
સરોવરીયાની કુંજન કુંજે, સાહેલડીએ રાસ રચ્યો છે
રજનીએ કામણ કીધું હે સખીરી મેં તો
એવું સરોવર દીઠું સખીરી મેં તો

(૩) ''આજ સમી સોજની રે હે માઝમ રાતની રે
મોરલી કોણે રે હે વગાડી રે...
હે ઓધવજી તારી મોરલડી એ...
બાયો મને રંગ લાગ્યો છે દાડી-દાડી
રંગ લાગ્યો છે દાડી દાડી
હે કનૈયા લાલ ઉપર
વારી રે ઓધવજી તારી મોરલડી રે
બાયો મને રંગ લાગ્યો છે દાડી-દાડી.''[૬૯]

---

૬૯. રૂબરૂ મુલાકાત : (ગાયન) મીર, નસરીન - માલણ

બીજા દિવસે સવારે તેના નિકાહના સમયે જાન આવે છે અને વેવાઇ-વેવણ સામે સામૈયું લઇને જાય છે અને જમાઇને વધાવે છે. સાળી દ્વારા તેને શરબત પીવડાવવામાં આવે છે. આ બાજુ જે છોકરીના નિકાહ થવાના હોય તે નવો લાલ કે લીલો ભારે ડ્રેસ પહેરે છે. પરંતુ દાગીનો પહેરવામાં આવતો નથી. તેમજ વાળ ખુલ્લા રાખીને તેના સાસરેથી જે કસુંબલ ઓઢણો આવે તે તેને નણંદ દ્વારા ઓઢાડીને તેને ફૂલોનો સહેરો બાંધવામાં આવે છે અને જ્યાં સુધી નિકાહની રસમ પુરી ન થાય ત્યાં સુધી તે સહેરો છોકરો કે છોકરી કાઢી શકતા નથી. ત્યારબાદ ધર્મગુરુ સમાજમાં બધા વચ્ચે બેસીને વરરાજાને કુરાન શરીફના આયતો પઢાવે છે. છોકરીના ઘરની ઓસરીમાં બેસીને અંદરના રુમમાં વધૂ પોતાના સગા-વહાલા સ્ત્રીઓ જોડે બેઠેલી હોય છે. ધર્મગુરુના ચોપડામાં તેની સહી કરાવવામાં આવે છે. સામેના પક્ષના વકીલ એટલે કે ગવાહ મામા કાં તો માસા કાકા અને વધૂના પણ મામા કે કાકા બધાં વચ્ચે સહી કરીને છોકરી પાસે ચોપડો જાય છે અને તેના મામા તેને પુછે છે કે નિકાહ કબૂલ છે કે નહીં? એમ ત્રણ વાર પૂછે અને વધૂ ત્રણ વાર હા પાડે છે અને નિકાહને મુબારક શુભેચ્છા આપીને રસમ પૂરી કરવામાં આવે છે. ત્યારબાદ જ તે ઘરેણાં પહેરીને તૈયાર થાય છે અને કંસારથી તેનું મોં મીઠુ કરવામાં આવે છે અને જમાઇને પણ પોતાના મિત્રો કંસાર ખવડાવે છે. ત્યારબાદ વધૂ ને જ્યાં વરરાજાનો ઉતારો આપવામાં આવ્યો હોય ત્યાં તેની થનારી સાસુ પાસે ખોળે બેસાડવા લઇ જાય છે અને પછી સાસુ તેને મળીને તેના ઓઢણાના ખોળામાં પૈસા આપે છે અને બીજી પણ સ્ત્રીઓ તેને પૈસા આપે છે. ત્યારબાદ વેવાણ માંડવડે આવે છે અને વધૂના સગાવહાલાઓ એટલે કે બંને પક્ષમાં વેવાણો મળે છે. બધાં સાથે બેસીને જમે છે અને વધૂને જમાડે છે.

અંતે વધૂની વિદાઇ કરવામાં આવે છે અને બધા સગાં-વહાલાંઓને મળીને રડે છે અને તેના મામા તેને તેડીને ગાડીમાં બેસાડવા જાય છે. ત્યારે બધી સ્ત્રીઓ ગાય છે.

**(૪)** કૂંજલ ઓણું આવીયો રે નિશાત બાઇનો
ઓણો આવીયો
આવેલા દેવર જેઠ રે, આવેલા જમાઇ આસરે
કોઇ કૂંજલ ઓણું આવીયો
જેઠ-જમાડો લાપસી ને કોઇ જેઠ જમાઇ
લાપસી, જમાઇ ને સાકર-સેવ-રે.... (૨)
કોઇ કુંજલ ઓણું આવીયો....

**તાલ : દાદરા** (મીર જાતિનો વિશેષ તાલ પ્રકાર)

ધીં તા ધીં । ધીં તા તા

× । 0

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સા | સા | સા | સા | સા | પ | પ | પ | નિ | ધ | પ | પ |
| કું | જ | લ | ઓ | ણું | – | આ | વી | યો | રે | નિ | શા |
| × | | | 0 | | | × | | | 0 | | |
| પ | ધ | પ | મ | રે | ગ | ગ | રે | – | સા | – | – |
| ત | બા | ઈ | ઓ | ણો | – | આ | વી | – | યો | – | – |
| × | | | 0 | | | × | | | 0 | | |
| સા | સા | ગ | ગ | – | પ | મ | મ | – | રે | મ | ગ |
| આ | – | વે | લા | – | દે | વ | ર | – | જે | ઠ | રે |
| × | | | 0 | | | × | | | 0 | | |
| ગ | રે | સા | સા | – | ગ | ગ | – | પ | મ | મ | ગ |
| – | – | – | આ | – | વે | લા | – | જ | મા | ઈ | – |
| × | | | 0 | | | × | | | 0 | | |
| રે | મ | ગ | ગ | – | સા | સા | સા | ગ | ગ | પ | રે |
| આ | સ | રે | – | – | – | કો | ઈ | કું | જ | લ | ઓં |
| × | | | 0 | | | × | | | 0 | | |
| ગ | સા | – | રે | રે | સા | | | | | | |
| ણું | – | – | આ | વી | યો | | | | | | |
| × | | | 0 | | | | | | | | |

વિદાયના સમયે વધૂને પિયરમાંથી ઘરવખરી અને થોડાંક દાગીનારૂપે દહેજ આપવામાં આવે છે. વિદાય પહેલાં મામેરું થાય છે. જે મામાના ઘરેથી આવે છે. તેમાં બહેન માટે (વધૂની માતા) દાગીના અને કુટુંબની પહેરામણી કરવામાં આવે છે ત્યારે પણ સ્ત્રીઓ મામેરું ગાય છે.

(૫) ‘બાઈ તો ચંપે ચડીને કેવડે ઉતરે

બાઈ તો જુએ એના માડીઝાયો વીર

ની વાટ મોમેરો મૂંધા મૂલનો.[૭૦]

---

૭૦. રૂબરૂ મુલાકાત : મીર, નસરીન – માલણ

**તાલ : દીપચંદી**

| | | | |
|---|---|---|---|
| મ ગ પ - | મ ગ - | રે ગ સા સા | રે રે - |
| બા ઈ તો - | ચં - - | પે - - ચ | ઢી ને - |
| ૩ | × | ૨ | ૦ |
| ગ રે મ - | ગ - રે | રે - સા - | સા - - |
| કે વ ડે - | ઉ - - | ત - - - | રે - - |
| ૩ | × | ૨ | ૦ |

**(iii) મૃત્યુના રિવાજના ગીતો :**

જ્યારે આ સમાજની વ્યક્તિ મૃત્યુ પામે છે ત્યારે મુસ્લિમ ધર્મ અનુસાર તેની અંતિમ વિધિ કરવામાં આવે છે. જ્યારે હિન્દુ ધર્મના બારમા દિવસે મૃત્યુનો શોક એટલે કે બેસણું રાખવામાં આવે છે. જ્યારે મીર સમાજમાં મૃત્યુના ચાલીસમાં દિવસે તેને શોકમાંથી બહાર કાઢવામાં આવે છે. જ્યારે પતિનું મૃત્યુ થાય ત્યારે પત્નિ તેના સાસરીયામાં સવા ચાર મહિના સુધી ઘરમાં રહેવું પડે છે. તે ક્યાંય પણ બહાર નીકળી શકતી નથી. તેના ઘરમાં કોઈ પરપુરુષ અંદર પ્રવેશ કરી શકતું નથી. જ્યારે તેના પતિના મૃત્યુને ઓગણચાલીસમાં દિવસની રાત્રે બધા જ સમાજમાં ભેગા થઈને તેમનું ટાણું કરવામાં આવે છે અને તેના ભાઈ કે મામા દ્વારા તેના માટે ધોળો સાડલો કે ઓઢણી આપીને ઓઢાડવામાં આવે છે. તેને સાદા, સફેદ કે વાદળી આછા રંગના કપડાં પહેરાવવામાં આવે છે ત્યારે સમાજમાંથી કોઈ પણ વ્યક્તિ જે સારું ગાઈ શકતું હોય તેને તે ઘરના ઉંબરે બેસાડીને ભર સમાજ વચ્ચે બેસીને ગીત ગવાય છે. તેને મીર સમાજની ભાષામાં 'મેવાડી' કહે છે અને તે શોક ગીત ગાય છે અને શોક ઉતારવામાં આવે છે.

**મેવાડી (શોકગીત) - દુહો**

હે રણ જીતે ને રંગ બઢે

હે પુત્ર વધાયુ ચાર

પણ તીનકા અનસાર તાગ કે

હે મારા રાજે એ જી

કૂણ રંકે અને કૂણે જ રાય રે

એ...જી..રે...

જ્યારે મૃત્યુના ચાલીસ દિવસ પછી જ્યારે પત્નીને ચૂંદડી કાઢીને શોકના કપડા જેવા કે સફેદ ઓઢાણો ઓઢાવે ત્યારે આ ગીત ગવાય છે.

ધન, ધડી, ધન દિ'યાડલો
હે ધન મુરત ધનવાન, પણ તીનકા યે તાગ કા...
હા... મારે રાજે હે જી મુખ મુખ પર
ખેંગાર ખેંગાર હે... જી...
રાગે રંગ મેવાડીયા
રાગે રંગણ ચોળ, પણ રંગ રંગ દી ચૂડલો
મુખે રંગણ તંબોળ, તંબોળ, તંબોળ રે... હે...જી...[૭૧]

મીર જાતિના લોકો રાજસ્થાનના ઝાલોર શહેરથી આવીને ગુજરાતમાં વસ્યા હતા, તેવું માનવામાં આવે છે. મીર જાતિના ધર્માગુરુ જે પહેલા ઝાલોરમાં રહેતો તે પણ સ્થળાંતર કરી ઉત્તર ગુજરાતના પાલણપુર શહેરના નવાબ સાહેબના શાસનમાં રહેવા આવ્યા અને તેમની પાછળ મીરની પ્રજાતિઓ તેમની સેવા માટે સ્થળાંતર કરીને પાલનપુર આવ્યા અને ધર્મગુરુના મુરીદ (શિષ્ય) થયા અને તેઓ મહેદવી મીર તરીકે ઓળખાયા.

મીર જાતિના લોકોમાં સંગીત અન નાટકની કુદરતી બક્ષિસ મળેલ છે. ઈતિહાસના પ્રકરણોને પોતે જ વેશભૂષા કરી સંવાદો સાથે ગીતોની ગામે ગામ ફરીને આજીવિકા મેળવી પોતાનાં જીવનનું ગુજરાન કરે છે. જોકે આ સંપ્રદાયમાં શિક્ષણનું પ્રમાણ વધવાથી અને સરકારી અને અર્ધસરકારી નોકરીઓમાં જોડાવાથી અત્યારે આ પ્રથા લુપ્ત થવાના આરે છે. હજી ગામડામાં કોઈ-કોઈ જગ્યાએ આ વારસાં સચવાયેલો જોવા મળે છે.[૭૨]

મીર જાતિમાં તેમની આગવીશૈલીમાં ગરબી, લગ્ન, તહેવારના ગીતો અને મરણ પ્રસંગે શોકગીતો ગાવામાં આવે છે.

---

૭૧. રૂબરૂ મુલાકાત : મીર શ્રી સાબીરભાઈ - માલણ

૭૨. રૂબરૂ મુલાકાત : મીર, શ્રી હાજીભાઈ - પાલનપુર

### લગ્નગીત

આજ સમી સાંજની રે ઝાઝમ રાતની રે
મોરલી કોને રે વગાડી રે રાય
હે હોશીલા તારી મોરલડી રે
બાપુ મુને રંગે લાગ્યો છે દાડી... દાડી...
રંગ લાગ્યો છે દાડી... દાડી...
હે કનૈયા લાલ ઉપર વારી રે...
ઓધવજી તારી મોરલડી રે બાયો
મને રંગ લાગ્યો છે હાડી... હાડી...

મોરલી કે છે હું તો વ્રજની નારી
હું છું અવલ કુંવારી રે છબીલા
તારી મોરલડી રે બાયો મુને રંગ લાગ્યો છે

કાં તો ઓધવજી સેધું ખીચડી રે
આપું તો કડીયલ દૂધ રે...
ઓધવજી તારી મોરલડી રે બાયો
મને રંગ લાગ્યો છે...

### મેવાડી (શોક-ગીત)

હે રણ જીતે ને રંગ બઢે
હે પુત્ર વધાયુ ચાર
પણ તીનકા અવસાર તાગ કે
હે મારા સર્જે એ જી
ફૂણ રંકે અને ફૂણે જ રાય રે
એ.... જી... રે...[૭૩]

---

૭૩. રૂબરૂ મુલાકાત : મીર, નસરીન – માલણ.

જ્યારે મૃત્યુના ચાલીસ દિવસ પછી જ્યારે પત્નીને ચૂંદડી કાઢીને શોકના કપડા જેવા કે સફેદ ઓઢણો ઓઢાવે ત્યારે આ ગીત ગવાય છે.

### ૪.૨.૪.૨ મીર સંપ્રદાયની નૃત્યનાટિકા : લીલાવતી

### ગીતી લાવણી

શ્રી શંખેશ્વરા પ્રભુ પાર્શ્વનાથ પ્રમણુ

આપો સદા સંપદા

કાયો પાયો અમાપતાપ

ત્રિવેદી સેવા કરુ સર્વદા

વિથેશ વિચિત્ર વેશ ભજવું

આવિશ્વ ભૂમિ મહિ

રીઝીને સુપ સાય અડાને આનંદ દાતા અધિ

શિવ સુત કેશવ કૃત હું

સંગિત-લીલાવતી નાટક ભજવું છું

વેશ્યા વ્યસન-નિષેધી

આર્ય સકળને શિયળ વ્યસન સજવું.

### કામસેના (પિલું દીપચંદી)

લાલ સખી એનું મન લલચાવું

એથી અધિક બીજો જગમાંન જાણું = લાવ

મન મોતન મદને અલી મુજને

દાવિલકીધી મન ગભરાણું = લાવ

ભંમર ધનુષ્યથી કટાર સરે સતિ

અરરર કર્યું મારુ કાળમું કાણું

ચતુર મનોહર ચંદ્ર વદનથી

પ્રેમની ભરતી એ હૃદય ભરાણું = લાવ

સુંક્ષમ સુંદર સાડી સજું હું

શુ ગમતું નથી હિરામાણેક ઘરાણું

શુરેકરુ સખી સંગીત સાજે

વાલા વિના ગમે ના ગાણું = લાવ

રસવતિ રશિયા વિના પીરસી પણ

ઝેર જેવું લાગ્યું જરીના જમાણું = લાવ

હેમ પલંગ હુંતાસમ સરખો

બાળે શરીર મલમલનું બિછરાણું

તો સુખદાય શયનસામગ્રી

મન ગમતી સુખ માણું = લાવ

## પ્રવેશ - છઠ્ઠો

કામસૈના : મારો પાવ કર્યા રે પલંગ

પ્રાણનાથ પધારી રે

રમ્યા રશીકાથી રંગ

વિરહ દુઃખ વિહારી

આજે ઉપજી શિતળતા અંગ મને સવમી નાથે સ્વીકારી.

## સાખી

પ્રેમ હિંડોળે હિંચીયાં સ્વામી દાસી સાથ

મન માણ્યું સુખ માણીયું હેતે ઘાલીગળામાં હાથ

પ્યારા પ્રાણનાથ પધારી રે. - મારો

## સાખી

ચંદર તરુ ચિતહર હું વાલા થઈ વેલ

વૃધ્ધી પામી વળગતા સ્નેહે શેરડી રસથી સંચેલ

પ્યારા પ્રાણનાથ પધારી રે = મારો

## સુમતિ વિલા (કાર્લીંગડો) (ઢુંમરી)

પ્રિયા પ્રિયા મારી રે તુંછે પ્રાણથકી પ્યારી રે

પ્રિયા પ્રિયા મારી રે...

સુંદર વદન સરોવર અંદર

નયન કમળ છબીલી ન્યારી રે

તું કોમળ કેમ કાળજું હોય મારી કટાક્ષ કટારી

પ્રિયા પ્રિયા મારી રે...

ગાલ ગુલાબી બિંદુ બિરાજે

મૃગ મદન મનોહારી રે = પ્રિયા

**ગરબો (લીલાવતી)**

સૈયર સુખકર આ સંસાર શિયળ ભૂષણ સજીએ

સો ગુણ નિગુણ નર ને નાર ધનમન તજીએ

પરનારી પ્રેમ પ્રદિકમાં પડી પતંગ સમાન રે

શું જસ શરીર સળગાવી મૂકે, કંઈક નરૂટ નાદાન = શિયળ ભુષણ સજી

અવર અખંડીત અનુપમ, નહિ મળે એક નામરે

શિયળ વિના એવા સદગુણ સોમલ સંપક સાર = શિયળ ભુષણ સજી

વ્યભીચારી સૌ સંસારી કરે, અધીક ધીક્કારરે

પરપાંળે પકડતાં, પડીસા મોટા જનને મારે = શિયળ ભુષણ સજી

અવળ અંગારા ઉઠ્યા, ઘરમાં કર્મ ધુળરે

ઘર વિરોધી વ્યભિચારી નીચ ધનનો નાશરે = શિયળ ભુષણ સજી

શિવસુત કેશવ શિયળ વંદના, દેવદારીના દાસ = શિયળ ભુષણ સજી

**(સીતાજીનો મહીનાનો રાગ)**

સખી પરલવ પાપ અમાપ, કરી હું તો અવતરી

મને વિષ્ણવ વધુના પ્રતાપ, કરીહુતો અવતરી

હશે ભરવાડીયા અજીવન ધ્યાન, અળગુણ પાણી વાપર્યા

કર્યુ મુનિવરનું અપમાન, ધર્મ ધન ધન હાર્યો

દિધી વિધ્યા ગુરુજીને ગાળ, લોહ વૃત્તિ ભાગીયા
તોડી તળાવની પાળ, તેના પાપ જાગીયા
કાં તો પુન્યની પરમ ફોડેલ, કે જાન લૂટી હશે
મુજ ધરમ તજીઓ ધરી, ગધ સખી મારુ શું થશે
થઈ પાપતણી પશ્ચાહાર, ઉતમ અપમાનીઓ
સખી પરભવ પાપ અમાપ
હુંડી સાંખભરી સરકાર, ખોટા કલમે લખી
દોષ દીનજનને દરબાર, દ્રવ્ય કરવા દુઃખી.[૭૪]

## ૪.૩ આદિવાસીઓની લોકપરંપરાઓમાં સંગીતનું તત્ત્વ :

લોકપરંપરાઓના રચનારાઓ અનામી છે. કેટલીક જાતિઓનું લોકસાહિત્ય લિપિબદ્ધ થયું હોતું નથી. તેમાં વિશેષ કરીને આદિજાતિઓ આવી જાય છે. જંગલોમાં વસતી આ આદિજાતિઓમાં કોઈને પણ કોઈપણ જાતની લિપિનો પરિચય શુદ્ધાં હોતો નથી. ભણેલા લોકોમાં સાહિત્યકૃતિઓ રચાઈ-સચવાઈ તેના રચનારાઓનાં નામ પણ સચવાયાં છે. પરંતુ અનાભ્યાસ અને લિપિની અપરિચિતતા આવી જાતિઓની લોકપરંપરાઓને જાળવી કે બહાર લાવી શકતી નથી. લોકોના કંઠમાં જીવતા લોકગીતો-પરંપરાઓને લિપિબદ્ધ કરવાના પ્રયત્નો જૂના કાળનાં આપણાં પુરાણો, બૃહત્કથા વગેરેમાં મોટાપાયા પર થયેલા જોવા મળે છે. માણસની પુરાણકલ્પનશક્તિ જીવન રહસ્યને પામવાની એક અનોખી શક્તિ છે. સમય જતાં મૂદ્રણ અંગનો પ્રસાર વધ્યા પછી લોકો પરંપરાઓમાં લોકોમાં પ્રિય થયેલા ગીતો, ગીતકથાઓ, નૃત્યો વગેરે ગ્રંથસ્થ થવાની પ્રવૃત્તિ વધારે સરળ બનવા લાગી.

ભારત દેશના આદિવાસી વસ્તી ધરાવતા રાજ્યોમાં ગુજરાત પાંચમા નંબરે આવે છે. ગુજરાતમાં ૨૯ જેટલી આદિજાતિઓ જોવા મળે છે.

''ગુજરાત રાજ્યમાં ઉત્તરે છેક અંબાજીથી માંડીને દક્ષિણે ડાંગ સુધીનો અરવલ્લી, વિંધ્યાચલ અને સાતપુડાની પર્વતમાળા અને જંગલો, સરહદી વિસ્તારોમાં અનુક્રમે ઉત્તરે અરવલ્લીની

૭૪. રૂબરૂ મુલાકાત : મીર, નસરીન - માલણ.

હારમાળાઓમાં બનાસકાંઠા, સાબરકાંઠા જિલ્લાઓના સરહદી વિસ્તાર, મધ્ય ગુજરાતમાં પંચમહાલ, દાહોદ, વડોદરા, ભરૂચ અને નર્મદા જિલ્લાઓ, દક્ષિણે સાતપુડાના ડુંગરોવાળા સુરત, નવસારી, વલસાડ અને ડાંગ જિલ્લાના પહાડો તથા જંગલવાળા વિસ્તારોમાં આદિજાતિઓ વસે છે. જે તેઓનું મુખ્ય નિવાસસ્થાન છે અને આ વિસ્તારોને આદિવાસી વિસ્તાર તરીકે સમાવેશ થાય છે.''[૭૫]

### ૪.૩.૧ આદિજાતિની મુખ્ય ત્રણ જાતિઓ :-

આદિજાતિમાં ખાસ કરીને ભીલ, કુનબી અને વારલી આ ત્રણ મુખ્ય જાતિ પ્રવાહો વધારે પ્રબળ છે.[૭૬] જેનો ક્રમશઃ જાતિવાર સામાન્ય પરિચય મેળવીએ.

### ૧. ભીલ :-





**૪.૧૫ ભીલ સમાજની વેશભૂષા**

ભીલોની વસ્તી રાજ્યના આદિવાસી વસ્તીવાળા બધા જ જિલ્લાઓમાં જોવા મળે છે. ઉત્તર વિસ્તારમાં બનાસકાંઠામાં દાંતા, સાંબરકાંઠામાં ખેડબ્રહ્મા, વિજયનગર, ભીલોા અને મેઘરજના પૂર્વ વિસ્તારમાં પંચમહાલ, દાહોલ, ઝાલોર, સંતરામપુર, વડોદરામાં રાજપીપળા, ડેડીયાપાડા, સાગબારા, વાલીયા, દક્ષિણ વિસ્તારમાં સુરતમાં ઉચ્છલ, નિઝર, માંડવી અને સમગ્ર ડાંગ જિલ્લામાં તેમની મુખ્ય વસ્તી જોવા મળે છે.

ઉત્તર અને પૂર્વ ગુજરાતના ભીલો પૂર્ણ પોશાકવાળા, તીરકામઠું, બંદૂર, તલવાર જેવા હથિયાર સજ્જ, જુસ્સાવાળા અને સારી ખેતી કરનારા છે, જ્યારે દક્ષિણના ભીલો તેમાંય ખાસ કરીને ડાંગના ભીલો નરમ સ્વભાવના, ભાષા, બોલી, રિવાજો, ખાનપાન, પહેરવેશ વગેરેમાં

---

૭૫. આદિવાસી ઉત્કર્ષ યોજનાઓ, 'માહિતી ખાતુ' ગુજરાત રાજ્ય, ગાંધીનગર, નવેમ્બર-૨૦૦૦, પા.નં. ૧

૭૬. પટેલ, જી. ડી. ગેઝેટિયર ઓફ ઈન્ડિયા, પા.નં. ૧૯૮

મહારાષ્ટ્રની અસરવાળા દેખાય છે.[૭૭]

## ૨. કુનબી :-



**૪.૧૬ કુનબી આદિવાસી**

'રાષ્ટ્ર કૂટોના વખતમાં ડાંગ પ્રદેશમાં જે જાતિઓએ પ્રવેશ કર્યો તેમાં કુનબી પણ હતા, એવું થોડા ઘણાં વિદ્યાનો માને છે.'[૭૮]

આજની સવાસો વર્ષ પહેલા અંગ્રેજોના સરકારી દફતરમાં (ઈ.સ. ૧૮૫૨-૫૪) કુનબી શબ્દનો લેખિત પુરાવો જોવા મળે છે.[૭૯] કેટલાક પાતળા છતાં સશક્ત હોય છે, આજે ખેતીનો ભાર કુનબી આદિવાસીઓ ઉઠાવી રહ્યા છે. કુનબી જાતિ ભીલ કરતાં વધારે મહેનતુ અને હોંશિયાર હોય છે. પદ્ધતિસર ખેતી ચાલુ કરવાનું માન આ પ્રજાને ફાળે જાય છે. લોકપરંપરાઓ અને સંસ્કારોમાં પણ ભીલો કરતાં કુનબી વધારે આગળ છે. ખાસ કરીને નામસંસ્કાર અને અંત્યેષ્ટિવિધિનું આ જાતિ અત્યંત કડક રીતે પાલન કરતી જોવા મળે છે. કુનબીઓ ખાસ કરીને સૂર્યપૂજક છે. પહેરવેશની બાબતમાં બીજી જાતિઓ કરતાં આ જાતિ વધારે શોખીન છે. લાલ અને લીલો રંગ એમનો મનગમતો રંગ છે.

---

૭૭. ચૌધરી, ડૉ. પ્રભુ આર. ડાંગના લોકગીતો (એક અભ્યાસ) પા.નં. ૮૮

૭૮. ચૌધરી, ડૉ. પ્રભુ આર. ડાંગના લોકગીતો (એક અભ્યાસ) પા.નં. ૧૩

૭૯. ચૌધરી, ડૉ. પ્રભુ આર. ડાંગના લોકગીતો (એક અભ્યાસ) પા.નં. ૧૪

## ૩. વારલી :-

ગુજરાતમાં બીજી આદિવાસી જાતિઓની સાથે સંખ્યાની દૃષ્ટિએ પોતાનું અસ્તિત્વ વ્યક્ત કરતી આ વરલી જાતિ ખાસ કરીને દક્ષિણ ગુજરાતના વલસાડ અને ડાંગ જિલ્લામાં જ જોવા મળે છે. આ જાતિમાં બે પ્રકાર જોવા મળે છે. (૧) ઓખા વારલી (૨) બાતોડ વારલી.[૮૦]



**૪.૧૭ વારલી આદિવાસી**

ઓખા વારલીને કુકણા જાતિની સમકક્ષ જ્યારે બાતોડ વારલીને ભીલ જાતિની સમાન ગણવામાં આવે છે. જો કે આ પ્રજા ભીલો કરતાં ખેતીમાં વધુ પ્રગતિશીલ છે. તેમનો ધર્મ નિસર્ગ પૂજા છે. ઈન્દ્રદેવ (ખાનદેવી) વાઘદેવ અને નાગદેવ તેમના મુખ્ય દેવો છે. આ જાતિના લોકો નાગપૂજાને ઘણું મહત્ત્વ આવે છે.[૮૧] કુનબીઓની જેમ શરીર સૌષ્ઠવ અને સૌંદર્ય આ જાતિમાં પણ જોવા મળે છે.

આ ઉપરાંત આદિવાસીઓમાં માવચી, ગામીત, વટોળિયા (કોટનાળિયા) વગેરે જાતિઓમાં પણ જોવા મળે છે. આ જાતિઓ મુખ્યત્વે સુરત, વલસાડ, ડાંગ, જિલ્લાઓમાં જોવા મળે છે.

---

૮૦. ગુજરાતની આદિવાસી સંસ્કૃતિ 'ડાંગ જિલ્લો', ગુજરાત રાજ્ય માહિતી ખાતુ, ગાંધીનગર, પા.નં. ૪

૮૧. ગુજરાતની આદિવાસી સંસ્કૃતિ 'ડાંગ જિલ્લો', ગુજરાત રાજ્ય માહિતી ખાતુ, ગાંધીનગર, પા.નં. ૪

## ૪.૩.૨ આદિજાતિની સંસ્કૃતિ :-

શહેરોથી દૂર જંગલમાં વસવાટ કરનારી આ પ્રજાની સંસ્કૃતિ સાવ નિરાળી છે. તેમનું સામાજિક, આર્થિક કે સાંસ્કૃતિક ઘડતર શહેરીજીવન કરતાં તદ્દન અલગ છે. પણ એનો અર્થ એ નથી કે તેઓ જંગલી છે કે તેમનું જીવન નિરસ અથવા અર્થહીન છે.[૮૨] તેમની પણ આગવી સંસ્કૃતિ છે. તેમનો પણ એક સમાજ છે. તેમનાં પણ રીતરિવાજો, રસમો, ધાર્મિક માન્યતાઓ, અંધશ્રદ્ધાઓ અને અનેક પરંપરાઓ છે. જેમાં તેમનું જીવન રસપૂર્વક ગુંથાયેલું જોવા મળે છે. તેમની સંસ્કૃતિનો મહામુલો વારસો તેમના મેળા અને ઉત્સવ-પર્વોમાં જોવા મળે છે. ધરતીની અત્યંત નજીક જીવનારી આ પ્રજામાં ધરતીનો ધબકાર છે. જે ધબકાર તેમનાં વાજિંત્રોમાં સંભળાય છે અને તેમના નૃત્યોમાં દેખાય છે.

## ૪.૩.૩ આદિજાતિના મેળા :-

આદિવાસીઓ માટે મેળાઓ એ આનંદ મેળવવાનું અને ધાર્મિક અને સામાજિક રીતરસમો પૂરી કરવાનું એકમાત્ર સાધન છે. તેમને માટે ઉત્સવ એટલે મેળો. એકબીજાનું મિલન સ્થળ એટલે મેળો, જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ લેવાનું સ્થળ એટલે મેળો, વેરની વસુલાતનું સ્થળ પણ મેળો અને પોતાની અંદર રહેલી કલાની અભિવ્યક્તિ કરવાનું સ્થળ પણ મેળો જ. ડુંગરોમાં અને જંગલોમાં ભટકતી, નિરસ અને ભયમુક્ત એકધારી જિંદગી જીવતા જણાતા આદિવાસીઓના જીવનમાં મેળાનું અનેકગણું મહત્ત્વ છે. મેળાઓ તેમના પ્રાણ છે. ઢોલના તાલ સાથે અને શરણાઈઓના સુર સાથે આ પ્રજા નાચવા લાગે છે. જ્યાં જીવનનો શ્રમ અને દુઃખ ભૂલીને નૃત્ય દ્વારા ધ્યાનમગ્ન થઈ જાય છે. નવો વસ્ત્રો ધારણ કરીને મેળે મહાલવાં આવતા માનવ મહેરામણ મન મૂકીને નાચે છે. જેમાં તેમના નૃત્યનો અમૂલ્ય વારસો જળવાઈ રહે છે.

## ૪.૩.૪ આદિજાતિના ઉત્સવ-પર્વો :-

મોટાભાગના આદિજાતિના લોકો ખેડૂત હોવાથી તહેવારો ખેતીને લગતા જ હોય છે તે સ્વાભાવિક છે. લોકોની સામાજિક, સાંસ્કૃતિક તથા ધાર્મિક માન્યતાઓ પર ઉત્સવો (તહેવારો) સારો એવો પ્રકાશ પાડે છે. ઋતુચક્રનું મહત્ત્વ દર્શાવતા આ તહેવારોને આચરણમાં લાવીને મનુષ્ય પોતાનું

---

૮૨. પટેલ, જી. ડી. ગેઝેટિયર ઓફ ઈન્ડિયા, ડાંગ જિલ્લો, પા.નં. ૧૯૮

દુઃખ ભૂલી જીવનમાં આનંદનું નિર્માણ કરે છે. માટે જ તહેવારો એક મહાપર્વ રૂપ છે.

**૪.૩.૪.૧ હોળી :-**



**૪.૧૮ આદિવાસી સમાજ : હોળી**

આદિજાતિનો મોટામાં મોટો તહેવાર એ હોળી છે. ફાગણ સુદ પૂનમે હોળી હોય છે. પરંતુ ફાગણ સુદ આઠમની હોળીના તહેવારનું વાતાવરણ જોવા મળે છે. આદિ જાતિના લોકો આ દિવસોને 'શીમગા' તરીકે ઓળખે છે. પૂનમે હોળી ઉજવ્યા પછી રંગપંચમી સુધી હોળીનાં ગીતો અને વાદ્યોની મસ્તીમાં જ આદિવાસીઓ જોવા મળે છે. 'તૂરિયો' તૂર વગાડે, 'થારિયો' થાળીને, 'ભૂંગરિયો' ભૂંગળ વગાડે – આ ત્રણ વાજિંત્રો ગામના ગામ ગૂંજવી દે. કેડમાં હાથ ભીડી સ્ત્રી અને પુરુષ સામસામાં ઝૂમખાં પગના તહેરવાટ ઠુમકાં દેતાં ને તે તાલમાં નૃત્યગીત લલકારતા નાચે છે.[૮૩]

નૃત્યને આ જાતિના લોકો 'ચાળા' કહે છે. ચાળા એટલે અનુકરણ. એમના શિકારના પ્રાણીઓની નકલ તેઓ નૃત્યમાં ઊતારે છે. 'સસલાચારો', 'ઘોચારો', હુંહવાટ (મગર) ચારો, 'મરઘીચારી', 'મેડક્ચારો', 'વાંદરચારો', 'હાલકોકિલા (કોશીડા) ચારો', વગેરે એમના નૃત્ય પ્રકાર છે.

'રાંદેરી બોર રે લે'રી મીઠાં બોર છે.
રાંદેરી બોરડી રે લે'ટી મીઠાં બોર છે.
બોર ખાવા જેઈલી રે, લે'રી મીઠાં બોર છે.
પૈસે પાસેર રે, લે'રી મીઠાં બોર છે.'

---

૮૩. ગુજરાતી લોકસહિત્યમાળા - મણકાં-૧, સંપાદક - ગુજરાતી લોકસાહિત્ય સમિતિ, પા.નં.૯૦

'ખંધાળિયા ખાંધમાં જજેરે,
ખાટી મીઠી તાડી લાવજે રે,
ખાટી તાડી બૂમલ માગે રે,
મીઠી તાડી લેવટ માગે રે.'[૮૪]

હોળી પર્વના આનંદભર્યા સ્મરણો હજુ ભુલાયાં ન હોય ત્યાં તો બીજુ પર્વ આવીને ઉભું રહે છે – અખાત્રીજ.

### ૪.૩.૪.૨ અખાત્રીજ :-

વૈશાખ સુદ ત્રીજને આદિવાસીઓ અક્ષર તૃતીયા–અખાત્રીજ તરીકે ઓળખે છે. આ તહેવાર કુનબી જાતિના લોકો વધારે ઉજવે છે. આ તહેવારમાં વસંત ગૌરીનું–ગોરાઈનું પૂજન કુનબી કુમારિકાઓની સાથે–સાથે વારલી અને ભીલ સ્ત્રીઓ પણ કરે છે.

ગૌરાઈ પૂજન એટલે એક વાંસની ટોપલી લઈ તેમાં માટી ભરી – પાંચ પ્રકારના ધાન્યની વાવણી કરી તેનું પૂજન કરવામાં આવે છે અને આ ધાન્ય છ દિવસમાં ઊગી નીકળે એટલે સ્ત્રીઓ અખાત્રીજના ગીતો ગાય છે. આ ગીતો વિસર્જનની પ્રથા રાત સુધી આદિજાતિની સ્ત્રીઓ ભેગા મળીને રાત્રે ગાય છે.[૮૫]

આ ઉપરાંત તેરા, નાગપાંચમ, પોળોનો સન, પિતરાંનો સન, ગણેશ ચર્તુથી, નોરતાં અને દશેરા, વાઘબારસ, દિવાળી વગેરે જેવા ઉત્સવોની ઉજવણી કરે છે. આ ઉપરાંત તેમના દેવદેવીઓની પૂજા ભગતા ડુંગરદેવની પૂજા, ભવાડા વગેરે જેવા ધાર્મિક પૂજનોની પણ ઉજવણી કરતા હોય છે.

આ પર્વો અને ઉત્સવોમાં આદિજાતિના લોકો વિશેષ નૃત્ય કરતા હોય છે. જેમાં કાહળિયા નૃત્ય, ઠાકર્યા નૃત્ય, ડુંગરદેવ (ભાયા) નૃત્ય, ભવાડા, માદળયા નૃત્ય, પાવરી નૃત્ય, તુર નૃત્ય, ભવાની નૃત્ય, તમાશા વગેરે નૃત્યોથી પર્વોની ઉજવણી કરે છે.[૮૬]

---

૮૪. ગુજરાતી લોકસહિત્યમાળા – મણકાં-૧, સંપાદક – ગુજરાતી લોકસાહિત્ય સમિતિ, પા.નં.૯૨

૮૫. ગુજરાતી આદિવાસી સંસ્કૃતિ, ડાંગ જિલ્લો, ગુજરાત રાજ્ય માહિતી ખાતું ગાંધીનગર, પા.નં.૧૭

૮૬. ચૌધરી, ડૉ. પ્રભુ આર. ડાંગના લોકગીતો (એક અભ્યાસ) પા.નં. ૩૮

### ૪.૩.૫ આદિજાતિની કંઠ પરંપરા :-

આદિજાતિમાં પર્વ-તહેવાર, પ્રસંગો કે સંસ્કારવિધિ પ્રસંગે ગીતો ગવાતાં હોય છે. અહીંના લોકો ખેતમજૂરો છે. તેઓ પ્રણાલિગત ગીતો ગાય છે, ને આનંદ મેળવે છે.

અખાત્રીજના ગોરાઈ પૂજન વખતે સ્ત્રીઓ સાંજે વાળું પતાવીને એક જગ્યાએ ચોરા પર કે કોઈ ઘરનાં ઓટલે કે આંગણામાં ટોળે મળી-બેઠક લે છે અને 'ગૌરાઈ'ના ગીતો થાય છે.

ચલા વનેત જાઉરી (૨)

ચલા ટોકરાં તોંડુરી (૨)

ચલા ટોકરાં આતરુરી (૨)

ચલા ટોકરાં ફોંડુરી (૨)

ચલા કાડકે કાડુરી (૨)

ચલા ડાલમાં ઈનુરી (૨)

ધાતલી ગઉરાઈ બાઈ (૨)

સીપલી ગૌરાઈ બાઈ (૨)

આ ગીતમાં ગૌરાઈ કરવા માટે ટોપલું, માટી, ધાન્ય અને પાણીની જરૂર છે. તે ક્યાંથી ને કેવી રીતે લાવવું તે બતાવવામાં આવ્યું છે.

ગૌરાઈના કારણે ખેડૂતો ધન ધાન્યથી સભર બને તેવું એક ગીત આ પણ ગવાય છે.

"ગઉર બાબાતીન મંદિરેત (૨)

પાત કસાયેચી ? મકયેચી (૨) ગઉટ

પાત કસાયેચી ? નાગલીચી (૨) ગઉટ

પાત કસાયેચી ? વરીચી (૨) ગઉટ

પાત કસાયેચી ? ભાતાચી (૨) ગઉટ

પાત કસાયેચી ? જવારીચી (૨) ગઉટ

ગામની બધી ગૌરાઈ ભેગી થયાં પછી તેના ફરતે પાંચ ફેરા ફરવામાં આવે છે, તે વખતે આવા ગીત ગવાય છે.

કાળાં વાંગ કરીલે વ સેળ તુપી ભરીલે ભરીલે,

ગાંવદેવી વર દીપીકા જળ,

કીતી દેવા ખેળસીલ ઘોડા ઝાલા નીળ. (૨) કાળા વાંગ...

હનુમાન દેવ વર દીપાકા જળ,

કીતી દેવા ખેળસીલા ઘોડા ઝાલા નીળ. (૨) કાળા વાંગ...

ગૌરાઈને વિદાઈ કરતી વખતે સ્ત્રીઓ ગામના દેવ-દેવીઓ પાસે રજા લેવા જાય છે અને ત્યાં આ ગીત બોલે છે.

આમચી ગવરાઈ તાનેલી સેળ પાની ધાનેલી,

પાનેદુન પાતાળ દૂદાદુન શીતળ

ઈ ગવરાઈ કોનાચી ? ગાવિત કુટુંબચી

અવદ આનિસ વ વરસી ઈજોસ.

આમચી ગવરાઈ તાનેલી સેળ પાની ધાનેલી.

પનેહુન પાતાળ દુહાદુન શીતળ.''[૮૭]

આદિજાતિમાં હોળી પણ એક મહત્ત્વનો મુખ્ય તહેવાર છે. આ તહેવારની તૈયારીઓ તેઓ અઠવાડીયા-પંદર દિવસ પહેલાંથી કરવા માંડે છે. હોળીના આગળના દિવસની રાતે છોકરાઓ નાની હોળી બનાવે છે. એ દિવસે દસ-બાર છોકરાઓ હાથમાં વાંસ લઈને ગામમાં ઘેર ઘેર જઈ ઉભા ઉભા જ વાંસને જમીન પર એક જગ્યાએ અફાળતાં જઈ ગોળ ગોળ ફરે છે. ને ગીત ગાઈ પૈસા કે ચોખા અથવા લોટ માગે છે. આ પ્રવૃત્તિને તેઓ 'ભોકલાં' કહે છે. તેનું ગીત જોઈએ તો -

''ભો ભોકલા,

ભોલે ભોકલ્યા !

અટાટી ટો,

પીઠ માંગી તો!

ભો ભોકલા,

---

૮૭. રૂબરૂ મુલાકાત - ચૌધરી, યેમનાબેન બુધીયાભાઈ. (ગૌરાઈ ગીત)

ભોલે ભોકલ્યા !

અટાટી ટો,

નાગલી માંગી તો!

ભો ભોકલા,

ભોલે ભોકલ્યા!''[૮૮]

આ પ્રકારનું ગીત ગાઈ તેઓ ભોકલા માંગે છે. સાંજે બાળકો, સ્ત્રી-પુરુષો સૌ નવાં કપડાં પહેરીને, શણગાર સજીને હોળી પર આવવા તૈયાર થાય છે. તે વખતે સ્ત્રીઓ હોળીનાં ગીતો ગાય છે.

ડોંગરાચી માવલી કલ

દેવદારી ઉતરીલ વ

હોળી બાઈએ લગનાચા વ

કાય આલે ઉચીત વ

ફાપર ઉચીત વ

હોળી બાઈએ લગનાચા વ,

કાય આલે ઉચીત વ.''

આ ગીતમાં હોળી દેવીનું લગ્ન થઈ રહ્યું હોય તેવું દર્શાવવામાં આવે છે. તેમાં સૌ દેવી-દેવતાઓ, આકાશ, પાતાળ, પૃથ્વી, કનસરાદેવી, ડુંગરમાવલી, વનસાપત દેવી, અંબે માતા, કાલીમાતા - બધાને આમંત્રણ આપે છે.

હોળીનાં દિવસે જુવાનીયાઓ હોળીની ફરતે ફરે છે ને હોળીના ગીતો ગાય છે. એ ગીતોમાં આ ગીત મુખ્ય છે.

હોળી બાઈ બોલી વ સદા સીમગા ખેળે વ,

હોળી બાઈલા મનાવશું પહેલાં ખાંભ ચઢાવીશું,

હોળી બાઈ બોળી વ સદા સીમગા ખેળે વ,

હોળી બાઈલા મનાવવું પહેલાં ફાપર ચઢાવશું,

---

૮૮. રૂબરૂ મુલાકાત - ચૌધરી, સુમનબેન કાશીનાથભાઈ (ફેરાગીત)

હોળી બાઈ બોલી ન સદા સીમગા ખેળે વ,

હોળી બાઈલા મનાવશું પહેલાં સીતર ચઢાવશું.[૮૯]

આ ગીતમાં એવો ભાવ છે કે જો હોળી રૂઠી જશે તો હોળીનાં તહેવારની મઝા નહીં રહે. તેથી હોળી નારાજ ન થાય તેવું કરવું. જો હોળી રૂઠી જાય તો તેને ફાયર ચઢાવીશું, સ્તંભ પર સુપડું બાંધીશું, સ્તભંની ડાળીઓ પર સોપારીઓ, પાપડીઓ, ખોબરા (વાટી)ઓ, ધનુષ્ય, ખજૂર ચઢાવીશું તેનો ભાવો વ્યક્ત કરવામાં આવ્યો છે.

આદિ જાતીમાં દીવાળીના પર્વ દરમ્યાન ગાયમાતા (લક્ષ્મીમાતા)ના પૂજનરૂપ દીવાળી વાઘ બારસ પર્વની ઉજવણી કરવામાં આવે છે અને તેના ગીતો ગાવામાં આવે છે.

વાટ વાટ રે દીવા લાવ જોત રે

વારા પિલારે વારા પિલારે,

મહાદેવચા ઘર સવ દાર ઉગડાં,

બારસીંગ થેવાં, બારસીંગ ચોરટાં, ચોરવ કોનાંચા ?

લક્ષમણના કોડુંન કોડુંન કેલે પૂજા,

ગાયીયે ગળેલા ગળગળ ગોંડા,

ગાયીઆ ગોળા ઝાલા,

ગાયીઆ ધની હરકીત ઝાલા

હસતી હસતી આલા ધની,

ગબનાયેતી રાજપની સુનરેગઢના સુનરે રે ભરવાડ,

સોળ જ દાંત, હરણાવટી,

નવ નવ બાળ, નવાનું મસી, નવી જ ગાય,

પેવડ યુક્ત પોર આલા ધેવુન,

ડોંગોરીચા માર ખાવુન ગેલે,

માર હોતો તેવર ઝાલાં;

---

૮૯. રૂબરૂ મુલાકાત - ચૌધરી, સુમનબેન કાશીનાથભાઈ (હોળી ગીત)

તેવર હોતો, લીલી હોતી,

લાત મારી પડાપડી પૈસાચી ખડાખડી.[૯૦]

ઢિંઢવાડીના પ્રસંગે આ ઉપરાંત બીજા ગીતો પણ ગાવામાં આવે છે.

સન આલે ઢિંઢવાળી ચા

સન આલે દિવાળ ચા

ભાવુ ગેલે બહીની મૂળ.

***

ઘેવુ યેવુ ચા આલારે ગવળન

મન ગોસાળી આલારે ગવળન

ગેલા પીપળયે વાડ ગવળન

પાઈ પીપળચા વાડુન ગવળન

અન્ન પાને ચા કરારે ધરમ

સેળુ યેળુચા કરા રે ધરમ.

મોકળે મનાની કરારે ગવળન.''[૯૧]

ચારી જાતીના લોકો ખેતરમાં સારો પાક આવે તેમજ ઢોર-ઢાંકર, પશુ-પક્ષી, જનાવર કે ચોરથી બચાવવાના કામ માટે ડુંગર દેવીની પૂજા કરે છે. આ પુજા વિધિને 'ભાયા' કહે છે અને ભાયા નૃત્ય ગીતો ગાઈને નૃત્ય કરે છે.

''ઊંચી નીચી ખીડકી તીરપી જાય વ પોરી તીરપી જાય,

નારેળી બનાલા હીલાવા જાય વ પોરી હીલાવા જાય

સોપારી બનાલા હીલાવ જાય વ પોરી હીવાલા જાય

ખારકા બનાલા હીલાવા જાય વ પોરી હીલાવા જાય.''

***

---

૯૦. રૂબરૂ મુલાકાત - ચૌધરી, ફુલુભાઈ રાયાજીભાઈ

૯૧. રૂબરૂ મુલાકાત - ચૌધરી, યેમનાબેન બુધીયાભાઈ (ઢિંઢવાડીગીતો)

''ખોબરેચી વાટી હો, ડોંગરદેવી સાટી હો

ખારકાચાં પોતાં હો, ડોંગરદેવી સાટી હો

સોપારીચા પોતા હો, ડોંગરદેવી સાટી હો

નાળિયેરીચા પોતા હો, ડોંગરદેવી સાટી હો.''[૯૨]

માદળનૃત્ય ગીતો એ મુખ્યત્વે દેવદેવીઓના જ હોય છે. માદળવાદ્ય એ ભવાની કે દેવીનું વાદ્ય છે અને તે દેવ-દેવીઓને બહુ પ્રિય હોય છે. આદિવાસી સમાજમાં જ્યારે તેમનાં પર દુઃખ આવી પડે છે ત્યારે માદળની વિધિસરની પૂજા કરવામાં આવતા કે દુઃખી થનાર વ્યક્તિ પરથી માદળનો ઉતારો કરતાં તે કષ્ટો દૂર થઈ જાય છે, એવી દૃઢ માન્યતા આ સમાજ ધરાવે છે. તેના માટે માદળનૃત્ય થાય છે અને તે ગાનારા (સૂત્રધાર) પર જ આધારિત હોય છે.

એક વ નમીન કરું એક વ તળાલા

દોન વ નમીન કરું દોન વ તળાલા

તીન વ નમીન કરું, તીન વ તળાલા

ચાર વ નમીન કરું ચારી વ તળાલા.

***

''એવળ ખેળવ મેળવેલે વ ધોબીંગ બે

હાથાના ખેળ ખેળ ઈગતો માળે

ધરતીમાઈ ચા ખેળ માંડલા રે ખેલ માંડલા

હાથાના ખેળ ખેળ વ ઈગતો માળે.

વનસામાઈચા ખેલ માંડલારે ખેલ માંડલા.''[૯૩]

ઠાકર્યાનૃત્ય નાચવા માટે ગીત જરૂરી હોય છે. ગણપતિ જેવા તહેવારોમાં જુદા જુદા ગામોની ઠાકર્યા મંડળીઓ વચ્ચે હરીફાઈ યોજાય છે. આ હરિફાઈમાં જાત જાતની એકશનો કે દાવ અજમાવતા નૃત્યકારોને જોવાનો એક અનેરો લ્હાવો હોય છે. વિરોધી ઠાકર્યા મંડળીને હરાવવા કે

૯૨. રૂબરૂ મુલાકાત - ચૌધરી, યેમનાબેન બુધીયાભાઈ (ઢિંઢવાડીગીતો)

૯૩. રૂબરૂ મુલાકાત - ચૌધરી, યેમનાબેન બુધીયાભાઈ (ઢિંઢવાડીગીતો)

પાડવા ઢોલ ને ફોડી નાખવામાં આવે છે. (મેલીવિદ્યાનાં મંત્રોથી જ) આ નૃત્ય ફક્ત પુરુષો જ કરે છે, ને ગીતો પણ પુરુષો જ ગાય છે.

માજાં પહેલાં નમીન રે, ધરતીમાતાલા
માજાં દુસરાં નમીન રે, માતા-પિતાલા
માજાં તીસરાં નમીન રે, ગાયત્રીમાતાલા
માજાં ચોથાં નમીન રે, ગાંવદેવીમાતાલા
સરસર યેલીચા કેલા મી ઢોલ રે,
તેમાંત બસલે ધરતી માઈ,
શુક શુક સપના ઘાલ બાઈ હિંદોળે.[૯૪]

તમાસાને કેટલાક પ્રદેશમાં 'ભાવની' તરીકે ઓખળે છે. આ તમાસા બે પ્રકારનાં છે. એક પ્રકારનો તમાસો તે સાદા તમાસો, તેમાં નૃત્યકાર પુરુષ હોય, પણ તેણે સ્ત્રીનો વેશ લીધો હોય, ને બીજો પ્રકારનો તમાસો તે છે કે જેમાં સ્ત્રીઓ જ નૃત્ય કરતી હોય. આ તમાસાને જ તેઓ 'લાવની' કહે છે. ગામડાંના લોકો અશિષ્ટ 'રાંડાનો તમાસા' થી પણ તેને ઓળખે છે. સરકારશ્રીનો સંદેશ ગામડાના લોકો સુધી પહોંચાડવાનું કામ આ 'તમાસા' મંડળી પણ કરે છે. તે તેમાં એક બે જોકરનો પ્રવેશ થાય છે. તેઓ ધીગાણું કરી લોકોને હસાવી રમુજ પૂરી પાડે છે. પછી કૃષ્ણ ભગવાન અને રાધા-ગોપીનો વેશ ભજવવામાં આવે છે. તેને એ લોકો 'ગવળન' કહે છે. ત્યાર બાદ ફરી મનોરંજન ગીતો ગાવામાં આવે છે અને નૃત્ય થાય છે. આ પ્રસંગની ભજવણીને તેઓ 'રાજપાટ' કે 'રાજવટીપાઠ' કહે છે. છેલ્લે રાષ્ટ્રગીત બોલવામાં આવે છે.

મૈ તો આરતી ઉતારુ રે સંતોષી માતાકી,
જય જફ સંતીષી માતા જય કી (૨)
બડી મમતા હૈ બડા પ્યાર માકી આંખો મેં,
માકી આંખો મે માંકી આંખો મેં.

આરતી ગીત પત્યા પછી છેલ્લે સ્તુતિગીત ચાલુ થાય છે.

---

૯૪. રૂબરૂ મુલાકાત - ઠાકર્યા નૃત્ય. કુંવર, ગંગજ્ય ભોંગુભાઈ

''શારદા બ્રહ્માચી કુંવરી, શારદા બ્રહ્માથી કુંરવટી હોય સમાન.

રામા હરી રાયાના રાયા ના ના ના,


હે... અરે રે રે... દી ર માજા રામા....

હો દીર દીર હો દી દી .....''[૯૫]

## ૪.૪ પ્રકીર્ણ :

ઉત્તર ગુજરાતની લોકપરંપરાઓમાં ધાર્મિક પ્રસંગો, તહેવારો અને ઉજવણીઓનો અભ્યાસ કરવો હોય તો સમાજના વિભિન્ન વર્ગોનો પણ અભ્યાસ કરવો જરૂરી બને છે. ઉત્તર ગુજરાતની અન્ય જાતિઓ જેવી કે, બારોટ, રાજપૂત, ચૌધરી, પાટીદાર વગેરે સમાજોની લોકપરંપરાઓનો અભ્યાસ રજૂ કરુ છું.

### ૪.૪.૧ બારોટ સમાજની લોકપરંપરાઓ :



**૪.૧૯ બારોટ સમાજની વેશભૂષા**

લોક પરંપરાઓમાં સૌથી વધુ પ્રભાવશાળી પરંપરા ઉત્તર ગુજરાતના લોકસાહિત્ય ક્ષેત્રે બારોટ અને ચારણ જાતિના લોકકવિઓ, ગાયકો અને સાહિત્યકારો દ્વારા સર્જાયેલ તેમજ સંગ્રહાયેલ સાહિત્યની પરંપરાઓની રહી છે. આ સાહિત્ય તેમજ તેના ઉદ્‌ભવ-વિકાસને સારી રીતે સમજવા

૯૫. રૂબરૂ મુલાકાત - તમાસા ગીત - વાઘેશ, મોતીરામભાઈ મંગાભાઈ.

માટે આ જાતિઓના સામાજિક, ધાર્મિક તેમજ સાંસ્કૃતિક ઈતિહાસને જોવો, તપાસવો અને મુલવવો અનિવાર્ય થઈ રહે છે.

''બારોટ'' શબ્દની વ્યુત્પત્તિ માટે પ્રચલિત વિદ્વાનોના મતે જોઈએ તો આ જાતિની ઉત્પત્તિને લગતાં શાસ્ત્રો, પુરાણો તેમજ દેશ-વિદેશના ઈતિહાસના અભ્યાસુઓના જણાવ્યા પ્રમાણે 'બારોટ' એટલે જે બ્રાહ્મણોએ પ્રાચીનકાળથી જ રાજા, મહારાજાઓનાં યુદ્ધો ટાણે તેમજ સારા પ્રસંગોએ પ્રશસ્તિ ગાવાની વૃત્તિ સ્વીકારી તેઓ સંસ્કૃતિમાં 'ભટ' અને ગુજરાતીમાં અપભ્રંશ થયેલ 'ભાટ' શબ્દથી જાણીતા થયા. આ 'ભાટ્' એ બ્રાહ્મણોની એક પેટાજાતિ છે. બારોટ શબ્દમાં પ્રાકૃતના 'બાર' અને 'વટ' એવા બે શબ્દો પડેલા લાગે છે. જે સમાસના રૂપમાં આપતા 'બાર-ઉટ્' થઈને અર્વાચીન ભૂમિકામાં 'બારોટ'નું રૂપ આપે છે.[૯૬] દેશભરમાં રાવ, રૉય, શર્મા, રાજુ, કવિરાય, દશાંદી, બ્રહ્મભટ્ટ, બારોટ, ભટ્ટરાય, ઠાકુર અને ભટ્ટાચાર્ય જેવી જુદી-જુદી અનેક અટકો ધરાવતા આ જાતિને બ્રાહ્મણ જેટલી જ પવિત્ર માનવામાં આવતી હતી.

**૪.૪.૧.૧ વહીવંચાની પરંપરા :-**

એક પ્રચલિત માન્યતા મુજબ કાલિપ્રસાદના દીકરા કરણ, જેણે ચારેય વર્ણના ચોપડા બાંધી વહેંચી દીધા અને ત્યારથી ભાટો વહીધારણ કરતા વહીવંચા થયા. જ્યારે ઈતિહાસો ન લખાતા અને આ દેશમાં કાગળ પણ ન હતો ત્યારથી બારોટોના ચોપડા લખાતા આવ્યા છે. પરદેશી ઈતિહાસવેત્તા ટૉક સાહેબ, ફાર્બસ સાહેબ અને કર્નલ વાકર સાહેબ જેવાઓ તેના ઈતિહાસ ગ્રંથોમાં બારોટોના ચોપડાનો પૂરેપૂરો ઉપયોગ કર્યો છે.[૯૭]

આ બારોટો ગામડે ગામડે અને ઘરેઘરે ફરી પોતાના યજમાનોની ચોપડામાં નોંધ રાખે છે. તેના બદલામાં યજમાનો વાર્ષિક શીખ આપે અને પુત્ર પરિવારનું નામ લખાવી ખુશી કરે. બારોટોએ માત્ર રાજદરબારની ડેલીઓ નથી ગજાવી, પણ ગામડે ગામડે અને ઘરે ઘરે ફરી યજમાનના ફળીયા કે ગિરના કોઈ ઝૂંપડામાં બેસી લોકસાહિત્ય અને લોકવાર્તાઓની રસલ્હાણ પીરસી છે. આમ, લોકસંસ્કૃતિને ટકાવી રાખવા બારોટોએ પ્રાચીનકાળથી જ કામ કર્યું છે.


---

૯૬. 'બ્રહ્મભટ્ટ યુવક' રજતજયંતિ અંક, અમદાવાદ, ૧૯૬૫, શાસ્ત્રી, પદ્મશ્રી કે. કે. પા.નં. ૧-૨

૯૭. બારોટ, શ્રી કેશુભાઈ : 'સમાજ શિલ્પી', પા.નં. ૨૨

### ૪.૪.૧.૨ વહીની લિખિત પરંપરા :-

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી હસ્તપ્રત ભંડારમાં બારોટોના વહીની લિપિ ચોપડાઓ છે. તેમાં ચોપડાઓ લખવામાં આવતી વહીની લિપિ લખી જણાવી. જે નીચે મુજબ છે.



૪.૨૦ વહીલિપિ

લગભગ તમામ લોકજાતિઓનો જીવંત-પ્રમાણભૂત ઈતિહાસ સાચવતી એક સમૃધ્ધ લિખિત પરંપરા તરીકે બારોટની 'વહી' માં જે તે જ્ઞાતિ કે જાતિની મૂળ પરંપરા, આદ્યપુરુષ, એની શાખા-પ્રશાખાઓ, એનું મૂળ-આદ્યસ્થાન, એનાં કુળદેવ-દેવી દેવતા, સતી, શૂરાપુરા, ગોત્ર, શાખા, પર્વ, ક્ષેત્રપાલ, ગણેશ, ભૈરવ, દેવી-દેવતાના નિવેદ, ગામ-ગરાસની નોંધ, મંગલ-અમંગલ પ્રસંગો વગેરે બાબતો વંશાનુક્રમે નોંધાયેલી જોવા મળે છે.

### ૪.૪.૧.૩ બારોટજીનું આગમન :-

હજુ ત્રીસ-ચાલીસ વર્ષ પહેલા દરેક કુટુંબોમાં બારોટજીનું આગમન થાય અને ઘરમાં ઉત્સવોનું વાતારણ થઈ ડેલીએથી જ બારોટજી આશીર્વાદ આપતાં આપતાં પ્રવેશ કરે.

"ચોરાશી ચારણ્યું, નવ કોટિ મારવાડણ્યું,
બરડાના બેટની, પાટણના પાદરની;
રોઝડા રેવાસની, કળકળિયા ફૂળાની,
તાંતણિયા ધરાની, કાછ પાંચાળની;
અંજાર આંબલીની, ગરનારી ગોળની,
ચુંવાળના ચોકની, થાનકના પડથારાની;

કડછના અખાડાની, નવલાખ લોબડિયાળીયું,

જોગણી માવડિયું તમારા જતન કરે બાપ !''

પોતાના જજમાનુમાં જો કોઈ બંધાણી હોય તો મારા સમ... તમારા સમ... કરી કરીને અંજળિયું લેવાય ને બારોટજી રંગ દેતા હોય.

રંગ સીતાજીના સતને

રંગ લખમણ જતિને

રંગ નકળંગી પીરને

રંગ કાળિયા ઠાકરને

રંગ ભોળિયા શંકરને

રંગ તાતી તેગને

રંગ તુરંગી વેગને

રંગ જજમાનું રાણને

રંગ સૂરજદેવ ભાણને.

કસુંબોપાણી કર્યા પછી બારોટજીને ભોજન પીરસાય. જમતી વેળા પણ બારોટજી આશીર્વાદના વેણ ઉચ્ચારે :

'બા... પો...! બા...પો...! હદ્ડ્ડ્ડ્ડ્ડ્

ઘી... ઘી... ઘી...

ન્યાં હોય લીલા દીં.....

દૂધુંવાળો દડેડાટ

ઘીયુંવાળો હડેડાટ

કોઈ જાતો... કોઈ આવતો.... કોઈ કાથી.... કોઈ કેદાર...

અન્નનો ખધાર્થી હોય ઈ આવજો.... ઓ....

નરોત્તમભાઈને ન્યાં કરો ભર્યો ગાજે....

બા....પ્પો.... હડ્ડ્ડ્ડ્ડ્.... ઘી.... ઘી.... ઘી....'[૯૮]

૯૮. બારોટ, શ્રી કેશુભાઈ : 'સમાજ શિલ્પી', પા.નં. ૬૬

ભોજન પછી એકાદ ઘડી આડા પડખે થઈને સાંજના ચારેક વાગે બારોટજી સામે ડાયરો જામે. બારોટજી યજમાનના પૂર્વજોની દાતારી, શૂરવીરતા, ભક્તિ, નેક, ટેક, ખાનદાનીના પ્રસંગોની વાત માંડે, દેશી સિતારના રણઝણાટ વચ્ચે કથા, કહેણી, કાવ્ય, સંગીત, કંઠ અને અભિનય એ છયે અંગો દ્વારા નવે રસનો સાક્ષાત્કાર બારોટજી કરાવી શકે. જેવો ડાયરો એવી વાત. માત્ર પોતાના યજમાનો જ સામે બેઠા હોય તો યજમાનોના પૂર્વજોની વાત માંડે. આખા ગામનો ડાયરો બેઠો હોય તો ધાર્મિક, પૌરાણિક, ઐતિહાસિક કે સમકાલીન ઘટના ઉપર આધારિત વિષય લઈને શ્રોતાઓની નાડ પારખીને બારોટજી વાર્તાની માંડણી કરે.

### ૪.૪.૧.૪ બારોટોની સાહિત્યિક પરંપરા :-

બારોટોએ વંશ પરંપરાગત રીતે સાહિત્યની ઉપાસના કરી છે. બારોટોએ પોતાના વંશજોને વીરગાથા ગાતા, બોલતા અને રજૂ કરતા શીખવ્યું તેમજ પહેલાના અધિશિક્ષિતો એ લખેલા ચોપડા ઉકેલતા, બિરદાવલીઓના કવિતા ગાતા અને આ રીતે બારોટોની યશમાન વંશની કીર્તિકથા કુશળતાથી પોતાની વાણીમાં રજૂ કરવાની પરંપરા પ્રસ્થાપિત કરી.

બારોટ જ્ઞાતિમાં થયેલા કવિઓમાં પનંગ, ભાટ, રોમ, હર્ષણ, પુષ્પ, કવિચંદ, કવિગંગ, કવિગોપ, કવિ ગવાલ, કવિ ગિરધર, કવિ સુરદાસ, કવિ લચ્છીરામ, કવિ બંબ, ધીરાભગત, પ્રીતમદાસ, કવિ કાન, કવિ ચંદ બરદાઈ, કવિત્રી ગીગા ભગત, બિહારીદાસ, નરસંગદાસ વગેરે કવિઓ થયા. આ પરંપરા આજે પણ જીવિત છે. અત્યારે સારંગ બારોટ, રઘુનાથ બ્રહ્મભટ્ટ, પ્રહલાદ બ્રહ્મભટ્ટ અને પ્રસાદ બ્રહ્મભટ્ટની સાહિત્યિક સાધનાના અધ્યયનથી થાય છે.

બારોટોની ડિંગળ અને પિંગળમાં અનેક કૃતિઓ આપી છે. જેમાંથી પનંગ ભાટકૃત 'નાગપિંગળ' અને 'છાન્દોગ્યપનિષદ' ગંગારાયકૃત 'ગંગા પ્રતાપ', પૃષ્પકૃત 'ખુમાન રાસો' (પહેલા) અને 'અલંકારશાસ્ત્ર', કવિ ગંગકૃત 'ગંગવિનોદી' અને 'બરનન કી મહિમા', કવિ ગ્લાવ કૃત 'કુબ્જાષ્ટક', 'ગણેશાષ્ટક' અને 'રાધિકાષ્ટક', સુરદાસકૃત 'સુરસાગર', 'સુર રામાયણ', 'સુર સુરાવલી', 'સાહિત્યલહરી', રાજશેખર કૃત 'કાવ્ય મીમાંસા', ભવભૂતિ કૃત 'ઉત્તરરામચરિત્ર', ઉદયરામ કૃત 'રાજ્યવિનોદ', મોતીરામ કૃત 'ચંદ્ર વંશાવલી', 'પૃથ્વીરાજનો સંવાદ', કાન ભાટ કૃત 'રા' માંડલિક અને નાગબાઈનો સંવાદ' તેમજ ગીગા ભગતે રચેલા ૩૦૦ જેટલા ગીતો ઈત્યાદીનો ઉલ્લેખનીય છે.[૯૯]

---

૯૯. શ્રી કેશુભાઈ બારોટ, 'સમાજ શિલ્પી', પા.નં. ૧૯૮

### ૪.૪.૧.૫ બારોટોનું મરચીનૃત્ય :-

બારોટ સમાજના લગ્ન પ્રસંગે કે સારા પ્રસંગે મરચી નૃત્ય કરવામાં આવે છે. બહેનો ગોળ મંડળમાં એક સાથે ઘૂમીને મરચી નૃત્ય કરે છે. જેમાં તાલી પાડવામાં આવતી નથી. અને ઓફ બીટમાં બંને હાથેથી કાંડાને વાળીને ગોળ ફૂદરડી ફરવામાં આવે છે. મરચી નૃત્યમાં ત્રણ ધાનો હીંચ તાલનો પ્રયોગ કરવામાં આવે છે. હાથની દિશાથી વિરુદ્ધ દિશામાં પગના સ્ટેપ એ આ નૃત્યની વિશેષતા છે. બહેનોના ગોળાઈની વચ્ચે દેશી ઢોલ વગાડવામાં આવે છે.

આ નૃત્યની સાથે નીચેના ગીતોનું ગાન પણ કરવામાં આવે છે.

''જીવણજી નઈ રે જવાદું આજ
કે વનમાં રાતલડી રાખું રે...
પહેર્યા અંગે પટોળા ચીર
હાથે હેમની ચૂડી રે.''
''મારે નથણીનો શણગાર
તમારા રુદિયામાં રાખો ને...''
એવી જ રીતે
''મારે કડલાનો શણગાર....'' વગેરે.[૧૦૦]

**સ્વર-રચના**

| | | | |
|---|---|---|---|
| – – સા | -સા રે સાનિ઼ | સા રે રેપ | પ પમ નિપ |
| – – જી | -વ ણ જી- | ન ઈ રે- | જ વા- દઉં |
| × | ૦ | × | ૦ |
| ગ -ગ મ | રે રે સાનિ | રે – રેગ | મપ ગ ગ |
| આ -જ કે | વ ન માં- | રા – તલ | ડી- – રા |
| × | ૦ | × | ૦ |
| રે સા સા | -સા રે સાનિ઼ | | |
| ખું રે જી | -વ ણ જી- | | |
| × | ૦ | | |

૧૦૦. રૂબરૂ મુલાકાત : બારોટ, રમણ. મુ.પો. જલોત્રા, તા. વડગામ, જિ. બનાસકાંઠા.

અલગ અલગ શણગારના શબ્દોનો ઉલ્લેખ કરીને આ નૃત્ય રજૂ કરવામાં આવે છે. આ ગીત રાગ કાફી પર આધારીત છે. અને હીંચ તાલમાં ગાવામાં આવે છે.

આવી જ રીતે આ રાગમાં અન્ય અન્તરા પણ લેવામાં આવે છે.



**૪.૨૧ મરચી નૃત્ય**

**૪.૪.૧.૬ બારોટોના લોકગીત :-**

બારોટ સમાજની પરંપરામાં અનેક લોકગીતો જોવા મળે છે. વઢિયાર પંથકના વઢિયારી લોકગીતો છે, જેવા કે ''શેષનાગ માર્યા....'', ''શ્રાવણ મહિને વ્હાલો સંદેશો મોકલે...'', કચ્છ પરગણામાં ''વડની વડવાઈ હમીર, બાંધ્યો છે હીંચકો...'', ''ઝીલણ તારા પાણી'', ''ભૂલી ગઈ મોતીનો હાર...'' વગેરે... પાટણ પરગણામાં ''હું રે પરણીને મારો પિયુ પરદેશમાં'' (મણીરાજના ગીતો), પોપટ જાણીને મેં તો પાંજરુ ઘડાયું...'' ''શૈલ દરવાજે ઢોલકી વાગી....'' વગેરે, ધાણદાર પરગણામાં (નળાસર, છાપી, અંબાજી), 'ભલા ભાણેજડા સરોવર જાઉં', 'હવે લ્હેર લાગી, હવે લ્હેર લાગી' કુંજલનો માર વીરા કુંજલના માર..' વગેરે લોકગીતો જોવા મળે છે. જેમાંથી અમુક લોકગીતોના રાગ-તાલનો અભ્યાસ જોઈએ તો,

**રાગ : કાફી, તાલ : હીંચ**

**સ્થાયી :** હું રે પરણીને મારો પિયુ પરદેશમાં,
કેમ કરી દન મારો જાય રાજપાટ
રાજપાટ ડુંગર ઉપર બોલે બોલે ઝીણા મોર.... (૧)

**અંતરા :** કડલા હોર્યા મે તો મારા મૈયરનાં

કાબિયુંની બબે તારે જોડ રાજપાટ

રાજપાટ ડુંગર ઉપર બોલેબોસે ઝીણા મોર.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| - | સાસા | સારે | ગપ | મગ | રે | - | સાપ | મગ | રે | સાસા | - |
| - | હુંરે | પર | ણીને | મારો | - | - | પિયુ | પર | દે | શમા | - |
| × | | | ૦ | | | × | | | ૦ | | |
| - | પપ | ધમ | પ | નિ | ધપ | પ | - | -ધ | મપ | મગ | રેસા |
| - | કેમે | કરી | દ | ન | મારો | જા | - | -- | -- | રાજ | પાટ |
| × | | | ૦ | | | × | | | ૦ | | |
| - | સાસા | સારે | ગ | પ્મ | ગરે | સા | સાપ | મગ | રે | સાસા | - |
| - | રાજ | પાટ | ડું | ગર | પર | બો | લે- | ઝીણા | મો | -ર | - |
| × | | | ૦ | | | × | | | ૦ | | |

## લોકગીત - ૨

**સ્થાયી :** ઝીલણ તારા પાણી, અલ્યા ઝીલણ તારા પાણી

મને ખારા-ખારા લાગે, મને વખ ઝેર લાગે. (૨)

**અંતરા :** બાયો મુંજો વેરી અલ્યા દાદો મુંજો વેરી

મને વેરીયો માં દિઠી, મારી ખબરોના લીધી.

✦ લગ્ન ગીત :-

**સ્થાયી :** બાગમોં રાયણું ના ઝાડ

હે જી રાયણું ના ઝાડ ભી...

રાયણું પાકી ને જાંબુંડા લળી લળી જાય...

**અંતરા :** નાની વહુ પાણીડાની હેલ

એ પાણીડાની હેલ જો

એના પાછળ રે મયુરબા લાડલા

ઘોડા પાળા જાય.

ઝાલી ઝાલી ઘોડાની લગામ

હે ઘોડાની લગામ જો

એવા આજના ઊતારા દાદાજીની

ડેલીએ હો રાજ....[૧૦૧]

**રાગ : ખમાજ, તાલ : ચાચર**

| | | | |
|---|---|---|---|
| સા સા સા રે | ગ ગ મ | પ ધ નિ ધ | પ પ - |
| બા ગ મેં - | રા ય - | રા ય ણું ના | ઝા - - |
| ૩ | × | ૨ | ૦ |
| - - - - | ગ ગ - | મ પ ધ નિ | નિ ધ પ |
| - - - - | રા ય - | ણું - પા - | કી ને - |
| ૩ | × | ૨ | ૦ |
| - - - નિધ | પ ગ મ | ધ નિ ધ પ | ગ સા સા |
| - - - હેજી | રા ય - | ણું - ના - | ઝા ડ જો |
| ૩ | × | ૨ | ૦ |
| ગ ગ સા - | મ ગ - | ગ રે ગ - | સા નિ઼ સા |
| જાં બું ડા - | લ ળી - | લ - ળી - | - - જા |
| ૩ | × | ૨ | ૦ |
| - - - સા | | | |
| - - - ય | | | |
| ૩ | | | |

લગ્નમાં પુંખણવિધિ, વરરાજાને વધાવવું, હિન્દુવિધિ પ્રમાણેના પ્રસંગો લેવાય છે.

**૪.૪.૧.૭ મરણિયાં :-**

મૃત્યુ સમયે બારોટ સમાજમાં મરસિયા ગાઈને શોક મનાવવામાં આવે છે.

**સાખી**

મરનાર તો મરી ગયા.... (૨)

સદ્‌ગુણ જેના સાંભરે

લાખો લુટાઓ સાયબી

૧૦૧. રૂબરૂ મુલાકાત : વાઘેલા, નવઘણસિંહ. મુ.પો. કુકરાણા, તા. હારીજ, જિ. પાટણ (ઓડીયો)

મરનાર પાછા નઈ મળે

દશરથનો દરબાર... (૨)

ઈન્દ્ર પણ જેની આશા કરે

આજ ભાઈ વિના એ ભેંકાર

કડવો ભરથને કાગડા...

એ.... મારા... ભાઈનાં સ્વર્ગેથી ઉતર્યા વિમાને

એવા રામનાં તેડા આવીયા રે...

**અંતરા :** એવા રુવે રુવે.... ભઈ જોને આજ રે

મારો ભાઈ રે મને ક્યારે મળશે રે લોલ...[૧૦૨]

### ૪.૪.૧.૮ કચ્છી ઘોડી નૃત્ય :



**૪.૨૨ કચ્છી ઘોડી નૃત્ય**

બારોટોની લોકપરંપરામાં એક નૃત્ય કચ્છી ઘોડી નૃત્ય પણ છે. જેમાં પુરુષો લાકડાના ઘોડાનો વેશ ધારણ કરીને સાથે છત્રી, તલવાર, છાળ વગેરે લઈને હીંચ તાલમાં (દેશી ઢોલ) પર આ નૃત્ય કરવામાં આવે છે. આ નૃત્ય લગ્ન પ્રસંગે, સામાજિક તહેવાર પ્રસંગો, સાંસ્કૃતિક કાર્યક્રમો, સરકારી કાર્યક્રમોમાં પણ રજૂ કરવામાં આવે છે. ઉત્તર ગુજરાતમાં ડાહ્યાભાઈ કુશલભાઈ બારોટ (તૂરી બારોટ) (ગામ - મેતા) દ્વારા આ નૃત્ય પરંપરા પેઢી દર પેઢીથી નિભાવવામાં આવે છે. હાલ સાહિલ જ્યંતિલાલ ડાહ્યાભાઈ બારોટ આ નૃત્ય પરંપરા થકી પરંપરા

૧૦૨. રૂબરૂ મુલાકાત : બારોટ, અમૃતાબેન સરદારભાઈ. મુ.પો. વરવાડા, તા. ઊંઝા, જિ. મહેસાણા.

નિભાવી રહ્યા છે. સમગ્ર ઉત્તર ગુજરાતમાં એક માત્ર આ જ પરિવારની પેઢી દ્વારા આ નૃત્ય પરંપરા નિભાવવામાં આવી રહી છે.

**૪.૪.૧.૯ હાથી નૃત્ય :**

આ ઉપરાંત, બારોટ સમાજ હાથી નૃત્યની નૃત્ય પરંપરા પણ જોવા મળે છે. આ નૃત્યમાં લાકડીઓનું પાંજરું બનાવી ઉપર કપડું ઢાંકી દેવામાં આવે છે અને તેની આગળ હાથીનું મોં લગાડીને એક માણસ દ્વારા બે લાકડી ઉપર ઊભા રહીને આ નૃત્ય કરવામાં આવે છે. જેથી હાથી આ નૃત્ય કરતો હોય તેવો ભાસ થાય છે. ઉત્તર ગુજરાતમાં પાટણ જિલ્લાના સાંકરા ગામના બારોટ આ નૃત્ય પરંપરા નિભાવી રહ્યા છે. આ નૃત્ય સાથે દેશી ઢોલના તાલે નૃત્ય કરવામાં આવે છે. શબ્દોનો આ નૃત્યમાં પ્રયોગ થતો નથી.[૧૦૩]

**૪.૪.૧.૧૦ બારોટની ભવાઈ પરંપરા :**



**૪.૨૩ બારોટ ભવાઈ પરંપરા**

બારોટ સમાજમાં પારંપરિક રીતે જ ભવાઈ કરવામાં આવે છે. ભવાઈનું એક મંડળ હોય છે. જે ગામડે-ગામડે જઈને ગામના ચોકમાં રાત્રિના સમયે ભવાઈ રજૂ કરે છે. જેમાં ભવાઈના પ્રચાર માટે દિવસ દરમ્યાન ભૂંગળ ઢોલ વગાડીને જાણ કરવામાં આવે છે. ભવાઈ રાત્રે ભજવવામાં આવે છે. ગામના ચોકમાં એક પડદો બાંધવામાં આવે છે. ભૂંગળ વગાડીને ગામ લોકોને ભેગા કરવામાં આવે છે. જેમાં દરેક પાત્રોની આવરણી માટે પડદાનો ઉપયોગ કરવામાં આવે છે. કલાકારોને અલગ અલગ પાત્રો અને વેશભૂષા આપવામાં આવે છે. સૌપ્રથમ ભવાઈમાં સૂત્રધારની આવરણી થાય છે. ભવાઈ વિશે માહિતી આપે છે. પુરુષ પાત્ર સ્ત્રીનું પાત્ર ભજવીને સાખી બોલે

૧૦૩. રૂબરૂ મુલાકાત : બારોટ, શ્રી ભલુભાઈ મુ.પો. સાંકરા, તા. હારીજ, જિ. પાટણ.



**૪.૨૪ બારોટ ભવાઈ : કલાકાર મંડળ અને પાત્રો**

છે. ''મે કર્યું... તે કર્યું.... માનવી સૌ મિથ્યા બકે, પરંતુ, ઈશ્વરની આજ્ઞા સિવાય એક પાન પણ ના હલી શકે.'' ''કહોને પરમ પૂજ્ય પિતાશ્રી, આ રંગભૂમિમાં કઈ ભવાઈ ભજવાય છે?'' આ રીતે બોલીને ભવાઈનું નામ આપવામાં આવે છે. વીર માંગડાવાળો, રાણકદેવી - રા' ખેંગાર, રા' નવઘણ, દેવરો, આલણદે, ઓઢાજામ, કોથલ-પદમણી, લાલવાડી, ફૂલવાડી, કુંવરબાઈનું મામેરું... વગેરે ભવાઈ નાટકો ભજવાય છે. ભવાઈમાં સામાન્ય રીતે ૧૦ થી ૧૧ પાત્રો ભવાઈ કરે છે. જેમાં રાજા, પ્રધાન, રાણી, દાસી, બાળાઓ, વગેરે પાત્રો હોય છે.

### ૪.૪.૧.૧૧ ભવાઈની મંડળીઓ :

શિવરામભાઈ બારોટ - કનેસરા, મુળાભાઈ પાનાભાઈ બારોટ-કંબોઈ, કરશનભાઈ ગણેશભાઈ-કંબોઈ, વિઠ્ઠલભાઈ બારોટ-સાંકરા, અંબાલાલભાઈ બારોટ - સાંકરા, મૂળજીભાઈ બારોટ - વિશોલ, મોહનભાઈ ગણેશભાઈ બારોટ- સિધ્ધપુર, વગેરે મંડળીઓ પરંપરાગત ભવાઈ ભજવે છે.[૧૦૪]

---

૧૦૪. રૂબરૂ મુલાકાત : બારોટ, શ્રી ભલુભાઈ મુ.પો. સાંકરા, તા. હારીજ, જિ. પાટણ.

### ૪.૪.૨ રાજપૂત સમાજની લોકપરંપરાઓ :



**૪.૨૫ રાજપૂત સમાજ – વેશભૂષા**

#### ૪.૪.૨.૧ ઈતિહાસ :-

(૧) રાજપુતારા દાવરા સહપુરા ભારા

રિજવિયા મોજુ કરે ખિજવિયા ખારા

(૨) નતહ ક્ષતિ ઈતિહ ક્ષાત્રા

નતહ ક્ષિતિજ ઈતિહી ક્ષાત્ર.[૧૦૫]

શ્રી નવઘણસિંહ વાઘેલા રાજપૂત સમાજના ઈતિહાસ વિશે જણાવણાં કહે છે કે, જ્યારે સૃષ્ટિ ઉત્પત્તિ થઈ ત્યારે 'બ્રહ્મા' એ પોતાના જમાણા હાથમાંથી ક્ષત્રિયોની ઉત્પત્તિ કરી બીજી રીતે જોવા જઈએ તો બ્રહ્માના માનસ પુત્ર મનુ અને મનુથી ક્ષત્રિયોની ઉત્પત્તિ થઈ પણ રાજપુત શબ્દ એ 'રાજપુત્ર' શબ્દ ઉપરથી આવ્યો છે. રાજપુત એટલે રાજાના દિકરા. ક્ષત્રિયોમાં મુખ્ય ૩૬ શાખાઓ છે.

દસ શશી કે દસ રવિ કે દાદશ ઋષિ

ચાર અગ્નિ વંશ પ્રમાન

---

૧૦૫. રૂબરૂ મુલાકાત : વાઘેલા, શ્રી નવઘણસિંહ બળદેવજી. કુકરાણા, તા. હારીજ, જિ. પાટણ.

આ રિત ૩૬ શાખા એમાંથી અત્યારે

લગભગ ૭૭ ઉપશાખાઓ છે.

આ ૭૭ શાખાઓમાંથી ઉત્તર ગુજરાતમાં વાઘેલા, સોલંકી, ચાવડા, રાઠોડ, બિહોલા, મહિડા, જાડેજા, પરમાર, મકવાણા, ઝાલા, દેવડા, ચૌહાણ, સોઢા, બારડ વગેરે શાખાઓ વધારે જોવા મળે છે. એમાં એ લગભગ સાતમી સદીથી તેરમી સદી સુધી આખા ગુજરાતની રાજધાની પાટણ રહેલ છે. અણહિલપુર પાટણની સ્થાપના વનરાજ ચાવડા એટલે કે ચાવડા વંશે કરી એ પછી સોલંકી વંશ પાટણની ગાદીએ આવ્યો. જેમાં કર્ણદેવ સોલંકીએ કર્ણાવતી એટલે હાલના અમદાવાદ વસાવ્યું અને આ જ વંશમાં પાટણની ગાદી ઉપર ભીમદેવ પહેલો, ભીમદેવ બીજો, પ્રતાપી રાજાઓ થયા ત્યારબાદ અમુક સમય પછી ચક્રવતી સમ્રાટ સિદ્ધરાજ જયદેવસિંહ પાટણની ગાદીએ આવ્યા. જેમના સમયમાં પોણા હિન્દુસ્તાન ઉપર પાટણની આણ હતી. જેમણે પોતાના રાજ્યનો બધીજ રીતે વિકાસ કર્યો. એમના જ સમયમાં સહસ્રલિંગ તળાવ, રુદ્ર મહાલય વગેરે સ્થાપનાના નમુનાનું બાંધકામ થયું. એમના સમયમાં વ્યાકરણનો મહાન ગ્રંથ 'સિદ્ધહેમ શબ્દાનુશાસન' કે જે જૈન આચાર્ય હેમચંદ્રાચાર્ય પાસે લખાવ્યો. એમના સમયમાં એવુ કહેવાય છે '૫૨' વીર અને '૬૪' જોગણી એમના ગુપ્તચરો હતા, જે હયાત માનવદેહ ધારી હતા. આખાય ભારત વરસ ઉપર પાટણની ધજા ફરકતી હતી. જેમને વાઘેલમાં ભુતાવળ તળાવ પણ બંધાવ્યું, ભીમદેવ પહેલાની રાણી ઉદયમતીએ પોતાના પતિની યાદમાં સાત કોઠાની રાણીની વાવ બંધાવી ત્યારબાદ પાટણની ગાદી ઉપર વાઘેલા વંશનું શાસન આવ્યું. તેમાં ગંગામહના દિકરા વ્યાઘ્રદેવ જેમને વાઘેલમાં બાથ સમુદાયના સિદ્ધયોગી વેરાનાથદાદાએ વાઘણનું દૂધ ખાઇને ઉછેર્યા હતા. તેથી સોલંકીમાંથી જન્મેલા વાઘેલા કહેવાયા. આ વ્યાઘ્રદેવના સમયમાં પાટણરાજ્યનો બધી રીતે વિકાસ થયો. ત્યારબાદ એમને વાઘેલમાં પણ રાજધાની સ્થાપી હતી. વાઘેલમાં વિરધવલ વાઘેલાનું શાસન હતું. જે મહાન તેજસ્વી અને પ્રતાપી રાજા હતા. ત્યારબાદ એમના ભાઈઓએ વિરમદેવ એ વિરમગામ વસાવ્યું. વિશળ દેવએ વિસનગર વસાવ્યું. વિરધવડાએ ધોળકા વસાવ્યું. વાઘેલમાં લવણ પ્રસાદે ભુતાવળ તળાવની બાજુમાં ઉણ સાગર નામનું મોટું તળાવ ખોદાવ્યું. પાટણની ગાદી ઉપર વાઘેલાઓએ લગભગ સો વર્ષ આસપાસ રાજ કર્યું અને પાટણને સોનાની નગરી જેવું બનાવ્યું.

સિદ્ધરાજ સોલંકીથી માંડી વિરધવલ, સારંગદેવ, વિશળદેવ, અર્જુન દેવ, વિરમદેવનો શાસન કાળ વાઘેલા અને સોલંકીનો સમય સુવર્ણકાળ કહેવાયો.

**દુહા**

(૧) કાશીથી કર્ણાટકા માંડવીથી માલવ દેશ
પ્રભુતા પાટણ તળી જય જય સિદ્ધ નરેશ

(૨) હુંફાળા જેતી વ્હુફણે આળું ઉંચો થાય
અરવલ્લીમાં આફણે તારી આહ રે અવનતી નાથ

(૩) જળ્યો મિનળે જયસિંહ આનર્તના અહો ભાગ
આવતી માથે માણું ફૂરે જતન કવાય રાગ.[૧૦૬]

### ૪.૪.૨.૨ રાજપૂત સમાજના લગ્નગીતો

**(૧) માંડવો :-**



**૪.૨૬ રાજપૂત સમાજ : માંડવા વિધિ**

શ્રી ભૂરી બા એ રાજપૂત સમાજની લગ્ન પરંપરાની વિસ્તૃત માહિતી આપતા જણાવ્યું કે, માંડવો એટલે લગ્ન શરૂઆત થતા જેની નીચે પ્રથમ ગ્રહ શાંતિ થાય છે અને વર-વધુ હથેવાડો ઝાણીની ફેરા ફરે છે એને માંડવો કહેવાય છે.[૧૦૭]

---

૧૦૬. રૂબરૂ મુલાકાત : વાઘેલા, શ્રી નવઘણસિંહ બળદેવજી. કુકરાણા, તા. હારીજ, જિ. પાટણ.
૧૦૭. રૂબરૂ મુલાકાત : શ્રી ભૂરીબા, કુકરાણા, તા. હારીજ, જિ. પાટણ

આ માંડવો ખીજડના વૃક્ષની ચાર લાંબી થાંભલીઓ અને ઝાડ (પિલુડીના) ડાળીઓ ઉપર નાખવામાં આવે છે અને એમાં રાહડો નામનું ઘાસ થોડું મુકવામાં આવે છે અને એની નીચે માણેક સ્થંભ મૂકવામાં આવે છે. જાંબુ, આસોપાલવના તોરણ બાંધવામાં આવે છે અને વિવિધ રંગની સાડીઓ અને દેશી ભરતના તોરણ આપી શણગારવામાં આવે છે અને એના ગીતો નીચે મુજબ છે.

(૧) મારો માંડવો રઢીણો લીલી પામરીએ

શણગારો માણા રાજ

વીરના પિતા જોઈએ તો રવિરાજ તેડાવો માણા રાજ

વીરના માતા જોઈએ તો રવિરાજ તેડાવો માણા રાજ

(૨) સીદડ વઢાવો માંડવા રોપાવો આખાના

તોરણ બંધાવો પેવુરાજી

સાસુ સંદેશે નહી કાગળી જોડણીને

આપણે તેડવા જઈએ

સાસુ ઓરડી એ નહી ઓસરી એ

જેઠાણી મેઢીના મોલ

સાસુ લે પ્રેમે નદીએ ધુપિયું જેઠાણી

એ ઓકણી પાડી

**(૨) વેલ (ખાંડુ) :-**



**૪.૨૭ વેલવિધિ**

જૂના જમાનામાં રાજપૂતના લગ્ન લેવાણા હોય અને યુદ્ધમાં જાવું પડે એ વખતે પોતાના પ્રતિક રૂપે તલવાર અને તલવારે મિંઢાણ બાંધીને એના કુટુંબના ચાર પુરુષ અને એક દિકરીને ગાડું જોડીને અને કન્યાને લઈ આવે કન્યા તલવારને ચાંલ્લા કરી પોતાના પતિનું પ્રતિક માની સાસરે આવે. રાજપૂત આવે ત્યારે એની સાથે ચાર ફેરા ફરે આને વેલ અથવા ખાંડુ કહેવાય છે. હજુ રાજપૂત સમાજનો રિવાજ ચાલુ છે કે કન્યાને વર પક્ષવાળા વેલ લઈ ને તેડી આવે પછી વરરાજાના ઘરે ફેરા ફરે. તેના ગીતો નીચે મુજબ છે.

(૧) ઉંચા ઉંચા દાદા ગઢણા ચાણાવો ગઢ થી
ગઢનો ગોમણે રે ગઢડે ચડીને બેની
એ જો જી રે
બેની ગોળો રઈવર શામળા રે

(૨) મારા ખેગણે આસપાલવના ઝાડે ઝાડે
બેઠા બે બગલા રે
બગલા રે ઉડી ગયા અગનાસ રે પાડ્યો
બે પગલો રે
દાદા મોરા આસુ હોય તે
પરદેશ સાથે ચાલુ
દાદા મોરા દેશના જોયા પરદેશના જોયા
કે દીકરીને દઈ દીધી રે.......

(3) પાછલી પછીતે થી કેસર ઉઘલ્યા રે
રથ વેલ્યુ હાલે ઉતાવળી રે
એ રે વેલ્યુ મારા દાદાજી બેઠા
રથ વેલ્યુ હાલે ઉતાવળી રે..
પાછલી પછીતે થી....

રાજપૂત સમાજમાં વેલ વિદાય એટલે કે દીકરીના વિદાય વખતે ગવાતા ગીતો

(૧) લીલુડા મગ વાયા વેગડા રે

એટલે બંધે તેડવા કુણ જાશે રે

લીલુડા મગ વાયા વેગડા રે

જાશે મારો વીરો પાતળો રે

લીલુડા મગ વાયા વેગડા રે

(૨) હાથ માં કોચકડી 'વેલા' જોડાવો

દીકરી કે દાદા કહી શેર સોના ટીપાવો

કડી મા આ આસુડો કડલો વસાવો રાજ....

આજ રે મોટાનો કુંવર પર ઘર જશે

પારકો કવાશે

રાજપૂત સમાજમાં મામેરું ભરતી વખતે ગવાતા ગીતો :

''તે વીરા ચાંદલીયા ઉગયો હરણી આથમી રે,

વીરા ક્યારે જોઈએ જોવું તમારી વાટ

'મામેરા' વેણા થઈ જશે રે લોલ.''

દીકરીને લગ્નને પછી પહેલી વખત પાછા પિયર આવતી વખતે ગવાતા લગ્નગીતો

(૨) કાળી રે કોયલ વન વગડે કેમ રેશો રે

ગોરો રે મારો બેની આ તમે ઓસરીએ કેમ રહેશો રે

મળી એ હાર સરવશો વશો રે વીરા વાટ જોશો

ઘોડલીની પચની વાગી રે વીરો આયો રે

દીકરીને ખોળો ભરતી વખતે ગવાતું ગીત :

લીલા આંબાનું વારીયું રે કાચા કસુબાતું કાપડુ રે

પેરો મારા બેની આ જાવુ તમારે સાસરે

સાસુ ને લાગી રઢ કાપડુ તો ઓરખુ રે

લાયા તમારા મા ને મુસાળ ખતિલો મામી એ મોકલાયા

બીલા આબાનું વારીયું રે....[૧૦૮]

---

૧૦૮. રૂબરૂ મુલાકાત : શ્રી ભૂરીબા, કુકરાણા, તા. હારીજ, જિ. પાટણ

### ૪.૪.૨.૩ રાજપૂત સમાજના લોકગીતો

લોકસાહિત્યના પ્રખર વિદ્વાન એવા આ સમાજના જ અગ્રણી શ્રી નવઘણસિંહ બી. વાઘેલા જણાવે છે કે મુગલ શાસનમાં ખંડિયા રાજપૂત રાજાઓને બાદશાહના દરબારમાં છ મહિના નોકરી કરવા જાવું પડતું ત્યાં જઈને દરબારમાં હાજરી આપતા. ક્યારેક તો રાજપૂત પરણીને હજી છ મહિના પણ નથી થયા અને નોકરીનો કાગળ આવે તો તે વખતે રાજપૂતાણીના હાથમાં આ કાગળ આવતા એને થાય કે મારે હવે પતિનો વિયોગ સહવો પડશે અને રોગવિચારી હાથમાં કાગળ લઈને ગીત ગાતા.

''ઉભી ઉભી ઉગમણે દરબાર રે
કાગળીયા રાજના રે
વણી વણી અધમણ રૂ ની દીવટો
સવામણ તેલે સિંચવ્યા રે લોલ.
બાળ્યા બાળ્યા બાર બાર ઘાણીઓના તેલ
તોય ના કાગળ ઉકલ્યા રે લોલ
ઉગ્યા ઉગ્યા ઉગમણા રે રવિભાઈરા
ત્યારે ઈ કાગળ ઉકલ્યા રે લોલ
લખી લખી આજુબાજુ સો સો રે સાબાજી
વચામાં વેરણે ચાકરી રે લોલ.''

બીજા લોકગીતમાં રાજપૂતાણી પોતાના પતિને કહે છે કે આટલા મોટા મહેલમાં એકલી કેવી રીતે રહીશ અને પછી આ લોકગીત ગાય છે.

આવડા મદીરમાં હુંતો એકલી રે લોલ
કેમ કરી મારા દખના દાડા જાય રે
પરણો હાલ્યા છે વેરણ ચાકરી રે લોલ
તમારે 'પરમાર' સૈઢર સામટી રે લોલ
રેજો રેજો રજવાડાની રીત
પરણો હલ્યા છે વેરણ ચાકરી...

એવા સમયે ચોમાસાની ઋતુ હતી અને આકાશના વાદળ ઘેરાયેલ હતી વીજળી થતી ઝીણી ઝીણી ધારે વરસાદ આવતો હતો ચોમાસું એ તાજા પરણેલા નવદંપતીને જુદા પાડતા વિરહ બહુ જ સતાવે છે ત્યારે રાજપૂતાણી આવા ગીતો ગાય છે.

આભમાં ઝીણી ઝબુકે વિજળી રે
કે ઝીણા ઝરમર વરસે મેઘ ગુલાબી નહીં રે
જાવા દઉ ચાકરી રે
ભીંજાય મેળાને ભીંજાય માળીયા રે
ભીંજાય મેળીની બેહતા રાણી રે
રાણી ગુલાબી નઈ જાવા દઉં ચાકરી રે
ભીંજાય હાથી ને ભીંજાય ઘોડલા રે
ભીંજાય હાથીનો બોડ તલ સુખલો
ગુલાબી નઈ જાવા દઉં નોકરી રે
તમને દરબારોની નોકરી રે
અમને વાલો તમારો નેહ રે
ગુલાબી નઈ રે જાવા દઉં ચાકરી રે

**લોકગીત**

''ધનરા પહેલા તે જુગમાં કોણ વદયુ
ધનરા એક ધરતી ને બીજું આભ
સભા રંગ જીત્યા પાંડવા
ધનરા આભે તે મેહુલા વરસાવીયા
ધનરા તરતી એ ઉગાડયા કણ
સભા રંગ જીત્યા પાંડવા
ધનરા બીજા તે જુગમાં કોણ વદયું
ધનરા એક ધોડીને બીજી ગાય

સભા રંગ જીત્યા પાંડવા

ધનરા ગાયાનો જાયો ખેતર ખેડતો

ધનરા ઘોડીનો જોયો દેશ-પરદેશ

સભા રંગ જીત્યા પાંડવા.''

## લોકગીત

સાસુને આંગણ ખાબલો રે સંગલાલ

વખતી આવે તને છાય રાજ સાંગલા

વહુનો વીરો વણઝારો રે સંગલાલ

સાસુને આવ્યા પરોણા એ સંગલાલ

મારો આવ્યો છે મારો વીર રાજ સીંગલા

વહુનો વીરો વણઝારો રે સંગલાલ.

## લોકગીત

ગાયો આડો ગોવાળીયો રે ગોવાળીયો રે...

કાય ભેંસ આડો થભ વિધાયતા ભેંસો

આડો ખભે

થંભે ચડીને દાદએ દેખિયો રે (૨)

કાંયે દીકરી જાય પરદેશ રે વિધાયતા

દીકરી જાય પરદેશ

હવે ના કરશો દાદા ખોરતા રે (૨)

એ તો લઈ ગયા અમારા લેખ રે

વિધાયતા લઈ ગયા અમારા લેખ

## લોકગીત

ગોરાદે એકવાર હોકો ભરી આવો

મારુજી ફૂંક્યો તમારો હોકો

મારુજી સૈયરો મેણા બોલે છે

ગોરાંદે એકવાર કડી શેર જાવા દો

ગોરાંદે દુર્ગના કડલાં વસાવું ગોરાંદે

એકવાર હોકો ભરી આવો મારુજી

ફૂંક્યો તમારો હોકો મારુજી.[૧૦૯]



૪.૨૮ લગ્ન પહેરવેશ

## શ્રીમંત વખતે ગવાતા ગીતો

વહુને પહેલો તે માસ આદરીયો રે

વહુએ કરી છે સહેલીને વાત

મીઠા મેળા રે

વહુને બીજો તે માસ આદરીયો

વહુ એ કહી છે પીયુજી ને વાત

મીઠા મેળા રે

વહુને ત્રીજો માસ આદરીયા

વહુ એ કરી છે સાસુને વાત

મીઠા મેળા રે

---

૧૦૯. રૂબરૂ મુલાકાત : શ્રી ભૂરીબા, કુકરાણા, તા. હારીજ, જિ. પાટણ

## લોકગીત

પેથાપુર ઓબા આંબલી મારુજી

પેથાપુર જાંબુડાની ડાળ રે બેહાંત બેડાં

વાઘર્યા મારુજી

સોના ઈંઢોંણી રૂપા બેડલું મારુજી

નણદણ લ્યો જાઈ પાણી સંચર્યા બે હાત....

ઈંઢોણી વપગાડી આંબા ડાળીએ મારુજી

ઘડો મેલ્યા સરોવર પાળ રે બે હાંત બેડાં...

કેડ મરડીને ઘડો મેં ભર્યા મારુજી

તૂટી મારા કમખાની કાંસ રે બેહાંત બેડાં...

વાપર્યા મારુજી

## લોકગીત

લીબડો વાવ્યો વઢિયાર માં (૨)

લીબડી વાવી લીલુડા દેશમાં

સાતકુલ રાજાના ઘરનો (૨)

એક ફૂલ હોય રે મારા મહિયરનું

આકખા રાજાના ઘરનાં (૨)

કડલા હોય રે મારા મહિયરનાં

## લોકગીત

માડવડા વેઠ ઢાળો રે બીજોઠીયા

કે જમણી મેલો કંકાવટી

તેડાવો જગ જોષીડાનો બેટો કે

આજ મારે લખવી રે કંકોત્રી

બંધાવો મારા વીરના છેડે કે

જાય મારા વાઘેલાના સાસરે



૪.૨૯ લગ્નફેરા

બેનીરે તમે સુતા છો કે જાગો
કે તમારા મહિયરીયે જગ માંડીયો
વીરા રે તમે કયા દેશના વાસી
કે કીયા ગામે તમારા બેસણાં
બેનીરે ગામે વઢિયાર દેશના વાસી
કુકરાણા ગામે અમારા બેસણાં
ઓળખ્યા ઓળખ્યા રે કોઈ માની
આંખોને અણસાર કે બાપની
બોલાશે વીરને ઓળખ્યા
વીર તમે રહો તો રાંધુ લાપસી
વીર રે તમે જાવાતો ઓસાળું સેવ....

**લગ્નગીત**

કુંવારા કાપ ચડ્યો રે કમાખ
સુંદર વરને નિરખવા રે
દાદા મારા રે જોજો એ વરનો
અતિ રૂડો રે
દીકરી મારા ક્યાં નવીને જોવા
કેશોને તમારા મન મોવા રે
દાદા મારા કોલેજ ભણવા દીઠા
એકારે મારાં મન મોયા રે
દીકરી મારા ક્યાં રહીને જોયા
કોને તમારા મન જોયા
દાદા મારા ભાઈબંધોમાં જોયા
વાનો રે મારા મન મોયા રે.[૧૧૦]

## ૪.૪.૩ ચૌધરી સમાજની લોકપરંપરાઓ :-

### ૪.૪.૩.૧ આંજણા ચૌધરીઓનો ઈતિહાસ :-



**૪.૩૦ આંજણા ચૌધરી સમાજ**

સૈકાઓ પસાર થયા છતાં સ્થળકાળે બદલાતા સમયની તડકા છાંયડામાંથી પસાર થતાં કોમ કે કુળ પોતાનું અસ્તિત્વ સંઘર્ષો વચ્ચે પણ બારોટોએ તેમના ચોપડામાં  અસ્તિત્વ બનાવી રાખેલ

૧૧૦. રૂબરૂ મુલાકાત : શ્રી ભૂરીબા, કુકરાણા, તા. હારીજ, જિ. પાટણ

છે. જેમાં પઢીયાર, સોલંકી, પરમાર, ચૌહાણ એ આબુ પર્વત ઉપર અગ્નીકુંડમાં ઉત્પન્ન થવાથી અગ્નિવંશી કહેવાય છે.

શ્રી ઈશ્વરભાઈ બારોટએ તેમના પુસ્તક 'આંજણા ઈતિહાસ'માં લખ્યું છે કે, તપોભૂમી અર્બુદાચળમાં મા કાત્યાયની અર્બુદાએ છઠ્ઠા અવતાર ઋષિ મુનિ દેવોને સહાય કરવાને, રાક્ષસોનો વધ કરવા આબુમાં કાત્યાયની ઋષિના આશ્રમમાં અવતાર ધારણ કરેલ તથા અગ્નિવંશના ક્ષત્રિયો આબુ વશિષ્ટ ઋષિના આશ્રમમાં અગ્નિમાંથી ઉત્પન્ન થયા છે, તેવું પવિત્ર તપોભૂમિ આબુના વર્ણનમાં જોવા મળે છે. પરશુરામએ ત્રેતાયુગમાં રામના વખતમાં તથા દ્વાપરયુગના કૃષ્ણના સમયમાં પણ હતા. એટલે કે ત્રેતાયુગ ઉતરતા અને દ્વાપરયુગ બેસતાં પરશુરામ હતાં. વશિષ્ટ ઋષિ વ્યાસમુનિ ભગવાનનો અવતાર છે.

વશિષ્ટ ઋષિ, રામ અને કૃષ્ણના વખતમાં હતા ને અગ્નિ વંશના ક્ષત્રિયો તેમના આશ્રમમાં માઉન્ટ આબુ પર ઉત્પન્ન થયા હતા. યુધિષ્ઠિર સંવત (બાવી બે બાોરટની ભાષા છે) ૨૨ હોવી જોઈએ તો યુધિષ્ઠિરના વખતમાં ને ૨૨૨ માં હોય તો અર્જુન પુત્ર અભિમન્યુ, તેનો પુત્ર શક્તિનો પુત્ર પરિક્ષિતના પુત્ર જન્મેજયના વખતમાં હોવા જોઈએ. અઢાર પુરાણ પરિક્ષિતના વખતમાં લખાયા છે.

અગ્નિ વંશના ક્ષત્રિયો યુધિષ્ઠિરના વખતમાં જ ઉત્પન્ન થવા હોવા જોઈએ. પરિક્ષિત રાજાના વખતમાં પરાસરની પત્નિ સત્યવતીના ઉદરથી ભગવાન વ્યાસ જન્મ ધારણ કરી ૧૮ પુરાણની રચના કરી, તેમા સ્કંદ પુરાણમાં અગ્નિ વંશના પરમારોની ઉત્પત્તિ વર્ણવેલ છે. એટલે પરિક્ષિત રાજા પહેલાં યુધિષ્ઠિરના વખતમાં અગ્નિવંશના ક્ષત્રિયો ઉત્પન્ન થયા હોવા જોઈએ એટલે યુધિષ્ઠિરનો સમય સંવત ૨૨ હોવો જોઈએ.

કૃષ્ણ ભગવાનના વખતમાં પાંડુરાજાના પુત્ર યુધિષ્ઠિર રાજાએ હસ્તિનાપુર દિલ્હીની રાજધાની સ્થાપી અને અશ્વમેઘયજ્ઞ કરી યુધિષ્ઠિર સંવત દોર્યો. તેમણે ૩૮ વર્ષ ૮ માસ ૨૫ દિવસ રાજ કરી હિમાલયમાં હાડ ગાળી કૃષ્ણ સાથે સ્વધામ ગયા છે. ત્યારપછી અર્જુનનો પુત્ર અભિમન્યુને તેના પુત્ર શક્તિના પુત્ર પરિક્ષિત રાજાએ હસ્તિનાપુર (દિલ્હીની) ગાદી આવ્યા તે પછી હસ્તિનાપુર દિલ્હીની ગાદી પર યુધિષ્ઠિરથી મહાનપાલ સુધી ૭૦ સિત્તેર રાજા થયા.

મહાનપાલને મારી વિક્રમે તેનું સિંહાસન હસ્તગત કર્યું તે યુધિષ્ઠિર સંવત ૩૧૦૫ દિલ્હીથી રાજધાની ઉજજૈન સ્થાપી.

ઈતિહાસમાં જણાવે છે ધોમરખ પરમારના વંશમાં કાળક્રમે ધૂમરાજ, ધંધુક, ધ્રુવભટ્ટ, રામદેવ, યશોધવલ વગેરે મહાપુરુષો થયા. તેમણે આબુગઢ ચંદ્રાવતી તથા ધારાનગર (ઉજ્જૈન) અને પ્રથમ રાજધાની માહેશ્વર વસાવેલ હતા.

ચૌહાણોની પ્રથમ રાજધાની બુંદીકોટા, રાજસ્થાન છે. સોલંકીઓનું લોહકોટ (લાહોર) છે. તેઓ પરીહાર, રાજધાની, મારવાડ જોધપુર આસપાસ વસેલા છે. મૂળ ચાર ક્ષત્રિયો અગ્નિવંશી છે. મૂળસ્થિતિમાંથી સમય મુજબ પરિવર્તન થયેલાં છે. તે ક્ષત્રિય કોમથી એક અલગ ઉમદા કોમ તરીકે પહેચાન મેળવી તે જાણી શકાય છે.

આંજણાકોમ મૂળમાં રાજપૂત સંસ્કારો ધરાવતી પરમાર અને ચૌહાણ વંશી ક્ષત્રિય કોમ હતી, તે સંજોગો બદલાતાં આંજણાકોમ તરીકે એક સ્વતંત્ર ખાનદાની ધરાવતી અને ક્ષત્રિયવંશના ઉચ્ચ લોહીના સંસ્કારોવાળી અલગ કોમ તરીકે સુપ્રસિદ્ધ થઈ છે. જાતિ ભાસ્કર તથા રાજસ્થાનનો ઈતિહાસ અને બારોટ ઈશ્વરલાલના ચોપડાના આધારે પરમાર ક્ષત્રિય વંશને ચૌહાણ ક્ષત્રિય વંશના રાજાઓ પેઢીઓની યાદી છે.

આંજણા કોમ અસ્તિત્વમાં આવી તેની પેઢીની યાદી પરમાર ક્ષત્રિયોએ આપી છે. પરમાર ક્ષત્રિય સાખ ૩૫ તેમના વંશ ખડકસેનથી દાનસુંગભાઈ સુધી પેઢી ૪૬ છે. આંજણા શાખા શરૂ થઈ ખડકસેનને ૮૨ પુત્રોના નામથી ૮૨ શાખા શરૂ થઈ.[૧૧૧]

ચૌધરી સમાજ વિશે ઈશ્વરભાઈ બારોટના જણાવ્યા પ્રમાણે ૧૭થી ૩૫ શાખાના જાગીરદાર ખેતી કરતા હોવાથી ચૌધરી શાખા નામ પડ્યું હતું અને વિ.સં. ૭૦ આસપાસ આંજણા ચૌધરી શાખા શરૂ થઈ તેવું મનાય છે.[૧૧૨]

### ૪.૪.૩.૨ આંજણા સમાજનો ઉદ્‌ભવ :-

શ્રી મૂળજીભાઈ ચૌધરીના જણાવ્યા મુજબ,[૧૧૩] બારોટની વહી પ્રમાણે અને લોકવાયકા

૧૧૧. બારોટ, શ્રી ઈશ્વરભાઈ. આંજણા ઈતિહાસ - પા.નં. ૫૫

૧૧૨. બારોટ, શ્રી ઈશ્વરભાઈ. આંજણા ઈતિહાસ - પા.નં. ૫૫

૧૧૩. રૂબરૂ મુલાકાત : ચૌધરી, શ્રી મુળજીભાઈ - પટોસણ

મુજબ પ્રસંગ એવો છે કે – વિ.સં.૭૭ ના ચૈત્ર સુદમાં અર્બુદા માતાના ગરબાનો પ્રસંગ ઉજવાઈ રહ્યો હતો, ત્યારે બ્રાહ્મણ કન્યાઓ માતાજીને પ્રાર્થના દ્વારા વિનંતી કરી જણાવ્યું. હે કરૂણામયી જગત જનની, ઈચ્છિત ફળ આપનારી, અમે તારી ભોળી બાલિકાઓ છીએ. અમારા ઉપર કૃપા કરી અમને સારો-સંસ્કારી વર પ્રાપ્ત કરો.

અને માએ જાણે તે બાલિકાઓની પ્રાર્થનાનો સ્વીકાર કર્યો હોય! તેમ તેમને ઈચ્છિત વર મળવાનો પ્રસંગ બની બેઠો.

આ ગરબા જોવા આવેલા અગ્નિવંશી કુમારોએ આ બાલિકાઓનું હરણ કરી લઈ ગયા અને લગ્ન કરવા જણાવ્યું.

ત્યારે આ બાલિકાઓએ કહ્યું કે અમે તો બ્રાહ્મણ કન્યાઓ છીએ. તે હકીકત જાણતાં, પછી આ કુમારો તે કન્યાઓને તેમના માતાપિતાને સોંપવા આવ્યા ત્યારે કન્યાઓના પિતાએ કહ્યું, તમે કોણ છો? અને અમારી કન્યાઓને કેમ ઉપાડી ગયા?

તેના જવાબમાં કુમારોએ જણાવ્યું, અમે ક્ષત્રિય કુમારો છીએ. લગ્ન કરવાના ઈરાદાથી અમે આ કન્યાઓને ઉપાડી ગયા હતા, પણ બ્રાહ્મણ કન્યાઓ હોવાથી પરત આપવા આવ્યા છીએ.

કન્યાઓના પિતા બોલ્યા, તમે અજાણ્યા હોઈ-કન્યાઓનું હરણ કરી ગયા, તેથી હવે તમે અમારી કન્યાઓ સાથે લગ્ન કરવા પડશે જ. પણ સાથે સાથે એ પ્રતિજ્ઞા પણ લ્યો કે, હવેથી તમે દારૂ-માંસને અડશો નહિ. અજાણ્યા હતા એટલે હવે તમારો વંશ આંજણા કહેવાશે અને એ રીતે તેમનાં લગ્ન થયાં. અને તેમનાં ફરજંદ તે આંજણા.

અગ્નિ વંશીય પરમારો અને ચૌહાણ બ્રાહ્મણ કન્યાઓનો વંશ ફૂલ્યો ફાલ્યો. પછી વર્ષો જતાં તેમાં તેમની પેટા જાતિઓનો ઉદભવ થયો.

ચૌહાણ અને પરમાર વંશના ક્ષત્રિયોમાંથી અજાણ્યા-આંજણા જ્ઞાતિ ઉદભવી. જે પછી ચૌધરી પટેલ તરીકે વિકસી તેમાં ઘણી શાખાઓ ફાલીફૂલી. ધરણીવરાહના પુત્ર ખડકસેનથી આંજણા વંશ શરૂ થયો. એવી પણ લોકવાયકા છે.

### ૪.૪.૩.૩ ચૌધરી સમાજના લગ્નગીત :-



**૪.૩૧ ચૌધરી સમાજના વરરાજાનો પહેરવેશ**

શ્રી હિમાંશું ચૌધરી-પટોસણ (લોકગાયક)ની સાથે રૂબરૂ મુલાકાતમાં તેમણે ચૌધરી સમાજમાં ગવાતા લગ્નગીતોની ગાઈની માહિતી આપી હતી.[૧૧૪]

✦ **લગ્નગીત**

**શ્રી ગણેશ**

(૧) ગણેશ દુંદાળા ને બત્રીસ કૂંદાળા
ગણેશ બેસાડો ઘઉંની કોઠીયે મારા ગણેશ દુંદાળા
ગણેશ બેસાડો ગોળનાં રવે રે મારા ગણેશ દુંદાળા
ગણેશ બેસાડો ઘીની ગોળિયે મારા ગણેશ દુંદાળા

(૨) જુનાગઢમાં ઢાળ્યા રે બાજોટિયા
બાપો ચ્યાણી આવશી
બાપા વિના ઘડિયો ના ચાલે, પા ઘડિયે ના ચાલે
જૂનાગઢમાં ઢાળ્યા રે બાજોટિયા
મામા ચ્યાણી આવશી

---

૧૧૪. રૂબરૂ મુલાકાત : ચૌધરી, શ્રી હિમાંશુ - પટોસણ (લોકગાયક)

બાપા વિના ઘડિયે ના ચાલે, પા ઘડિયે ના ચાલે.

**તાલ : દિપચંદી**

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સા | - | સા | - | ગ | ગ | મ | પ | - | મ | - | ગ | મ | પ |
| જૂ | - | ના | - | ગ | ઢ | માં | - | - | - | - | ઢા | ળ્યા | - |
| ૩ | | | | × | | | ૨ | | | | ૦ | | |
| પ | - | મ | - | ગ | સા | સા | - | - | સા | - | ગ | મ | પ |
| રે | - | બા | - | જો | ઠી | યા | - | - | બા | - | પો | - | ચ્યા |
| ૩ | | | | × | | | ૨ | | | | ૦ | | |
| મ | - | મ | - | ગ | - | - | સા | - | - | ન઼િ | - | સા | - |
| ણી | - | - | - | આ | - | - | વ | - | - | - | - | સી | - |
| ૩ | | | | × | | | ૨ | | | | ૦ | | |

**કંકોતરી**

(૧) પાંચ પડિકાં મેં તો મોતિનાં મંગાયા રે
પેલું પડિકુ મેં તો જોષી ઘેર મોકલ્યું
જોષીડે રૂડાં જોહડલાં જોઈ આલો
બીજું પડિકું મેં તો સોની ઘેર મોકલાયું રે
સોની રે રૂડાં ટુંપિયા ઘડિયાલો.

(૨) મારે ઓગણ રાય ચંપાનો છોડ કે
લગી લગી આવે છોયડો
એને છોયડો ભલાભાઈ રોણો પોઢિયા
લગી લગી આવે છોયડો
હરતા ફરતા ભલી વવુ રોણીએ પૂછિયું
પરણ્યાં તમને છેને આવે ઊંઘ તમને છેને આવે નેદ્રા
ઘેર મારે લાલભાઈનાં વિવાહ રે અમને હરખે આવે ઊંઘ
અમને હરખે આવે નિંદ્રા.

## ફલેકું (ફૂલેકુ)

(૧) ઘોડી હાલે ચાલે ને ડોગ ભરે રે સોભન ઘોડી ઝૂલે છે

ઘોડી જઈ ઉભી વેપારીનાં હાટ રે

સોભન ઘોડી ઝૂલે છે.

વેપારી કરો તમારી પાઘડિયોનાં મુલ રે

સોભન ઘોડી ઝૂલે છે

ઘોડી જઈ ઉભી સોનીડાનાં હાટ રે

સોભન ઘોડી ઝૂલે છે

સોની કરો તમારા ટુંપિયાનાં મુલ રે

સોભન ઘોડી ઝૂલે છે.

**તાલ : દિપચંદી**

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ગ | - | પ | - | મ | - | - | ગ | - | સા | નિ̣ | સા | સા | - |
| ઘો | - | ડી | - | હા | - | - | લે | - | ચા | - | લે | ને | - |
| ૩ | | | | × | | | ૨ | | | | ૦ | | |
| ગ | - | પ | - | મ | - | - | ગ | - | સા | ગ | ગ | - | - |
| ડ | - | ગ | - | ભ | - | - | રે | - | શો | - | ભ | ન | - |
| ૩ | | | | × | | | ૨ | | | | ૦ | | |
| મ | - | પ | - | મ | - | - | ગ | - | સા | નિ̣ | સા | - | - |
| ઘો | - | ડી | - | ઝૂ | - | - | લે | - | - | - | રે | - | - |
| ૩ | | | | × | | | ૨ | | | | ૦ | | |

(૨) ભાઇને મેમાઇની ભાતોનાં ધોતિયાં

ભાઇને કલગેરની છે કોર

બાળો વર ઘોડે ચડ્યાં

ભાઇનાં બાપાજી સાથે ઘોડે ચડ્યાં

ભાઇની માટીનાં હલચ્યાં છે દલ

બાબો વર ઘોડે ચડ્યાં.[૧૧૫]

---

૧૧૫. રૂબરૂ મુલાકાત : ચૌધરી, શ્રી ભીખીબેન - પટોસણ

## પીઠી

(૧) ઘઉં રે મગોની પીઠડી

રાય રાય ચંપાના તેલ

ચોળો વ્હાલા ભાઈની પીઠડી

હરતે ને ફરતે બાપો જોઈ વળ્યાં

એમનો દિકરો પરણ્યાં જોગ હોય

ચોળો વ્હાલા ભાઈની પીઠડી

(૨) હાથ પગ ધોવે રે ડાવળિયો

મુખડાં સમારે વરની માડી

ઓસોનાં મોર ચોળે એમની ભાભી

લાડકડાને લાડ લડાવે એમનાં વીરા.

### તાલ : કેરવા

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સા | સા | ગ | મ | પ | - | પ | મ | ગ | મ | પ | મ | ગ | - | સા | - |
| હા | થ | પ | ગ | ધો | - | વે | - | રે | - | ડા | - | વ | ળિ | યો | - |
| × | | | | ૦ | | | | × | | | | ૦ | | | |
| સા | સા | ગ | મ | પ | - | પ | મ | ગ | મ | પ | મ | ગ | - | સા | - |
| મુ | ખ | ડાં | સ | મા | - | રે | - | વ | ર | ની | - | મા | - | ડી | - |
| × | | | | ૦ | | | | × | | | | ૦ | | | |

## મેંદીનો ગીત

(૧) આંગણે આસોપાલવનાં ઝાડ રે

કે બગલાં બેસી રહ્યાં રે

બગલા ઊડી ગયા આકાશ

કે પગલાં પડી રહ્યાં રે લોલ

બેની તમે શું રે કરો વિચાર

લેખ તમારા લખાઈ ગયા રે લોલ

બાપા એ ના જોયો શેર પરદેશ

ગામડામાં સોપી દિધા રે લોલ.[૧૧૬]

## માંડવો

(૧) મારો માંડવ શો રઢિયાળો સોહન ફૂલકે છાંયો રે

મારે માંડવે સૌ લોક આયા, લોભી કાકોના આયા

લોભી કાકા લોભ ના કરીયે, અવસર આયોસોહે રે

અવસરિયા તો કાલ વહી જાશે

ભવનાં મેણ રહી જાશે રે



૪.૩૨ લગ્નફેરા

## જાન વિદાયના ગીતો

(૧) બાપા અમને આલવું હોય એ આલો

પરદેશી સાથે ચાલવું મારા રાજ

---

૧૧૬. રૂબરૂ મુલાકાત : ચૌધરી, શ્રી દીનાબેન - હોડા

બાપે આલ્યા હાથીડાંના દોણ

અંબાડી આલી સોભતિ મારા રાજ

**તાલ : દીપચંદી**

| | | | |
|---|---|---|---|
| સા - ધ઼ - | સા સા - | ગ મ રે ગ | પ - - |
| બા - પા - | અ મ - | ને - - - | આ - - |
| ૩ | × | ૨ | ૦ |
| પ - પ મ | ગ ગ - | મ પ ગ મ | પ - - |
| લ - વું - | હો ય - | એ - - - | આ - - |
| ૩ | × | ૨ | ૦ |
| પ - પ મ | ગ ગ - | મ પ ગ મ | પ - - |
| લો - પ ર | દે શી - | સા - થે - | ચા - - |
| ૩ | × | ૨ | ૦ |
| પ - ગ - | - - - | રે - સા - | સા સા - |
| લ - વું - | - - - | મા - રા - | રા જ - |
| ૩ | × | ૨ | ૦ |

(૨) લીલુડાં મગ વાયા વેગળાં

એટલે છેટે તેડવા કોણ જા'શે

લીલુડાં મગ વાયા વેગળાં.

એટલે છેટે વીરો, તેડવા જા'શે રે

લીલુડાં મગ વાયા વેગળાં.....

**ફટાણા**

(૧) કડાયાંમાં રોધ્યો છે ગુંદ

ગુંદ રહ્યો છે બરબરો

ભલા વેવાઈ થોડેરો જમજો

નકર ચડશે આફરો

મારા ગોમમાં નથી કોઈ વૈદ

ઉતારે તમારો આફરો

ભલી વેવાણ થોડેરો જમજો

નકર ચડશે આફરો

મારા ગોમમાં નથી કોઈ વૈદ

ઉતારે તમારો આફરો

(૨) શેજડેથી ઊતરી ચંદન ઘો

વેવાઈ તારી કાછડીમાં પેઠી ચંદન ઘો

અરર અરર પીડા થાય છે બઉં રે

ચીયા ભઈ જમોન થાય તો ખેંચી કાઢે બાર

જમોનીમાં ચૂક પડી ઠેલી મેલો માંય રે.

**જાન આગમન**

(૧) લાડી અડદ વેરાવું તારા સમાડે

તારા સેમાડીયો ને વર જોવા મેલ

મારા જેશંગભાઈનો ફેટો હિર ભર્યો

લાડી અડદ વેરાવું તારા ગોદરે

તારા ગોદરિયોને વર જોવા મેલ

મારા જેશંગભાઈનો ફેરો હિર ભર્યો.

**તાલ : દિપચંદી**

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ગ | - | પ | - | મ | મ | - | ગ | મ | ગ | સા | સા | સા | - |
| લા | - | ડી | - | અ | ડ | - | ધે | - | વે | - | રા | વું | - |
| ૩ | | | | × | | | ૨ | | | | ૦ | | |
| ગ | - | મ | પ | મ | ગ | - | ગ | - | સા | - | સા | - | - |
| તા | - | રા | - | સે | - | - | મા | - | - | - | ડે | - | - |
| ૩ | | | | × | | | ૨ | | | | ૦ | | |

(૨) બાપા ઘોડલિયાં શણગારી મોકલો

વેવાઈનો છિયો પૈણવા આવે

દિકરી નથી આપણાં મોટા ઘરોની રીત

વેવાઈનો છિયો એની ઘર જે આવે

વીરા હાથીડાં શણગારી મોકલો

વેવાઈનો છિયો પૈણવા આવે.

## લગ્નવિધી

(૧) કાળી કાળી વાદળીમાં વિમાન ચાલે

નીચેની દુનિયા જોયા કરે

ભણેલા સેજલબુન ઘડિયાલ જો

અભણ જેશંગભાઈ ટાઈમ પૂછે

ભણેલા ગનીબુન કાગળ વાંચે

અભણ ભોળાભાઈ સવાલ પૂછે

**તાલ : હીંચ**

| | | | |
|---|---|---|---|
| ધ઼ -સા સાસા | સા રેસા નિ઼ | સા ગમ ગ | મ - -- |
| કા -ળી કાળી | વા દળી માં | વિ મા- ન | ચા - લે- |
| × | ૦ | × | ૦ |
| સા ગમ ગ | ગ પમ - | ગ -ગ રે | નિ઼ સાસા રે |
| વિ મા- - | ચા લે- - | ની -ચે ની | દુ નિ- યા |
| × | ૦ | × | ૦ |
| ગ -ગ રે | રે સા- -- | | |
| જો -યા - | ક રે- -- | | |
| × | ૦ | | |

(૨) મધ બેઠા રે કંબોયો ને ઝાડ

કે મધડાં રે રળિયામણાં

મધ લેશ રે સોનાને વાટકડે

કે મધડા રે રળિયામણાં

મધ ગળશ રે પોપરિયો ને છેડે

કે મધડાં રે રળિયામણાં

મધ ખાશે રે મારાં ચિયા ભાઈના વીરા

કે મધડાં રે રળિયામણાં.

### વર-કન્યા વધામણાં

(૧) ઉભા સી મારે ઉભા સી છેલ છબિલા ઉભા સી

પૂંખી સી ભાઈ પૂંખી સી થાબડ દોડી પૂંખી સી

ઉભા સી મારે...

પૂંખી સી ભાઈ પૂંખી સી થાબડ દોડી પૂંખી સી

(૨) રવાયે મત પૂછ રે વેવાણ

રવાયો તારે ઝેરવા થા'શે

હંબેલે મત પૂછ રે વેવાણ

હંબેલું તારે ખાંડવા થશે

ડોકલે મત પૂછ રે વેવાણ

ડોકલા તારા ડોબ ખા'શે.[૧૧૭]

### ૪.૪.૩.૪ મરસિયા (લાશ પડી હોય ત્યારે)

(૧) પોણિયા રે ઘી નો દિવડો ને મુખમાં તુલસીનું પાન

ભાને છોડી દીધો સંસાર

પેલો વિસામો ઘરનાં ઓરડે,

બીજો વિસામો ઘરની બાર

ભાને છોડી દીધો સંસાર

ત્રીજો વિસામો ગામના ગોદરે

ચોથો વિસામો સ્મશાન

ભાને છોડી દીધો સંસાર

(૨) આયા કૃષ્ણના કાગળ, આયા રામનો વિમોન

કાગળ વાંચીને જવાય, વીમોન બેસીને જાવાય

રામ તમે ઘડી ઉભલારો અમને દાતણ કરવા દો

---

૧૧૭. રૂબરૂ મુલાકાત : ચૌધરી, શ્રી વર્ષાબેન - પટોસણ

જીવતારે આખી જીંદગી થઈ, તોય દાતણ ડોળપાને

રામ તમે ઘડીક ઉભલારો, નાવણ નાવાદયો

જીવતારી આખી જીંદગી જઈ તોય નાવણ કર્યા નૈ

## નાવા જાય ત્યારે

(૧) વેલ ઊભી રાખોને તિરથવાસી

તમે તિરથ વાસી ને અમે ઉપવાસી

વેલ ઊભી રાખોને... તિરથવાસી

આ પીત્તળ લોટા જળે ભર્યા

તમે દાતણ કરો ને પછી જોવ કાશી

વેલ ઊભી રાખોને તિરથવાસી

**તાલ : હીંચ**

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| – | ગ | રે | નિ̣ | નિ̣ | સા | ગ | – | ગ | ગ | – | ગ |
| – | વે | લ | ઊ | ભી | રા | ખો | – | ને | – | – | તિ |
| ૦ | | | × | | | ૦ | | | × | | |
| રે | રે | રે | રે | – | સા | | | | | | |
| ર | થ | વા | સી | – | – | | | | | | |
| ૦ | | | × | | | | | | | | |

(૨) પટોસણ શે'રી રે પ્રભુજી મારી ગોકુળ જેવી

સૂની મેલી નથી પણ મેલવી રે પડશે

મરવા ટાંણે રે પ્રભુજી મારી શી ગતિ થા'શે

રામ-લખમણ જેવા રે પ્રભુજી મારે બબે દિકરાં

સૂના મેલ્યા નથી પણ મેલવા રે પડશે.[૧૧૮]

---

૧૧૮. રૂબરૂ મુલાકાત : ચૌધરી, શ્રી દીનાબેન - પટોસણ

## ૪.૪.૪ પાટીદાર સમાજની લોકપરંપરાઓ :-

### ૪.૪.૪.૧. ઈતિહાસ :-

''જેના ત્યાં એક ગાવડી બે બળદ ઈ જ કણબી ઘર''

ગુજરાતની હિંદુ વસતી ચોથો ભાગ લેઉઆ અને કડવા પાટીદારોનો છે એવુ એક સૂત્રનું માનવું છે. આ ખેડૂત જાતિને માટે વપરાતા શબ્દોનો ઈતિહાસ રસિક છે. મૂળ સંસ્કૃત શબ્દ છે. કુટુંબીના એમાંથી કુટુંબી થયો. નરસિંહરાવ દિવેટીયા માનતા કે એમાંથી ત્રણ શબ્દો આવ્યા. કુર્મી, કુળુબી અને કુણબી. કુણબી પાછળથી કણબી બન્યો.

જે માણસ ખેતી કરે અથવા કરાવે એ કુટુંબીન ! મહારાષ્ટ્રમાં કુળબી અને કુણબી બન્ને શબ્દો વપરાય છે. બંગાળ, બિહાર, માળવા, ગુજરાત, મહારાષ્ટ્ર અને તામિલનાડુ સુધી પ્રાચીન લેખો. તામ્રપત્રોમાં કુટુંબીન શબ્દ મળે છે. બિહારમાં આજે પણ કુર્મી છે. બંગાળમાં કર્મકાર પ્રચલિત છે. મહારાષ્ટ્ર તથા કર્ણાટકમાં પાટિલ શબ્દ મશહૂર છે. દક્ષિણમાં કુનબી પણ મળી આવે છે.



**૪.૩૩ પાટીદાર સમાજ : વેશભૂષા**

પ્રોફેસર મોનીઅર વિલીઅમ્સના મત અનુસાર કુર્મી એટલે વીર્યવાન ઈતિહાસકારોના મત પ્રમાણે નાગપુરના શાસકો અને શિવાજી વગેરે કુર્મી વંશમાંથી આવ્યા હતા. આ કુર્મીના અપભ્રંશ એ જ કણબી શબ્દ છે.[૧૧૯]

---

૧૧૯. બક્ષી, ચંદ્રકાંત. મહાજાતિ ગુજરાતી – પા.નં. ૩૫

ગુજરાતમાં પાટીદારોની ચાર મુખ્ય પેટાજાતિઓ છે - આંજણા, લેઉવા, કડવા અને મારીઆ. ગુજરાતના કણબી પંજા અને માળવાના ગૂર્જરોને મળતા આવે છે અને એમનામાં પણ લેઉવા અને કડવા એવા બે વિભાગ છે. એવું મનાય છે કે કનિષ્કના સમયમાં પંજાબના ગુજરાત પ્રદેશના કેટલાક ગૂર્જરોએ વતન છોડ્યું અને કૂર્મીઓ એમની સાથે નીકળ્યા. મથુરા થઈને એ આનર્ત પ્રદેશમાં આવ્યા. આ આનર્ત પ્રદેશ એટલે વડનગર હોઈ શકે અથવા ઊંઝા, સિદ્ધપુર, વડનગરોનો વિસ્તાર હોઈ શકે, જે આજે પણ ઉત્તર ગુજરાતમાં છે.



**૪.૩૪ પાટીદાર ખેડૂત**

અહીં બે નગરોનો ઉલ્લેખ મળે છે. ઉમાપુર અથવા ઉક્કાનગર કે ઊંઝા. એ કડવા પાટીદારોની કુળોવી ઉમિયામાતાનું સ્થાન છે. આ પ્રદેશમાં જ શ્રી-સ્થળ હતું. જે આજે સિદ્ધપુરને નામે ઓળખાય છે. આ પ્રદેશો આજે પણ કડવા પાટીદારનાં કેન્દ્રો છે. બીજું નગર આનંદપુર છે, જે કદાચ ખેટક પ્રદેશમાં હતું. કેટલાક વિદ્વાનો આને વડનગર માને છે, બીજા કેટલાક વિદ્વાનો અને કાઠિયાવાડના વળા પાસે આવેલું આનંદપુર માને છે. પણ હકીકતમાં એ ખેટક અથવા ખેડા પ્રદેશનું આનંદપુર અથવા આજનું આણંદ છે, આજે પણ લેઉવા પાટીદારોની મુખ્ય વસતી આણંદ અને એની આસપાસના ચરોતરમાં છે.

ઉત્તર ગુજરાતના આંજણા પાટીદારો મુખ્ય જાતિની એક પેટાજાતિ છે. એમની અટક ચૌધરી હોય છે. એ માંસાહાર અને મદ્યપાન કરતા. રાજપૂતોની જેમ એમના નામમાં 'સિંહ' આવતું હતું. ચૌધરી જૂના જમાનામાં સફેદ સાફા પહેરતા. લગ્નોમાં લાલ સાફા બાંધતા. આજે પણ ચૌધરીઓ ઉત્તર તરફ છે.

માટીઆ મૂળ લેઉવા પાટીદારોની એક પેટાજાતિ છે અને સુરતના બારડોલી તરફ એમની

વસતી હતી. અમદાવાદ, વીરમગામ અને પાટડી તરફ ચાંલ્લીઆ પાટીદારો વસે છે. લગ્નમાં લેવાતા ચાંલ્લા અથવા ચાંદલા પરથી આ નામ પડ્યું છે. ચાંલ્લાના પાટીદારોના બહુપત્નીવ્રત જેવી જૂની પ્રથાઓ ચાલતી.

કડવા પાટીદારોમાં સમૂહલગ્નની એક પ્રથા ચાલતી, હજી પણ ચાલે છે. દર દસ વર્ષે અખાત્રીજ અથવા વૈશાખ સુદ ત્રીજને દિવસે પુષ્કળ લગ્નો થઈ જાય. આ સમય માંડવરાત તરીકે પણ ઓળખાય છે. પંદરેક દિવસના ગાળામાં બીજો પણ એક દિવસ નક્કી થાય, જ્યારે ન પરણી શકેલાઓનાં લગ્ન થાય. જો મુરતિયો ન મળ્યો હોય તો ફૂલના દડા સાથે લગ્ન થાય, પછી એ દડાને તળાવમાં પધરાવી દેવાય, કન્યા વિધવા ગણાય અને પછી એનું લગ્ન થઈ શકે. એમનામાં વિધવાવિવાહ હતો, સ્ત્રી સ્વાતંત્ર્ય હતું પણ પ્રતિષ્ઠિત મધ્યમવર્ગના લોકોના નાતરું કે પુનર્લગ્ન ખાસ થતાં નહીં. લગ્નગાળો દર દસ વર્ષે જ આવે એ આ પ્રથાની વિશિષ્ટતા છે.

જેમ કડવા પાટીદારોની કુળદેવી ઊંઝામાં સ્થાપિત છે, એમ લેઉવા પાટીદારોની કુળદેવી અમદાવાદ પાસેના અડાલજમાં છે. લગભગ ૧૨મી સદીમાં સિદ્ધરાજ જયસિંહનું શાસન હતું ત્યારે ગંગા-જમનાના દોઆબમાંથી ૧૮૦૦ પરિવારો આવીને ગુજરાતમાં સ્થાયી થયાં. પ્રથમ એમની વસાહત પાટણમાં બની. કાળક્રમે એ અડાલજ આવ્યા, ધીરે ધીરે એ ફેલાતા ગયા અને ચરોતરમાં જામી ગયા. એમનાં સંતાનો એટલે આજના લેઉવા પાટીદારો.

લેઉવા પાટીદારોની પટેલ, અમીન કે દેસાઈ અટકો હોય છે, પણ પટેલ ૯૫ ટકા છે. બે પેઢી પહેલાં 'પા જયંતિભાઈ શિવાભાઈ' એમ લખાતું. આમાં 'પા' એટલે પાટીદાર. પછી જ્યંતીભાઈ શિવાભાઈ પટેલ એવો પ્રયોગ આવ્યો. આજે તે જયંતી પટેલ થઈ ગયું છે.

જો પાટીદાર સૌથી વિશેષ લેખે ચડ્યા હોય તો એમના 'કુરિવાજોને કારણે! લેઉવાઓમાં છોકરો જન્મે તો ખુશી થાય. છોકરી આવે તો મન જરા ઉદાસ થઈ જાય. કારણ કે દહેજ એ પાટીદાર જીવનવ્યવસ્થાનું એક મહત્ત્વપૂર્ણ અંગ છે. પાટીદારની કંકોતરીમાં ચાંલ્લો કે ભેટ ન લાવવાની વિનંતી ભાગ્યે જ જોવા મળે છે. છોકરીને આપવાનું હોય છે, છોકરામાં લઈ લેવાનું હોય છે. આ આપ-લેથી સમાજનું સંતુલન રહે છે. આર્થિક સંતુલન!'[૧૨૦]

---

૧૨૦. બક્ષી, ચંદ્રકાંત. મહાજાતિ ગુજરાતી - પા.નં. ૪૦

પાટીદાર સમાજમાં લગ્ન એક બહુ મોટી ઘટના છે. બહેનની પુત્રી. પાટીદાર ભાષામાં 'ભાણી'નું લગ્ન કરાવી આપનાર ગૃહસ્થો પણ ચાંલ્લો, કપડાં, ભાણેજવરને સૂટ બધું જ અપાય. દહેજ એ કક્ષાએ છે કે પુત્રીને સાબુ, તેલ, તેલનું વાસણ, અર્થાત્ સ્ટીલની બરણી, કિચનસેટ એટલે કે સાણસી, ચમચા, ચીપિયા પણ આવી જાય. ગેસની ટાંકી અને પાછળથી ઘઉં દળવાની ઘંટી પણ અપાય છે. સોનું, ફ્રિજ, ટી.વી., સેટ, ફિયાટ કાર આપવાની વાત સાંભળવી એમાં આશ્ચર્ય નથી. ક્યાંક સુધારક પ્રવૃત્તિ આવી છે. જેમ કે અકસો જાનૈયા જ જાય અથવા પંદર તોલા સોનું જ અપાય અથવા વાજાં પણ ન વાગે ! પણ બંધારણમાં રહીને આ પ્રવૃત્તિ કરવાની વાત ઓછી છે. લખલૂટ ખર્ચ કરવો પડે એ ઉચ્ચ મધ્યમવર્ગ સ્થિતિ છે.[૧૨૧]

ભવાઈના વંશોને અને પાટીદારોને સંબંધ છે. હેમાળા પટેલે એમના ગુરુ અસાઈતને ઊંઝા લાવીને જમીન અને ઘર આપ્યાં હતાં. એમને ત્રણ દીકરા થયા એટલે ત્રણ ઘરો બનાયાં. નવી વાત ઊભી થઈ જે ત્રિઘરા કહેવાઈ. પાછળથી આ શબ્દ અપભ્રંશ થઈને તરગાળા બન્યો. હેમાળા પટેલે અસાઈતને વચન આપ્યું હતું કે મારું કુળ રહેશે ત્યાં સુધી તમારું ભરણપોષણ કરશે. ભવાઈ પ્રકાર ઉપહાસ અને કટાક્ષ દ્વારા પરોક્ષ રીતે સુધારાપ્રવૃત્તિ કરતો હતો. અસાઈત ઠાકોરે ઘણા વેશ લખ્યા. પણ પાટીદાર કે કણબીનો વંશ લખ્યો નથી ! કદાચ પાટીદારોના આશ્રિત હોવાને કારણ ભવાઈની ઉત્પત્તિ સાથે આ હેમાળા પટેલનો સંબંધ છે.[૧૨૨]

### ૪.૪.૪.૨ પાટીદાર સમાજના લગ્નગીતો :-

પાટીદાર સમાજના વિશિષ્ટ લગ્નગીતો બાલીસાણાના શ્રી ભીખીબેન પટેલ દ્વારા જણાવવામાં આવ્યા છે.[૧૨૩]

---

૧૨૧. રૂબરૂ મુલાકાત : પટેલ, શ્રી મનુભાઈ - બાલીસણા, જિ. પાટણ.

૧૨૨. રૂબરૂ મુલાકાત : રાવલ, શ્રી વિનાયકભાઈ - ઊંઝા, જિ. મહેસાણા

૧૨૩. રૂબરૂ મુલાકાત : પટેલ, શ્રી ભીખીબેન - બાલીસણા, જિ. પાટણ.

## ગણેશ સ્થાપન ગીત

પાછલી પછેથી બેસાડ્યા ગણેશ
બારહોટ બેઠી ઢુબડી રે,
ઢબુડી કે બકા ભઈ ઘેર નાર ક,
તળક બેઠી તપ કર રે.

## ખીજળીયાંનું ગીત

સીજળ વધાવો ન માંડવા રોપાવો,
કાં'હાની થાળીમાં લક્ષ્મી અજવાળે
સીજળ વધાવો ન માંડવા રોપાવો
ત્યારે પરણે દેવતઈ લોક ક
કરસન જી પાલખી સુવરાવો.

## શુકનનું ગીત

શકન જોઈ ન સોંચર જો રે
સોમો મળીયો સ જોષિડો રે
ગોરી તાર લીધેલા ચોં ઓણાં રે
ચડશે ગોકુળમાંનો કોનો રે
પાતળીયા પોણી લઈ સોંચર જો રે
જમના ને તેડે સાચા હિરા રે
એવા મારા આયુશ ભઈ ના વિવારે

## ઉકરડીનું ગીત

ઉકેળીમાં નાચે ભમોરજીરે

નાચ સ તો નાચવા દેજો ભમોરજીરે

કાળી સ પણ ભલી સ ભમોરજીરે

## ગ્રહશાંતિનું ગીત

ગ્રહશાંતિ કરતાં ગોરી રિસાઇ ન બેઠાં રા,

સસરો મનાવો તો હું મોનું લાડલી

આછા ગુંગટ ગોરી ન વાલેરા લાગ્યા.

## મામેરાનું ગીત

નવરે નગરના લવારી મન દિવડો ઘડિયાલે,

દિવડો ઘડેલો વાલો ચોંનું ચોરાશીનું ચાડુ

દિવડો મેલે સોંમા ઓરડે

ત્યારે ખંડે અજવાળું !

નવલા વેવાઈ એ પૂછ્યું દિવડો કોને મોકલ્યો

અમારા ચિરાગ ભઈ ના મોમાએ

એમના મોકલ્યો.

## માંડવડો, તોરણનું ગીત

મારો મોંડવડો રઢિયાળો

લીલી પોંદડીયો સોહાવો મારા રાજ

સોનાના સ્થંભ જડાવો મારા રાજ

ઓંબા નો તોરણ બંધાવો મારા રાજ.

## જાન પ્રસ્થાનનું ગીત

લગને બાજોઠિયા ને સુથારે ઘડિયા
જળતા ગુગરીયા ન મોતિડે જડિયા
કુંવારી કન્યા એ કાગળ લખી રે મોકલ્યા
વલેરા આવો રે રોણી ના જાયા.
હું કેમ આવું દાસી નીરે સોડિ
આગળ દરિયાને સમદંર ભરિયા
દરિયા બરોબર વોણ્યોથી પાવો
વોણે બેસીને તમે જલદી રે આવો

(૨)

લાડણો લળી લળી રે પાછું જુવે
જાણે એના દાદારે સાથે રે આવે
ખેરવા તે ગોમ વિરલે વિસારી મેલ્યાં
પાલેજ તે ગોમ વાલાં લાગ્યાં વિષ્ણુ ભઈ વિરલા.

## ફટાણાં

મારા શેરીએ વેપારી, વેપારી લાયો કંઠીઓ
ઓરો ઓરો બળદેભાઈ કંઠીઓ
મારા ઘેર વંઠેલ નાર કંઠી શું રે કરું
મારા શેરી એ આયો વેપારી, વેપારી લાયો કથરોટો
આરો આરો વિષ્ણુ ભઈ નાર
મારા ઘેર પથરો નાર કથરોટો શું રે કરું

## પાટેની ઉઠાડો

કાકા મોમા ઓરેરા તેડાવો રે

નિલેષ ભય ન પાટેથી ઉતરાવો

## પીઠી

એક ઘવ રે મગોની પીઠડી

પીઠી ઓળો આયુષ ભઈ ન પીઠડી

એમના દાદા હૈયે હરખ ન માયા

એમના આવતા દાદા જોઈ વળ્યા,

એમનો દિકરો પરણ્યે હરખ ન માય

કે ચોળો આયુષ ભય ન પીઠડી.[૧૨૪]

૧૨૪. રૂબરૂ મુલાકાત : પટેલ, શ્રી ભીખીબેન – બાલીસણા, જિ. પાટણ.